દૈનિક મુંબઈ સમાચાર
સૌરાષ્ટ્ર આવૃત્તિ
૨૦૪ વર્ષ
R.N.I. No. GUJ GUJ /2013/58486 *
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તક: ૨૦૪ ■ Volume 68 ■ Issue 164 ■ વિક્રમ સંવત ૨૦૮૧
■ અષાઢ વદ-૨ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 12 July 2025, Saturday ■ REGD.No. MCS/058/2018-20
શનિવાર, ૧૨ જુલાઈ ૨૦૨૫, કિંમત ₹ ૧૦.૦૦
વીકએન્ડ પૂર્તિ
LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# ભારત-ઈંગ્લૅન્ડ મૅચ: ડ્યૂક્સ બૉલનો વિવાદ ચરમસીમાએ

## શુભમન ગિલ અને ફાસ્ટ બોલર સિરાજ અમ્પાયર પર ભડક્યા



**બૉલની બબાલ:** લૉર્ડ્સમાં ગઈ કાલે ખામીવાળા ડ્યૂક્સ બૉલ વિશે અમ્પાયર સાથે ચર્ચા કરી રહેલા ગિલ, સિરાજ અને આકાશ દીપ. (પીટીઆઈ)

લંડન: ભારત અને ઇંગ્લૅન્ડ વચ્ચે ઍન્ડરસન-તેન્ડુલકર ટ્રોફીના બૅનર હેઠળ રમાતી પહેલી બે ટેસ્ટમાં ખામીયુક્ત ડ્યૂક્સ બૉલને લગતો વિવાદ ખાસ કંઈ નહોતો ચગ્યો, પણ લૉર્ડસની ત્રીજી ટેસ્ટમાં આ બૉલની બબાલ ચમરસીમાએ પહોંચી ગઈ છે.

શુક્રવારે બીજા દિવસની રમત દરમ્યાન કૅપ્ટન શુભમન ગિલ અને તેના સાથી ખેલાડીઓ ડ્યૂક્સ બૉલના આકારથી નાખુશ હતા એટલે તેમણે અમ્પાયરનો સંપર્ક કર્યો હતો અને બૉલ વિશે ફરિયાદ રજૂ કરી હતી. જોકે આ બૉલ માટેના ગેજ (માપક) મુજબ પણ બૉલ ખામીયુક્ત હોવાનું જણાવા છતાં નવા બૉલ વિશે અમ્પાયર સાથે અસહમતી થતાં ગિલ ભડકી ગયો હતો. બોલર મોહમ્મદ સિરાજ પણ સમસમી ગયો હતો.

ઇંગ્લૅન્ડની ઇનિંગ્સમાં ૯૧મી ઓવરમાં આ ઘટના બની હતી. ભારતીયો ૮૦મી ઓવર પછી નવો બૉલ

(જુઓ પાનું ૨) ▸▸

## અમરનાથમાં પીગળી ગયું શિવલિંગ: ભક્તોમાં નિરાશા, શ્રાઇન બોર્ડે કહ્યું- ‘પ્રાકૃતિક નિયમ’

જમ્મુ: અમરનાથ યાત્રાનું પ્રતીક હિમલિંગ પીગળી ગયું છે. એવામાં દર વર્ષે રક્ષાબંધન અગાઉ જ ભક્તોના શ્વાસની ગરમી અને હવામાનની ગરમીના કારણે ઝડપથી પીગળી જતા અમરનાથ યાત્રાના પ્રતીક હિમલિંગ ફરી એકવાર વિવાદનો મુદ્દો બની ગયો છે. અમરનાથ યાત્રા શ્રાઇન બોર્ડના અધિકારીઓએ કહ્યું હતું કે આ પ્રાકૃતિક પ્રક્રિયા છે. પણ કાશ્મીરના પર્યાવરણવાદીઓ તેને માનવા તૈયાર નથી. તેમનું કહેવું છે કે ક્ષમતાથી વધુ સંખ્યામાં શ્રદ્ધાળુઓ પહોંચવાના કારણે હિમલિંગને નુકસાન પહોંચી રહ્યું છે. કારણ કે લાખો ભક્તોના શ્વાસની ગરમી હિમલિંગ સહન કરી શકતું નથી. શ્રાઇન બોર્ડના અધિકારી અપ્રત્યક્ષ રીતે ભક્તોના શ્વાસની થિયરીને માને છે પણ પ્રત્યક્ષ રીતે તેને કુદરતી પ્રક્રિયા ગણાવી રહ્યા છે.

શ્રાઇન બોર્ડના અધિકારીનું કહેવું છે કે ગ્લોબલ વૉર્મિંગ પણ તેને અસર કરી રહ્યું છે. તેઓ તેને ફગાવી દે છે કે ગુફામાં ક્ષમતા કરતા વધુ શ્રદ્ધાળુઓ પહોંચી રહ્યા છે. વર્ષ ૧૯૯૬ની અમરનાથ દુર્ઘટના પછી નીતિન સેન ગુપ્તા કમિટીએ ભલામણ કરી હતી કે ૭૫ હજારથી વધુ શ્રદ્ધાળુઓને યાત્રામાં સામેલ થવા દેવા જોઇએ નહીં. પણ એવું ક્યારેય થઇ શક્યું નહીં. આ વખતે સાત દિવસોમાં દોઢ લાખ શ્રદ્ધાળુઓ ગુફામાં પહોંચ્યા છે. આ વખતે પર્યાવરણવાદીઓ ગુસ્સામાં છે. તેઓનું કહેવું છે કે મુસાફરોની સંખ્યામાં વધારો હિમલિંગને ઓગળવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી રહી છે. યાત્રા માર્ગો પણ પર્વતોના પર્યાવરણને નુકસાન પહોંચાડી રહ્યા છે. દિવંગત સઇદ અલી શાહ ગિલાની જૂથે તો યાત્રાને ૧૫ દિવસો સુધી સીમિત કરવા અને મુસાફરોની સંખ્યા ઓછી કરવાનો અનેકવાર મુદ્દો ઉઠાવ્યો છે.

શ્રાઇન બોર્ડ શ્રદ્ધાળુઓની સંખ્યા ઓછી કરવા માટે રાજી જોવા મળી રહ્યું નથી. પણ તે હિમલિંગના સંરક્ષણ માટેની યોજનાઓ પર અમલ કરવા માટે તૈયાર છે. શ્રાઇન બોર્ડ ભક્તોની સંખ્યા ઓછી કરવાના બદલે યાત્રાને આખું વર્ષ ચલાવવાના પક્ષમાં સમર્થન મેળવવાનો પ્રયાસ કરી રહ્યું છે જે માહોલને વધુ બગાડી શકે છે તેમાં કોઇ બે મત નથી.

અમરનાથ યાત્રા શરૂ થયા બાદ ભક્તો સિવાય ગુફાની આસપાસ મોટી સંખ્યામાં સુરક્ષાકર્મીઓ તહેનાત હોય છે. ભારે ભીડના કારણે અમરનાથ ગુફાની આસપાસનું તાપમાન વધી રહ્યું છે. જોકે શ્રાઇન બોર્ડનો દાવો છે કે છેલ્લા બે ત્રણ વર્ષમાં તેમણે કેટલાક ઉપાયો કર્યા છે જેનાથી ગુફાનું તાપમાન વધે નહીં. ■

## અમદાવાદમાં રોગચાળો વકર્યો, અઠવાડિયામાં ૩૩૯૦૦થી વધુ દર્દી નોંધાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: શહેરમાં વરસાદી મોસમ દરમિયાન રાગચાળાએ માંથું ઉંચક્યું છે. તાવ સહિતના વિવિધ રોગચાળાના કેસોમાં વધારો નોંધાયો છે. અમદાવાદની સિવિલ હોસ્પિટલ અને સોલા સિવિલ હોસ્પિટલમાં છેલ્લા એક સપ્તાહ દરમિયાન ૩૩,૯૦૦થી વધુ દર્દીઓ ઓપીડીમાં સારવાર માટે આવ્યા છે. તેમાં સિવિલ હોસ્પિટલમાં ૨૦,૦૦૦ અને સોલા સિવિલ હોસ્પિટલમાં ૧૩,૯૭૨ દર્દીઓ નોંધાયા છે. સિવિલ હોસ્પિટલમાં જુલાઈના પ્રથમ ૧૦ દિવસમાં વાયરલ ઈન્ફેક્શનના ૫૩ કેસ નોંધાયા છે, જ્યારે જૂન મહિનામાં આવા ૫૬૪ કેસ નોંધાયા હતા.

સિવિલના સુપરિન્ટેન્ડેન્ટ ડૉ. રાકેશ જોષીએ જણાવ્યું હતું કે, છેલ્લા ૧૦ દિવસમાં કમળાના ૬૬ કેસ નોંધાયા છે, જ્યારે ગયા મહિને કુલ ૧૭૫ દર્દીઓને કમળાની સારવાર આપવામાં આવી હતી. આ ઉપરાંત, ૧૦

(જુઓ પાનું ૨) ▸▸

## પાકિસ્તાનમાં પહેલગામવાળી

## પાકિસ્તાનમાં બસના નવ મુસાફર ઠાર

### પંજાબના પ્રવાસીઓને અલગ કરીને મરાયા

ઇસ્લામાબાદ / કરાચી: પાકિસ્તાનના બલૂચિસ્તાન પ્રાંતમાં કહેવાતા ક્રાંતિકારીઓએ બસના નવ પ્રવાસીને ઠાર માર્યા હતા. આ બધા મુસાફર પાકિસ્તાનના પંજાબ પ્રાંતના હતા. તેઓની ઓળખ નક્કી કરીને તેઓને બસમાંથી નીચે ઉતારીને ઠાર મરાયા હતા.

ઝહોબ જિલ્લાના સુર-ડકાઇ વિસ્તારમાં રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર ગુરુવારે મોડી રાતે આ ઘટના બની હતી. સશસ્ત્ર હુમલાખોરોએ પંજાબ જતી બે બસ ધોરીમાર્ગ પર અટકાવી હતી અને બધાના ઓળખપત્ર તપાસ્યા હતા. બાદમાં, પાકિસ્તાનના પંજાબના મૂળ રહેવાસીને બસમાંથી નીચે ઊતરવાની ફરજ પાડી હતી અને

(જુઓ પાનું ૨) ▸▸

## ટ્રમ્પની કેનેડાને ૩૫ ટકા ટૅરિફ લાદવાની ચીમકી

વૉશિંગ્ટન: અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે કેનેડાથી અમેરિકા ખાતે આયાત કરવામાં આવતા માલસામાન પર ૩૫ ટકા ટૅરિફ લાદવાની ગુરુવારે ચીમકી આપી હતી. તેને લીધે ઉત્તર અમેરિકાના આ બે પાડોશી દેશ વચ્ચેના દ્વિપક્ષી વેપારને માઠી અસર થવાની પૂરી શક્યતા છે.

દરમિયાન, કેનેડાના વડા પ્રધાન માર્ક કાર્નીએ સોશિયલ મીડિયા પોસ્ટમાં લખ્યું હતું કે કેનેડા અમેરિકા સાથેના ‘નવા વેપાર-માળખા’ માટે કાર્ય કરવાનું ચાલુ રાખશે. કેનેડાએ ફેન્ટેનીલ (દરદશામક દવા તરીકે પણ વપરાતું ડ્રગ)ની

(જુઓ પાનું ૨) ▸▸

## બીએમટીસીસીએ સલામતી: પર્યાવરણને અનુકૂળ અપગ્રેડ સાથે ૧૪૮ નોન-એસી ઈ-બસો શરૂ કરી

બેંગલુરુ: બેંગલુરુ મેટ્રોપોલિટન ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન (બીએમટીસીસી) એ શુક્રવારે જાહેર સેવા માટે ટાટા મોટર્સ લિમિટેડ તરફથી ૧૪૮ નોન-એસી ઈલેક્ટ્રિક બસોનો સમાવેશ કરવાની જાહેરાત કરવા સાથે જ એક્સપ્રેસ સેવાઓ અને પેકેજ ટુર હેઠળ નવા રૂટનો પણ પ્રારંભ કર્યો હતો. આ પ્રવેશનો પ્રથમ તબક્કો રાજ્ય પરિવહન પ્રધાન રામલિંગા રેડ્ડી દ્વારા ૧૦ નોન-એસી ઈલેક્ટ્રિક બસોને ઔપચારિક રીતે લીલી ઝંડી આપીને ચિહ્નિત કરવામાં આવ્યો હતો. ઇલેક્ટ્રિક બસોના કાફલાનો વધુ વિસ્તાર કરીને, બીએમટીસીસીએ બેંગલુરુમાં જાહેર પરિવહનને પ્રોત્સાહન આપવા અને વધતા વાહન પ્રદૂષણનો સામનો કરવા માટે એક મહત્ત્વપૂર્ણ પગલું ભર્યું છે. હાલમાં, બીએમટીસીસી શહેરના વિવિધ રૂટ પર કુલ ૧,૪૩૬ ઈલેક્ટ્રિક બસોનું સંચાલન કરે છે, એમ તેમાં જણાવાયું છે. ‘‘ટીએમએલ (ટાટા મોટર્સ લિમિટેડ) સ્માર્ટ સિટી મોબિલિટી સોલ્યુશન્સ લિમિટેડ દ્વારા પૂરી પાડવામાં આવેલી આ વધારાની ૧૪૮ નવી નોન-એસી ઇલેક્ટ્રિક બસો, ગ્રોસ કોસ્ટ કોન્ટ્રાક્ટ (જીસીસી) મૉડેલ હેઠળ ૧૨ વર્ષના કરાર સમયગાળા માટે પ્રતિ બસ રૂ. ૪૧.૦૧ના દરે ચલાવવામાં આવી રહી છે, જેમાં વીજળીનો ખર્ચ પણ સામેલ છે,’’ એમ બીએમટીસીસીએ એક નિવેદનમાં જણાવ્યું હતું. ‘‘ડિરેક્ટરેટ ઓફ અર્બન ઍન્ડ લેન્ડ ટ્રાન્સપોર્ટ (ડીયુએલટી) અને નેશનલ ક્લીન એર પ્રોગ્રામ (એનસીએપી) યોજના હેઠળ પ્રતિ બસ રૂ. ૩૯.૦૮ લાખની નાણાકીય સહાય આપવામાં આવી છે,’’ તેમણે ઉમેર્યું હતું. બીએમટીસીસીના જણાવ્યા મુજબ, આ ઇલેક્ટ્રિક બસોનું સંચાલન વાતાવરણમાં આશરે ૨.૦૭ લાખ કિલોગ્રામ કાર્બન ડાયોક્સાઇડ (સીઓ ૨)ના ઉત્સર્જનને રોકવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. ■

## અરુણાચલ પ્રદેશ દિવ્યાંગ બાળકો માટે પાંચ વિશેષ શાળાઓ ખોલશે

ઇટાનગર: અરૂણાચલ પ્રદેશ સરકાર ટૂંક સમયમાં દિવ્યાંગ બાળકો માટે પાંચ વિશેષ શાળાઓ (સીડબ્લ્યુએસએન) ખોલશે. આ જાણકારી રાજ્યના એક પ્રધાને આપી હતી. શિક્ષણ પ્રધાન પાસંગ દોરજી સોનાના જણાવ્યા અનુસાર આ શાળાઓ કામેંગ, લોહિત, સિયાંગ, સુબાનસિરી અને તિરપમાં ખોલવામાં આવશે. સોનાએ કહ્યું કે આપણા રાજ્યમાં મોટી સંખ્યામાં દિવ્યાંગ વિદ્યાર્થીઓ છે, જેઓ દરરોજ અનેક પડકારોનો સામનો કરી રહ્યા છે. તેમને મદદ કરવા માટે પગલાં લેવા જરૂરી છે. પ્રારંભિક તૈયારીઓ પૂર્ણ થયા પછી દરખાસ્ત મંજૂરી માટે રાજ્ય પ્રધાનમંડળ સમક્ષ મૂકવામાં આવશે. મુખ્ય પ્રધાન પેમા ખાંડુએ એક્સ પર જણાવ્યું કે આ સમાનતા, સશક્તિકરણ અને વિકસિત ભારતની યાત્રામાં કોઇપણ બાળકને પાછળ ન છોડવાની રાજ્યની પ્રતિબદ્ધતાનો પુરાવો છે. ખાંડુએ કહ્યું કે આ શાળાઓનો ઉદ્દેશ્ય રોજિંદા પડકારોનો સામનો કરતા બાળકોને મદદ કરવાનો રહેશે. યુનિફાઇડ ડિસ્ટ્રિક્ટ ઇન્ફોર્મેશન સિસ્ટમ ફોર એજ્યુકેશન પ્લસ (યુડીઆઇએસઇ+) પાસે ઉપલબ્ધ ડેટા અનુસાર ૨૦૨૩-૨૪ શૈક્ષણિક વર્ષ દરમિયાન અરૂણાચલ પ્રદેશમાં કુલ ૨,૯૮૯ બાળકોને સીડબ્લ્યુએસએન તરીકે ઓળખી કાઢવામાં આવ્યા હતા. ■

## બિહાર મતદાર યાદી સુધારણા કેસ

## સુપ્રીમ કોર્ટના નિવેદનનું ભાજપ અને કૉંગ્રેસ દ્વારા ભિન્ન અર્થઘટન

નવી દિલ્હી: બિહારમાં મતદાર યાદી સુધારણાને લગતા કેસમાં સર્વોચ્ચ અદાલતના નિવેદનનું કૉંગ્રેસ અને ભાજપના નેતાઓ દ્વારા અલગ-અલગ અર્થઘટન કરાઇ રહ્યું છે અને એકબીજા પર ખોટું અર્થઘટન કરવાનો આક્ષેપ કરાઇ રહ્યો છે.

ભાજપ દાવો કરે છે કે સર્વોચ્ચ અદાલતે ચૂંટણી પંચને સર્વોચ્ચ અદાલતે ચૂંટણી પંચને બિહારમાંની મતદાર યાદી સુધારણા પ્રક્રિયામાં આધાર કાર્ડ, મતદાર ઓળખપત્ર અને રેશન કાર્ડને માન્યતાપ્રાપ્ત દસ્તાવેજ ગણવા અંગે નવિચારણાથ કરવા જણાવ્યું હતું. જ્યારે કૉંગ્રેસ દાવો કરે છે કે સર્વોચ્ચ અદાલતે ચૂંટણી પંચને આ સંબંધમાં નઆદેશથ આપ્યો હતો.

સર્વોચ્ચ અદાલતના ન્યાયાધીશ સુધાંશુ ધૂળિયા અને ન્યાયાધીશ જોયમાલ્યા બાગચીની બૅન્ચે ચૂંટણી પંચ દ્વારા બિહારમાં હાથ ધરાયેલી મતદાર યાદી સુધારણાની પ્રક્રિયાને યોગ્ય ગણાવી હતી અને બિહારના સાત કરોડથી વધુ મતદારની યાદી સુધારણાનું કામ ચાલુ રાખવા મંજૂરી આપી હતી. કૉંગ્રેસના સંદેશવ્યવહાર વિભાગના વડા મહામંત્રી જયરામ રમેશે સોશિયલ મીડિયા નએક્સથ પર જણાવ્યું હતું કે સર્વોચ્ચ અદાલતની સૂચનાને પગલે ચૂંટણી પંચને બિહારની મતદાર યાદી સુધારણા પ્રક્રિયામાં આધાર કાર્ડ, રેશન કાર્ડ અને મતદાર ઓળખપત્રને માન્યતાપ્રાપ્ત દસ્તાવેજ ગણવાની ફરજ પડશે અને તેથી અસંખ્ય મતદારો મતદારના અધિકારથી વંચિત નહિ રહે. તેમણે આક્ષેપ કર્યો હતો કે ભાજપ દ્વારા સર્વોચ્ચ અદાલતના સંબંધિત આદેશનું ખોટું અર્થઘટન કરાઇ રહ્યું છે અને ભાજપે એમ કરવાનું બંધ કરવું જોઇએ.

દરમિયાન, ભાજપના માહિતી તંત્રજ્ઞાન વિભાગના વડા અમિત માલવિયાએ પોતાની નએક્સથ પરની પોસ્ટમાં લખ્યું હતું કે સર્વોચ્ચ અદાલતના આદેશનું કૉંગ્રેસ પક્ષ જ ખોટું અર્થઘટન કરી રહ્યો છે. કોર્ટે ચૂંટણી પંચને આધાર કાર્ડ, રેશન કાર્ડ અને મતદાર ઓળખપત્ર બિહારની મતદાર યાદી સુધારણા વખતે માન્યતાપ્રાપ્ત દસ્તાવેજ તરીકે સ્વીકારવા અંગે નવિચારણાથ કરવા કહ્યું હતું, તેઓને સ્વીકારવા ફરજ નથી પાડી. કૉંગ્રેસ પક્ષ સર્વોચ્ચ અદાલતના નિવેદનનું ખોટું અર્થઘટન કરી રહ્યો છે. કૉંગ્રેસે શુક્રવારે આશા વ્યક્ત કરી હતી કે સર્વોચ્ચ અદાલતે બિહારમાંની મતદાર યાદીની સુધારણાના સંબંધમાં ચૂંટણી પંચને આપેલા આદેશથથી રાજ્યના અસંખ્ય મતદારો મતદાનથી વંચિત નહિ રહે. (એજન્સી) ■

## વડા પ્રધાન મોદીના વિદેશ પ્રવાસ પર ભગવંત માને કર્યો કટાક્ષ, વિદેશ મંત્રાલયે ટિપ્પણીની કરી નિંદા

ચંડીગઢ : પંજાબના મુખ્ય પ્રધાન ભગવંત માને વડા પ્રધાન નરેન્દ્ર મોદીના તાજેતરમાં પૂર્ણ થયેલા પાંચ દેશોના પ્રવાસ પર કટાક્ષ કર્યો હતો જેની વિદેશ મંત્રાલયે નિંદા કરી હતી. હવે પંજાબના મુખ્ય પ્રધાને ફરી એકવાર વિદેશ મંત્રાલયને જવાબ આપ્યો હતો. માને પોતાની ટિપ્પણીનો બચાવ કરતા કહ્યું હતું કે એક નાગરિક અને મુખ્ય પ્રધાન તરીકે તેમને દેશની વિદેશ નીતિ અને વડા પ્રધાનની મુલાકાતના ઉદ્દેશ્યો પર પ્રશ્ન ઉઠાવવાનો સંપૂર્ણ અધિકાર છે.

વિદેશ મંત્રાલયે ભગવંત માન દ્વારા વડા પ્રધાન નરેન્દ્ર મોદીના વિદેશ પ્રવાસ અંગે કરવામાં આવેલી વાંધાજનક ટિપ્પણીની સખત નિંદા કરી હતી. વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે ભગવંત માનનું નામ લીધા વિના કહ્યું હતું કે, ‘અમે એક ઉચ્ચ સરકારી અધિકારી દ્વારા વૈશ્વિક દક્ષિણના મિત્ર દેશો સાથે ભારતના સંબંધો વિશે કરવામાં આવેલી કેટલીક ટિપ્પણીઓ જોઈ છે. આ ટિપ્પણીઓ બેજવાબદાર અને નિરાશાજનક છે. આવાં નિવેદનો સરકારી અધિકારીને શોભતા નથી. ભારત સરકાર આવા અયોગ્ય નિવેદનોથી પોતાને અલગ કરે છે, જે મિત્ર દેશો સાથે ભારતના સંબંધોને નબળા પાડે છે.’ નોંધનીય છે કે અગાઉ ભગવંત માને પીએમ મોદી પર નિશાન સાધતા આરોપ લગાવ્યો હતો કે તેઓ ૧૪૦ કરોડ લોકોના દેશમાં રહેતા નથી, પરંતુ ૧૦,૦૦૦ની વસ્તીવાળા દેશોની મુલાકાત લે છે. વડા પ્રધાન ક્યાંક ગયા છે. મને લાગે છે કે તેઓ ઘાના ગયા છે. તેઓ પાછા આવશે અને તેમનું સ્વાગત છે. ભગવાન જાણે છે કે તેઓ કયા દેશોની મુલાકાત લેતા રહે છે, ‘મેગ્નેશિયા’, ‘ગૈલ્વિસા’, ‘ટાર્વિસિયા’. તેઓ ૧૪૦ કરોડ લોકોના દેશમાં રહેતા નથી. તેઓ એવા દેશોમાં જઈ રહ્યા છે જ્યાં વસ્તી ૧૦,૦૦૦ છે અને તેમને ત્યાંના ‘સર્વોચ્ચ પુરસ્કાર’ મળી રહ્યા છે. અહીં ૧૦,૦૦૦ લોકો જેસીબી જોવા માટે ભેગા થાય છે. ■

## ગુજરાતમાં વરસાદનું જોર ઘટ્યું: ૬૭ તાલુકામાં એક ઈંચથી ઓછો વરસાદ નોંધાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં વરસાદનું જોર ઘટ્યું હતું. રાજ્યમાં છેલ્લા ૧૨ કલાકમાં ૬૮ તાલુકામાં વરસાદ નોંધાયો હતો. માત્ર એક જ તાલુકામાં એક ઈંચથી વધુ વરસાદ પડ્યો હતો, જ્યારે ૬૭ તાલુકામાં એક ઈંચથી ઓછો વરસાદ વરસ્યો હતો. તાપીના ડોલવણમાં ૧.૧૪ ઈંચ વરસાદ વરસ્યો હતો. ડેડિયાપાડામાં ૦.૭૫ ઈંચ, જાંબુઘોડામાં ૦.૭૧ ઈંચ, જામકંડોરણામાં ૦.૪૭ ઈંચ વરસાદ પડ્યો હતો.

હવામાન વિભાગે રાજ્યમાં આગામી સાત દિવસ રાજ્યમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરી હતી. ૨૪ કલાક બાદ દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદની આગાહી કરવામાં આવી હતી. સૌરાષ્ટ્રમાં ૧૩ જુલાઈ બાદ વરસાદની તીવ્રતા વધી શકે છે. હવામાન વિભાગે પાંચ દિવસ માછીમારોને દરિયો ન ખેડવા સૂચના આપવામાં આવી હતી. દરિયાકાંઠે ૩૦થી ૪૦ કિ.મી.ની ઝડપે પવન ફૂંકાશે. ૨૪ કલાક બાદ રાજ્યમાં વરસાદી માહોલ જામશે. હાલમાં મોન્સૂન ટ્રફ સક્રિય થતા ૨૪ કલાક બાદથી વરસાદી માહોલ જામશે. તેમજ અમદાવાદ અને ગાંધીનગરમાં વીજળીના કડાકા સાથે છૂટાછવાયા હળવા વરસાદની આગાહી કરવામાં આવી હતી.

રાજ્યમાં હાલમાં ચોમાસાની ઋતુમાં સૌથી વધુ કચ્છમાં સરેરાશ ૫૭ ટકા, દક્ષિણ ગુજરાતમાં ૫૨.૧૮ ટકા, સૌરાષ્ટ્રમાં ૪૭.૦૧ ટકા, પૂર્વ મધ્યમાં ૪૫.૯૦ ટકા જ્યારે ઉત્તર ગુજરાતમાં ૪૨.૦૮ ટકા સરેરાશ વરસાદ થયો છે. જેના ફળ સ્વરૂપે રાજ્યનાં ૨૪ જળાશયો ૧૦૦ ટકાથી વધુ, ૫૪ જળાશયો ૭૦ થી ૧૦૦ ટકાની વચ્ચે, ૪૪ જળાશયો ૫૦ થી ૭૦ ટકાની વચ્ચે જ્યારે ૪૦ જળાશયો ૨૫ થી ૫૦ ટકાની વચ્ચે ભરાયાં છે. જેથી રાજ્યના ૩૮ જળાશયો માટે હાઈ એલર્ટ, ૨૦ જળાશયો એલર્ટ જ્યારે ૨૦ જળાશયો માટે વોર્નિંગ જાહેર કરવામાં આવી છે. ■

## અમેરિકાના વિદેશ વિભાગમાં છટણીની તૈયારીઓ: કર્મચારીઓને અપાશે નોટિસ

વોશિંગ્ટન : અમેરિકાના વિદેશ વિભાગમાં છટણીની તૈયારી ચાલી રહી છે. અમેરિકાના વિદેશ વિભાગે પોતાના કર્મચારીઓને કહ્યું હતું કે તેઓ ટૂંક સમયમાં છટણી માટે નોટિસ જાહેર કરશે. ડોનલ્ડ ટ્રમ્પ સત્તામાં આવ્યા ત્યારથી તેઓ ફેડરલ સરકારનું કદ ઓછું કરવાના પ્રયત્નો કરી રહ્યા છે. આ અંતર્ગત ઘણા સરકારી વિભાગોમાંથી છટણી કરવામાં આવી છે. ડિપાર્ટમેન્ટ ઓફ ગવર્નમેન્ટ એફિશિયન્સીના નેતૃત્વ હેઠળ ફેડરલ સરકારમાં છટણી ઝૂંબેશ શરૂ કરવામાં આવી હતી અને અત્યાર સુધીમાં સેંકડો લોકોને કાઢી મૂકવામાં આવ્યા છે.

યુએસમાં ફેડરલ સરકારમાં છટણીને સુપ્રીમ કોર્ટમાં પણ પડકારવામાં આવી હતી, પરંતુ સુપ્રીમ કોર્ટે પણ છટણી ચાલુ રાખવાની તરફેણમાં ચુકાદો આપ્યો હતો. અમેરિકાના વિદેશ વિભાગના ડેપ્યુટી સેક્રેટરી માઈકલ રિગ્સે જણાવ્યું હતું કે જે કર્મચારીઓની છટણી કરવામાં આવશે તેમને ટૂંક સમયમાં તેની જાણ કરવામાં આવશે. વિદેશ વિભાગમાંથી કેટલા લોકોને કાઢી મૂકવામાં આવશે તે હજુ સ્પષ્ટ નથી. વિદેશ વિભાગમાં મે મહિનામાં કૉંગ્રેસને છટણી અને પુનર્ગઠન વિશે માહિતી આપી હતી. સ્ટેટ ડિપાર્ટમેન્ટે એમ પણ કહ્યું હતું કે પાછલી સરકાર દ્વારા ચલાવવામાં આવતા કાર્યક્રમોમાં કાપ મૂકવામાં આવશે. આ સરકારી પગલાના ટીકાકારો કહે છે કે પ્રસ્તાવિત કાપથી વૈશ્વિક સ્તરે અમેરિકાનો પ્રભાવ ઘટશે અને ઘણા વિભાગો માટે તેમના મિશન પૂર્ણ કરવાનું મુશ્કેલ બનશે. અમેરિકાના વિદેશ વિભાગે અફઘાનિસ્તાનમાં અમેરિકાના બે દાયકાની ભાગીદારીની દેખરેખ રાખતા કેટલાક વિભાગોને સમાપ્ત કરવાની યોજના બનાવી રહ્યું છે, જેમાં અમેરિકાના સૈન્ય સાથે કામ કરતા અફઘાન નાગરિકોના પુનર્વસન પર કામ કરતી ઓફિસનો સમાવેશ થાય છે. આ સાથે, શરણાર્થીઓ અને ઇમિગ્રેશન સંબંધિત કાર્યક્રમો તેમજ માનવ અધિકારો અને લોકશાહીને પ્રોત્સાહન આપતા ઘણા કાર્યક્રમોને સમાપ્ત કરવાની યોજના છે. અમેરિકન ફોરેન સર્વિસ એસોસિએશને ગયા મહિને વિદેશ વિભાગને નોકરીઓમાં કાપ ન મૂકવા વિનંતી કરી હતી. યુનિયનના પ્રમુખ ટોમ યાઝડગેર્ડીએ જણાવ્યું હતું કે આનાથી માત્ર કર્મચારીઓની છટણી થશે નહીં, પરંતુ ઘણી જગ્યાઓ સંપૂર્ણપણે ખતમ થઈ જશે. આ પગલું વિદેશ સેવાને વિક્ષેપિત કરીને રાષ્ટ્રીય હિતોને જોખમમાં મૂકશે અને વિશ્વભરના અમેરિકનો તેનાં પરિણામો ભોગવશે. ■

## એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# ભાગવત ગમે તે કહે, ભાજપ પાસે મોદીનો વિકલ્પ ક્યાં છે?

**ભાજપમાં** ૭૫ વર્ષ પૂરાં કરનારા નેતાઓને રવાના કરી દેવાનો મુદ્દો સાવ ભુલાઈ ગયેલો પણ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS)ના વડા મોહન ભાગવતે નાગપુરમાં એક કાર્યક્રમમાં આ મુદ્દો છેડી દીધો. ભાગવતે કહ્યું કે, કોઈ પણ નેતાએ ૭૫ વર્ષની ઉંમરે હોદ્દો છોડી દેવો જોઈએ. ૭૫ વર્ષના થાઓ એટલે અટકી જવાનું હોય ને બીજાને તક આપવાની હોય.

સંઘના વિચારક મોરોપંત પિંગલેને સમર્પિત પુસ્તક 'મોરોપંત પિંગલેઃ ધ આર્કિટેક્ટ ઓફ હિંદુ રિસર્જન્સ'ના વિમોચન કાર્યક્રમમાં બોલતા હતા એટલે મોહન ભાગવતે પિંગલે સાથેની સ્મૃતિઓને યાદ કરતાં કહ્યું કે, મોરોપંત પિંગલે રમૂજી માણસ હતા. મોરોપંત પિંગલેએ એક વખત કહ્યું હતું કે, તમને ૭૫ વર્ષના થયા પછી શાલ ઓઢાડીને સન્માનિત કરવામાં આવે તેનો અર્થ એ છે કે તમારે હવે અટકી જવું જોઈએ, તમે વૃદ્ધ થઈ ગયા છો, તમારે ખસી જવું જોઈએ અને બીજા લોકો માટે જગા કરી દેવી જોઈએ.

પિંગલેજીએ ખરેખર આ વાત કરેલી કે નહીં એ આપણને ખબર નથી પણ ભાગવતની વાતને વડા પ્રધાન નરેન્દ્ર મોદી સાથે જોડીને ચોવટ શરૂ થઈ ગઈ છે. સપ્ટેમ્બરમાં મોદી ૭૫ વર્ષના થવાના છે ત્યારે ભાગવતે આડકતરી રીતે તેમને ખસીને નવા ચહેરાને તક આપવા કહી દીધું છે એવું અર્થઘટન કરાઈ રહ્યું છે. મોદીને સીધેસીધું કહેવાના બદલે ભાગવતે 'કહીં પે નિગાહેં, કહીં પે નિશાના' કરીને બે મહિના પછી ૭૫ વર્ષ પૂરાં થાય ત્યારે સત્તા છોડીને ગૌરવભેર ખસી જવાનો ઈશારો કર્યો એવી વાતો ચાલી રહી છે.

ભાગવત ખરેખર પિંગલેની વાત કરતા હતા કે પછી ચાલી રહેલી ચર્ચા પ્રમાણે તેમણે મોદીને જ ઈશારો કર્યો છે એ ભાગવત જાણે ને રામ જાણે પણ ભાગવતની ટિપ્પણીને કારણે વિપક્ષોને ગોળનું ગાડું મળી ગયું છે. ભાજપ આ મુદ્દે ચૂપ છે પણ વિપક્ષો મચી પડ્યા છે. વિપક્ષે ભૂતકાળમાં ૭૫ વર્ષના બહાને મોદીએ કોને કોને ઘરે બેસાડી દીધેલા તેનો ચોપડો ખોલી દીધો છે ને મોદી પોતાના માટે પણ આ નિયમ લાગુ કરે છે કે પછી ડબલ સ્ટાન્ડર્ડ બતાવીને સત્તા પર ચીટકી રહે છે એ જોઈએ એવો મમરો પણ મૂકી દીધો છે.

મોદીને નિવૃત્ત કરવા કે નહીં તેનો નિર્ણય ભાજપે લેવાનો છે પણ ભાજપમાં લાંબા સમયથી સેવન્ટી ફાઈવ પ્લસ નેતાઓને વખારમાં નાખવાનો સિલસિલો ચાલે છે એ હકીકત છે. ભાજપે સત્તાવાર રીતે એવી કોઈ જાહેરાત કરી નથી પણ સૈદ્ધાંતિક રીતે ભાજપ તેનો અમલ કરે જ છે. ૨૦૧૪ની લોકસભા ચૂંટણીમાં જીત પછી ભાજપે ૭૫ વર્ષથી વધુ ઉંમરના નેતાઓને નિવૃત્ત કરવા માંડ્યા ત્યારથી આ સિલસિલો ચાલ્યા કરે છે.

નરેન્દ્ર મોદીએ પોતાની પહેલી કેબિનેટમાં ૭૫ વર્ષથી વધુ ઉંમરના એક પણ નેતાને સ્થાન નહોતું આપ્યું. બલકે સંગઠનમાંથી પણ તેમની બાદબાકી કરી દેવાઈ છે. લાલકૃષ્ણ અડવાણી અને મુરલી મનોહર જોશી જેવા ધુરંધરોને માર્ગદર્શક મંડળમાં સામેલ કરીને કોરાણે મૂકી દેવાયા છે. ૨૦૧૪ની લોકસભા ચૂંટણી પછી ભાજપે કેટલાક અપવાદોને બાદ કરતાં ૭૫ વર્ષથી વધુની ઉંમરના નેતાઓને ટિકિટ પણ નથી આપી કે મુખ્યમંત્રીપદ કે મંત્રીપદ સહિતના હોદ્દા પણ નથી આપ્યા.

૨૦૧૬માં ગુજરાતના મુખ્યમંત્રીપદેથી આનંદીબેન પટેલે રાજીનામું આપ્યું ત્યારે તેમની ઉંમર ૭૫ વર્ષની હોવાથી તેમને માનભેર રવાના કરાયાં હોવાની વાત ખુદ ભાજપના નેતાઓએ કરી હતી. ૨૦૧૬માં નજમા હેપતુલ્લાહને પણ મોદી કેબિનેટમાંથી રાજીનામું અપાવડાવી દેવડાવાયેલું કેમ કે નજમા ૭૫ વર્ષની ઉંમર વટાવી ગયેલાં.

૨૦૧૯ની લોકસભા ચૂંટણી પહેલાં ભાજપના તત્કાલીન પ્રમુખ અમિત શાહે એક ઇન્ટરવ્યૂમાં કહેલું કે, ભાજપ દ્વારા એક સૈદ્ધાંતિક નિર્ણય લઈને ૭૫ વર્ષથી વધુ ઉંમર ધરાવતા કોઇ પણ વ્યક્તિને ટિકિટ આપવામાં આવી નથી. ૨૦૧૯ની ચૂંટણીમાં આ નિર્ણય હેઠળ લાલકૃષ્ણ અડવાણી, મુરલી મનોહર જોશી, સુમિત્રા મહાજન અને હુકુમદેવ નારાયણ યાદવ જેવા નેતાઓને ટિકિટ આપવામાં આવી ન હતી.

૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં રાજેન્દ્ર અગ્રવાલ, સંતોષ ગંગવાર, સત્યદેવ પચૌરી, રીટા બહુગુણા જોશી સહિતના નેતાઓની ટિકિટ ૭૫ વર્ષની ઉંમર થઈ ગઈ હોવાથી કાપી દેવામાં આવી હતી. ટૂંકમાં ભાજપ ૭૫ વર્ષની ઉંમર થાય ત્યારે નેતાઓને નિવૃત્ત કરી દેવાના ટ્રેન્ડને અનુસરી તો રહ્યો જ છે.

હવે મોદી પોતે આ ટ્રેન્ડને અનુસરે તો તેમાં તેમનું ગૌરવ વધે તેમાં બેમત નથી. મોદીએ લાલકૃષ્ણ અડવાણી, મુરલી મનોહર જોશી અને જસવંત સિંહ જેવા ભાજપના ધુરંધર નેતાઓને ૭૫ વર્ષના થયા પછી ફરજિયાત નિવૃત્તિ લેવડાવીને બાજુ પર મૂકી દીધેલા ને હવે પોતે પણ એ નિયમને અનુસરીને પોતાના ચાવવાના અને બતાવવાના જુદા જુદા નથી એ પણ સાબિત કરી શકે.

સત્તા છોડવી અઘરી છે ને તેમાં પણ સિદ્ધાંતના કારણોસર સત્તા છોડવી તો બહુ જ અઘરી છે. ક્યાંક ફસાયા પછી સત્તા છોડવા સિવાય આરો ના હોય ત્યારે ખસો એ અલગ વાત છે પણ સામેથી સત્તા છોડનારા વિરલા બહુ ઓછા હોય છે. મોદી એવું કરી બતાવે તો ઈતિહાસમાં અમર થઈ જાય ને આવનારી પેઢીઓ માટે પણ એક અનુસરણીય ઉદાહરણ મળે તેમાં શંકા નથી પણ સવાલ એ છે કે, ભાજપને મોદીને છોડવા પરવડે ખરા? બિલકુલ ના પરવડે.

ભાજપના નેતાઓ સંગઠનના જોરે ભાજપ મોટો બન્યો ને દેશભરમાં છવાઈ ગયો એ સહિતની વાતો કરે છે પણ વાસ્તવમાં ભાજપની સફળતાનો યશ માત્ર ને માત્ર નરેન્દ્ર મોદીને જાય છે. ગુજરાતનાં ૨૦૦૨નાં રમખાણોના પગલે નરેન્દ્ર મોદીની પ્રખર હિંદુવાદી નેતા તરીકેની ઈમેજ ઊભી થઈ તેના કારણે ભાજપ સતત બે વાર લોકસભામાં સ્પષ્ટ બહુમતી સાથે જીત્યો અને સળંગ ત્રીજી વાર પણ સત્તામાં આવ્યો.

મોદીએ ૨૦૧૪માં જે અપેક્ષાઓ ઊભી કરેલી એ અપેક્ષાઓને પૂરી કરવામાં ઊણા ઉતર્યા છે પણ એ પછીય મોદી દેશમાં સૌથી લોકપ્રિય નેતા છે તેનો કોઈ ઈનકાર ના કરી શકે. ભાજપ પાસે મોદી જેવો જબરદસ્ત જનાધાર ધરાવતો અને ચૂંટણીઓ જીતાડવાની તાકાત પણ ધરાવતો બીજો કોઈ નેતા નથી એ નક્કર વાસ્તવિકતા છે. કોઈ ગમે તે કહે પણ ભાજપ પાસે સેકન્ડ કે થર્ડ કેડર જેવું કંઈ નથી. ટોચ પર મોદી છે અને મોદી સામે જોઈને લોકો મત આપે છે તેથી ભાજપ સત્તામાં આવે છે. આ સંજોગોમાં મોદી ખસવા તૈયાર થાય તો પણ ભાજપને મોદીને જવા દેવા પરવડે તેમ નથી એ જોતાં મોદી રિટાયર થાય એવી આશા રાખવા જેવી નથી. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

દક્ષિણાયન–સૌર વર્ષાઋતુ પ્રારંભ, શનિવાર, તા. ૧૨–૭–૨૦૨૫, ગુજરાતમાં મોળાકાત અને જયાપાર્વતી વ્રતનું જાગરણ, હિંડોળા પ્રારંભ

- ભારતીય દિનાંક ૨૧, માહે અષાઢ, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૭, અષાઢ વદ–૨
- જૈન વીર સંવત ૨૫૫૧, માહે અષાઢ, તિથિ વદ–૨
- પારસી શહેનશાહી રોજ ૨જો બેહમન, માહે ૧૨મો સ્પેન્દાર્મદ, સને ૧૩૯૪
- પારસી ગાથા ૨ ઉશ્તવદ, માહે ૧૨મો સ્પેન્દાર્મદ, સને ૧૩૯૪
- પારસી ફસલી રોજ ૨૪મો દીન, માહે ૫મો અમરદાદ, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૧૬મો, માહે ૧લો મોહર્રમ, સને ૧૪૪૭
- મીસરી રોજ ૧૭મો, માહે ૧લો મોહર્રમ, સને ૧૪૪૭
- નક્ષત્ર ઉત્તરાષાઢા સવારે ક. ૦૬–૩૫ સુધી પછી શ્રવણ
- ચંદ્ર મકરમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ મકર (ખ, જ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૧૦, અમદાવાદ ક. ૦૬ મિ. ૦૩, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૯ મિ. ૧૮, અમદાવાદ ક. ૧૯ મિ. ૨૭, સ્ટા. ટા.
- –: મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :–
- ભરતીઃ બપોરે ક. ૧૩–૧૬, મધ્યરાત્રે ક. ૦૦–૫૯
- ઓટઃ સવારે ક. ૦૬–૨૩, રાત્રે ક. ૧૯–૨૬

વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, 'અનલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૭, 'વિશ્વાવસુ'નામ સંવત્સર, અષાઢ કૃષ્ણ – દ્વિતિયા. ગુજરાતમાં મોળાકાત અને જયાપાર્વતી વ્રતનું જાગરણ, હિંડોળા પ્રારંભ, અશૂન્યશ્શયન વ્રત. સૂર્ય મહાનક્ષત્ર પુનર્વસુ, વાહન અશ્વ.

- શુભાશુભ દ્દિનશુદ્ધિઃ શુભ દિવસ.
- મુહૂર્ત વિશેષઃ શનિ દેવતાનું પૂજન, મહાબલિ હનુમાનજીનું પૂજન, શ્રી વિષ્ણુ–લક્ષ્મી પૂજા, સર્વશાંતિ પૂજા, પ્રયાણ મધ્યમ, માલ લેવો, પાટ–અભિષેક પૂજા, ધજા, કળશ, પતાકા ચઢાવવી, બાળકનું નામકરણ, દેવદર્શન, અન્નપ્રાશન, ધાન્ય ભરવું, ખેતીવાડીના કામકાજ, વૃક્ષ વાવવા, બિલીનું વૃક્ષ વાવવું, બગીચો બનાવવો.
- આચમનઃ ચંદ્ર–શુક્ર ત્રિકોણ કળાપ્રેમી, ચંદ્ર–બુધ પ્રતિયુતિ પીઠ પાછળ નિંદા કરવાની આદત.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર–શુક્ર ત્રિકોણ, ચંદ્ર–બુધ પ્રતિયુતિ (તા. ૧૩)
- ગ્રહગોચરઃ સૂર્ય– મિથુન, મંગળ–સિંહ, બુધ–કર્ક, ગુરુ–મિથુન, શુક્ર–વૃષભ, શનિ–મીન, રાહુ–કુંભ, કેતુ–સિંહ, માર્ગી હર્ષલ–વૃષભ, માર્ગી નેપ્ચ્યુન–મીન, વક્રી પ્લુટો–મકર. ■

# ત્રણ દાયકા બાદ તમિળનાડુ પોલીસને મળી સફળતા, કોઈમ્બતુર બૉમ્બવિસ્ફોટ કેસમાં ત્રણ આતંકીઓની ધરપકડ

ચેન્નઈ : મહિનાઓ સુધી ચાલેલા ઓપરેશન બાદ અને આંધ્ર પ્રદેશ અને કર્ણાટક પોલીસ સાથે સંકલનમાં તમિળનાડુ એન્ટિ ટેરરિસ્ટ સ્ક્વોડ (એટીએસ) એ છેલ્લા કેટલાક દિવસોમાં ત્રણ શંકાસ્પદ આતંકવાદીઓની ધરપકડ કરી છે, એમ તમિળનાડુના ડિરેક્ટર જનરલ ઓફ પોલીસ (ડીજીપી) શંકર જિવાલે જણાવ્યું હતું. તેમણે અહીં એક પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું કે ધરપકડ કરાયેલા લોકો - અબુબકર સિદ્દીક, મોહમ્મદ અલી અને સાદિક ઉર્ફે ટેલર રાજા લગભગ ત્રણ દાયકાથી ફરાર હતા અને પોલીસ દ્વારા તેમનો સતત પીછો કરવામાં આવી રહ્યો હતો. આ ઓપરેશન્સને 'એરામ' અને 'આગાઝી' નામ આપવામાં આવ્યું હતું.

આ ત્રણેય આતંકવાદીઓ ૧૯૯૮ના કોઈમ્બતુર શ્રેણીબદ્ધ વિસ્ફોટો અને ૨૦૧૩ના બેંગલૂરુમાં મલ્લેશ્વરમ બૉમ્બવિસ્ફોટ સહિત અનેક કેસોમાં વોન્ટેડ હતા. કોઈમ્બતુર બૉમ્બવિસ્ફોટમાં ૫૮ લોકો માર્યા ગયા હતા અને ૨૫૦થી વધુ ઘાયલ થયા હતા. તેમણે કહ્યું હતું કે શંકાસ્પદોને પકડવા માટે છેલ્લા છ મહિનામાં આંધ્ર પ્રદેશ અને કર્ણાટકના પોલીસ દળો સાથે મળીને બે ઓપરેશન હાથ ધરવામાં આવ્યા હતા. સિદ્દીકી અને અલીની આંધ્ર પ્રદેશના કડપ્પા જિલ્લામાંથી ધરપકડ કરવામાં આવી હતી જ્યારે સાદિકની કર્ણાટકના વિજયપુરામાંથી ધરપકડ કરવામાં આવી હતી. ધરપકડ કરાયેલા વ્યક્તિઓ કરિયાણાની દુકાન, દરજીની દુકાન અને રિયલ એસ્ટેટ ચલાવવા જેવા વ્યવસાયોમાં સામેલ હતા.

આટલા વર્ષો પછી તેમની ધરપકડ કરવામાં આવી રહી હોવાથી પોલીસે તેમની ઓળખ મેળવવા માટે ''ચોક્કસ માપદંડો'' નો ઉપયોગ કર્યો હતો. પોલીસ વડાએ કહ્યું હતું કે અટકાયતના ૨૪ કલાકની અંદર તેમની ઓળખની પુષ્ટી થઇ હતી. તેમણે કહ્યું કે સિદ્દીકી અને અલી કોઈપણ પ્રતિબંધિત સંગઠન સાથે સંકળાયેલા ન હતા પરંતુ સાદિક પ્રતિબંધિત અલ-ઉમ્મા જૂથનો ભાગ હોવાની શંકા છે. તેમની સંભવિત વિદેશ યાત્રાઓ સહિત વિવિધ વિગતો જાણવા માટે તપાસ ચાલુ છે.

એક સત્તાવાર નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે તમિળનાડુ ગુપ્તચર વિભાગે એટીએસ સાથે મળીને કોઈમ્બતુર પોલીસ સાથે મળીને સિદ્દીકીને પકડવા માટે ઘણા મહિનાઓ પહેલા 'ઓપરેશન એરામ' શરૂ કર્યું હતું. કેરળ, કર્ણાટક વગેરે રાજ્યોની ઘણી કેન્દ્રીય એજન્સીઓ અને રાજ્ય પોલીસ દળો સતત તેને શોધી રહ્યા હતા. તે અનેક બૉમ્બવિસ્ફોટો અને સાંપ્રદાયિક હત્યાના કેસોમાં વોન્ટેડ હતો. તે આઇડી બનાવવામાં કુશળ હતો. પોલીસ ટીમે કાળજીપૂર્વક રચાયેલ 'હ્યુમન ઇન્ટેલિજન્સ' અને 'ટેક્નિકલ ઇન્ટેલિજન્સ'નો ઉપયોગ કરીને તેને આંધ્ર પ્રદેશના અન્નમય જિલ્લાના કડાપા નજીક રાયચોટીથી પકડ્યો હતો. બાદમાં અલીની ધરપકડ કરવામાં આવી હતી અને બંનેને અહીંની સ્થાનિક અદાલત દ્વારા કસ્ટડીમાં મોકલવામાં આવ્યા હતા.

સાદિક અલી ઉર્ફે દરજી રાજાને પકડવા માટે 'આગાઝી' ઓપરેશન શરૂ કરવામાં આવ્યું હતું. તે ચાર સંવેદનશીલ કેસોમાં વોન્ટેડ છે. તે ૨૯ વર્ષથી ફરાર હતો. કિશોરાવસ્થા પછી તેનો કોઈ ફોટોગ્રાફ ઉપલબ્ધ નહોતો. તેની ૯ જુલાઇના રોજ કર્ણાટકના વિજયપુરાથી ધરપકડ કરવામાં આવી હતી અને બાદમાં તેને કોઈમ્બતુર લાવવામાં આવ્યો હતો. ■

**શ્રાવણઃ** પ્રયાગરાજમાં પવિત્ર 'શ્રાવણ' મહિનાના પ્રથમ દિવસે ગંગા નદીમાં પવિત્ર સ્નાન કરતા શ્રદ્ધાળુઓ. ઉત્તર ભારતમાં શ્રાવણ મહિનો પશ્ચિમ ભારત કરતાં વહેલો શરૂ થાય છે. (પીટીઆઇ)



# આસામ અને બિહાર સહિત અનેક રાજ્યમાં પૂરનું જોખમ

નવી દિલ્હી : કેન્દ્રીય જળ આયોગ (સીડબ્લ્યુસી) એ શુક્રવારે જારી કરેલા તેના દૈનિક પૂર બુલેટિનમાં જણાવ્યું હતું કે, સમગ્ર ભારતમાં ૨૦ નદીમાં હજુ પણ પૂરના જોખમ હેઠળ છે, જેમાં આસામમાં એક અને બિહારમાં બે સ્થળ ગંભીર પૂરની સ્થિતિનો સામનો કરી રહ્યા છે.

ગંભીર પૂરની સ્થિતિ હેઠળના સ્થળો બ્રહ્મપુત્ર અને તેની ઉપનદીઓ આસામના ગોલાઘાટ અને ગંગાની ઉપનદીઓ બાગમતી અને ગંડકના કિનારે અનુક્રમે સ્થિત છે, અને મુઝફ્ફરપુર અને ગોપાલગંજમાં ગંગાની ઉપનદીઓ બાગમતી અને ગંડક છે. બુલેટિનમાં નોંધાયું છે કે આ સ્થળોએ પાણીનું સ્તર ભયના નિશાનને વટાવી ગયું છે. ■

# છત્તીસગઢમાં બોરવેલ ડ્રિલિંગ ટ્રક ખીણમાં ખાબકતા પાંચનાં મોત

રાયપુરઃ છત્તીસગઢના કબીરધામ જિલ્લામાં શુક્રવારના રોજ એક બોરવેલ ડ્રિલિંગ ટ્રક એક નાની ખીણમાં ખાબકતા પાંચ કામદારોનાં મોત નીપજ્યાં હતાં. જ્યારે ચાર ઘાયલ થયા હતા. આ માહિતી પોલીસે આપી હતી.

કબીરધામના અધિક પોલીસ અધિક્ષક પુષ્પેન્દ્ર સિંહ બઘેલના જણાવ્યા અનુસાર આ દુર્ઘટના કુકદુર પોલીસ સ્ટેશન વિસ્તાર હેઠળના ચાટા ગામ નજીક વહેલી સવારે બની હતી. વાહન પડોશી રાજ્ય મધ્ય પ્રદેશથી આવી રહ્યું હતું. તેમણે જણાવ્યું કે પ્રાથમિક માહિતી મુજબ નવ લોકોને લઇ જતી ટ્રક એક નાની ખીણમાં ખાબકી અને પલટી મારી ગઇ હતી.

અધિકારીએ જણાવ્યું કે ટ્રકમાં સવાર ત્રણ લોકોના ઘટનાસ્થળે જ મોત નીપજ્યાં હતાં. જ્યારે બાકીના લોકોને હોસ્પિટલ લઇ જવામાં આવ્યા હતા. જ્યાં બે લોકોએ દમ તોડ્યો હતો. ચાર ઘાયલોની સારવાર ચાલી રહી છે. જો કે મૃતકોની ઓળખ હજુ સુધી થઇ શકી નથી. ■

# ભારત ઑપરેશન સિંદૂરમાં પાકમાંનું એકેય લક્ષ્ય ચૂક્યું નહોતુંઃ ડોભાલ

## 'દેશને યુદ્ધમાં કોઇ નુકસાન નહોતું થયું'

ચેન્નઇઃ ભારતના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજિત ડોભાલે શુક્રવારે દાવો કર્યો હતો કે ભારતે ઑપરેશન સિંદૂર વખતે પાકિસ્તાનમાંના ત્રાસવાદીઓની નવ છાવણી પર ચોકસાઇપૂર્વક હુમલા કરીને તેઓનો નાશ કર્યો હતો અને એક પણ લક્ષ્ય ચૂક્યું નહોતું. ભારતીય લશ્કરને આ યુદ્ધમાં નુકસાન થયું હોવાના આક્ષેપ ખોટા છે.

તેમણે જણાવ્યું હતું કે સરહદ પાર હુમલા કરવાની ભારતની ક્ષમતા અને સંરક્ષણ ટૅક્નોલૉજી ક્ષેત્રની પ્રગતિનો આપણને સૌને ગર્વ થવો જોઇએ.

ડોભાલે જણાવ્યું હતું કે ઑપરેશન સિંદૂર સાતમી મેએ રાતના એક વાગ્યા પછી હાથ ધરાયું હતું અને આખી લશ્કરી કામગીરી પૂરી કરતા માત્ર ૨૩ મિનિટ જ લાગી હતી.

તેમણે આઇઆઇટી, મદ્રાસના ૬૨મા દીક્ષાંત સમારંભને સંબોધતા જણાવ્યું હતું કે ઑપરેશન સિંદૂર દરમિયાન ભારતીય લશ્કરને નુકસાન થયું હોવાના દાવા ખોટા છે. જો ભારતીય લશ્કરને યુદ્ધમાં હાનિ પહોંચી હોવાનું સાબિત કરતો એક ફોટો પણ કોઇની પાસે હોય, તો તે બતાવે.

જમ્મુ અને કાશ્મીરના પહલગામમાં ૨૨ એપ્રિલે ત્રાસવાદીઓ દ્વારા પાકિસ્તાનની મદદથી નિર્દોષ લોકોની કરાયેલી હત્યાનો બદલો લેવા ભારતે પાકિસ્તાન સામે 'ઑપરેશન સિંદૂર' નામની લશ્કરી કાર્યવાહી હાથ ધરી હતી અને તેમાં અનેક ત્રાસવાદી છાવણીઓ તેમ જ પાકિસ્તાનના લશ્કરનાં કેટલાંક મથકનો નાશ કર્યો હતો.

ભારતના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકારે જણાવ્યું હતું કે શસ્ત્રો અત્યાધુનિક ટૅક્નોલૉજીવાળા હોવા બહુ જરૂરી છે. ઑપરેશન સિંદૂરમાં વપરાયેલાં મોટા ભાગનાં શસ્ત્રો અત્યાધુનિક ટૅક્નોલૉજીનો ઉપયોગ કરીને સ્વદેશમાં જ તૈયાર કરાયાં હતાં. બ્રહ્મોસ (મિસાઇલો)એ દુશ્મન દેશમાં નિર્ધારિત લક્ષ્યને સાધ્યા હતા. ઉપગ્રહોની મદદથી લેવાયેલી પાકિસ્તાનમાંના ઍર બૅઝની તસવીરો હકીકત જણાવે છે. (એજન્સી)■

## પહેલા પાનાનું ચાલુ

### ભારત-ઈંગ્લૅન્ડ મૅચ

લઈ ચૂક્યા હતા, પરંતુ એ નવો બૉલ ફક્ત ૧૦ ઓવર જૂનો થયો હોવા છતાં એ યોગ્ય શેપમાં ન હોવાને કારણે ગિલ ઍન્ડ કંપનીએ અમ્પાયરનો સંપર્ક કર્યો હતો. તેઓ અમ્પાયરને મળ્યા ત્યારે અમ્પાયરે 'રિંગ ટેસ્ટ' માટેના ગેજનો સહારો લીધો હતો. એ ગેજની બે રિંગમાંથી પહેલી રિંગમાંથી બૉલ પસાર થઈ જાય તો બૉલ યોગ્ય શેપમાં છે એવું મનાય છે, પરંતુ અમ્પાયરના ગેજની પ્રથમ રિંગમાંથી બૉલ પસાર નહોતો થયો. એનો અર્થ એ થયો કે એ બૉલ ખરાબ હતો, યોગ્ય આકારમાં નહોતો.

એ પછી નવો બૉલ મગાવાયો હતો, પણ શુભમન ગિલ એ નવા બૉલના આકાર વિશે પણ સહમત નહોતો. એ મુદ્દે ગુસ્સામાં અમ્પાયર સાથે તેની ચર્ચા થઈ હતી, કારણકે બૉલની આ બબાલને લીધે રમત પરની ભારતીય ખેલાડીઓની એકાગ્રતાને વિપરીત અસર થઈ રહી હતી.

ગિલની સાથે મોહમ્મદ સિરાજ પણ હતો અને સિરાજે ગુસ્સામાં જે કંઈ કહ્યું એ સ્ટમ્પ-માઇક મારફત સાંભળી શકાતું હતું. સિરાજ અમ્પાયરને કહી રહ્યો હતો, ' આ બૉલ માત્ર ૧૦ ઓવર જૂનો થયો હોય એવું લાગે છે તમને? એનો આકાર તો જુઓ કેટલો બધો બદલાઈ ગયો છે.'

આ ટેસ્ટના અમ્પાયરોમાં બાંગ્લાદેશના શરફદૌલા અને પીઢ અમ્પાયર પૉલ રાયફલનો સમાવેશ છે. વેસ્ટ ઇન્ડિઝના ભૂતપૂર્વ બૅટ્સમૅન રિચી રિચર્ડસન મૅચ-રેફરી છે.

ભારતીય ખેલાડીઓના એકધારા વિરોધને પગલે અમ્પાયરે ૯૯મી ઓવરમાં ફરી વાર બૉલ બદલવાનો નિર્ણય લીધો હતો. ■

### અમદાવાદમાં રોગચાળો

દિવસમાં ઝાડા-ઉલટીના ૭૧ કેસ, સાદા મલેરિયાના ૬ કેસ, ઝેરી મલેરિયાનો ૧ કેસ અને ડેન્ગ્યુના ૩ કેસ નોંધાયા છે.

મહત્ત્વનું છે કે, એક સપ્તાહમાં લગભગ ૨૦,૦૦૦ દર્દીઓ ઓપીડીમાં નોંધાયા છે. સોલા સિવિલ હોસ્પિટલ દ્વારા આપવામાં આવેલી માહિતી મુજબ, છેલ્લા સપ્તાહમાં ડેન્ગ્યુના ૧૮૬ શંકાસ્પદ કેસોમાંથી ૧૮ પોઝિટિવ કેસ મળી આવ્યા છે, જ્યારે ગયા મહિને ૪૦૦ શંકાસ્પદ કેસ નોંધાયા હતા. મલેરિયાના ૪૫૮ શંકાસ્પદ કેસોમાંથી ૧૧ કેસ પોઝિટિવ આવ્યા છે. ચિકનગુનિયાના ૪ શંકાસ્પદ કેસ નોંધાયા છે. ઉપરાંત, ઝાડા-ઉલટીના ૨૮ કેસ અને ટાઈફોઈડના ૧૦ કેસ નોંધાયા છે. સ્વાઇન ફ્લૂના ૧૮ શંકાસ્પદ કેસ નોંધાયા હતા, પરંતુ એમાંથી કોઈપણ કેસ કન્ફર્મ થયો નથી. ■

### પાકિસ્તાનમાં બસના

બાદમાં તેઓને ઠાર મરાયા હતા. પાકિસ્તાનના સલામતી દળ પર અવારનવાર હુમલા કરતા બલૂચિસ્તાન લિબરેશન ફ્રંટે આ હુમલાની જવાબદારી લીધી હતી.

સ્થાનિક સત્તાવાળાઓએ આ હિંસામાં મરનારા નવ જણના મૃતદેહ હૉસ્પિટલમાં પોસ્ટ-મોર્ટમ માટે અને બાદમાં દફનાવવા માટે મોકલ્યા હતા.

સુરક્ષા દળોએ આ ઘટના બાદ ધોરીમાર્ગ પરનો વાહનવ્યવહાર અટકાવી દીધો હતો અને હુમલાખોરોને પકડવા માટે શોધખોળ હાથ ધરી હતી.

બલૂચિસ્તાનના મુખ્ય પ્રધાન મીર સરફરાઝ બુગટીએ જણાવ્યું હતું કે બસના નિર્દોષ મુસાફરોની ઓળખ તપાસીને તેઓની હત્યા કરવાનું કૃત્ય ગંભીર ગુનો ગણાય. બલૂચિસ્તાનની ધરતી પર નિર્દોષ લોકોની કરાયેલી હત્યાનો બદલો લેવાશે. હુમલાખોરો જો ભૂગર્ભમાં છુપાયા હશે, તો પણ ત્યાંથી તેઓને શોધી કઢાશે.

બલૂચિસ્તાનમાં આ સૌપ્રથમ વખત હુમલાખોરોએ પાકિસ્તાનના પંજાબ પ્રાંતના લોકોની ઓળખ નક્કી કરીને તેઓની હત્યા કરી હતી.

અફઘાનિસ્તાનની સરહદની પાસે આવેલા પાકિસ્તાનના બલૂચિસ્તાનમાં હિંસાની ઘટના અવારનવાર બનતી રહે છે. (પીટીઆઇ)■

### ટ્રમ્પની કેનેડાને

દાણચોરી રોકવામાં ઘણી સફળતા મેળવી છે. કેનેડાની સરકારે અમેરિકા સાથેના વેપારને લગતી દ્વિપક્ષી મંત્રણામાં દેશના શ્રમિકો અને વેપારના હિતનું હંમેશાં રક્ષણ કર્યું છે.

અગાઉ, ટ્રમ્પે કેનેડાના વડા પ્રધાન માર્ક કાર્નીને ફેબ્રુઆરીમાં લખેલા પત્રમાં ટૅરિફ વધારીને પચીસ ટકા કરવાની ચીમકી આપી હતી અને આક્ષેપ કર્યો હતો કે કેનેડા ફેન્ટેનીલની દાણચોરી રોકવામાં નિષ્ફળ ગયું છે.

અમેરિકા પહેલી ઑગસ્ટથી અનેક દેશ પર વધુ ટૅરિફ લાદવાનું છે. કેનેડા અમેરિકાનું મેક્સિકો પછીનું સૌથી મોટું વેપાર-ભાગીદાર રાષ્ટ્ર છે.

અગાઉ, ટ્રમ્પે કેટલાક દેશથી આયાત કરવામાં આવતા માલસામાન પરની ટૅરિફના નવા દરની બુધવારે જાહેરાત કરી હતી.

ફિલિપાઇન્સ સામે પચીસ ટકા, ઇરાક પર ૩૦ ટકા, મૉલ્ડોવા પર પચીસ ટકા, અલ્જિરિયા પર ૩૦ ટકા, લિબિયા પર ૩૦ ટકા અને બ્રુનેઇ પર પચીસ ટકા ટૅરિફ લાદવાની જાહેરાત કરી હતી.

અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે જાપાન અને દક્ષિણ કોરિયા ખાતેથી અમેરિકામાં આયાત કરાતા માલસામાન પર પચીસ ટકા ટૅરિફ લાદવાની જાહેરાત કરી હતી. તેમણે પહેલી ઑગસ્ટથી બાંગ્લાદેશ સહિત ડઝન જેટલા દેશ ખાતેથી અમેરિકામાં આયાત કરવામાં આવનારા માલસામાન પર નવા ટૅરિફ-દર લાદવાની જાણ કરતા પત્રો લખ્યા હતા.

અમેરિકામાં મ્યાનમાર અને લાઓસ ખાતેથી આયાત કરાતા સામાન પર ૪૦ ટકા ટૅક્સ, કમ્બોડિયા અને થાઇલૅન્ડના માલ પર ૩૬ ટકા, સર્બિયા અને બાંગ્લાદેશ પર ૩૫ ટકા, ઇન્ડોનેશિયા પર ૩૨ ટકા, દક્ષિણ આફ્રિકા તેમ જ બોસ્નિયા અને હર્ઝગોવિના પર ૩૦ ટકા, કઝાખસ્તાન, મલયેશિયા અને ટ્યૂનિશિયા પર પચીસ ટકા ટૅક્સ લાદવામાં આવશે.

વાઇટ હાઉસનાં પ્રેસ સેક્રેટરી કેરોલિન લિવિટે જણાવ્યું હતું કે ટ્રમ્પ અમેરિકા દ્વારા આયાત કરાતા વિવિધ દેશના માલસામાન પરના નવા ટૅક્સના દર પોતાની જાતે જ નક્કી કરી રહ્યા છે. અમેરિકાના પ્રમુખે પૃથ્વી પરના દરેક દેશ સાથે વેપાર કરવા માટેની ટૅરિફ નક્કી કરી છે.

ટ્રમ્પે પોતાના દ્વારા નક્કી કરાયેલા નવા ટૅરિફ-દરને લગતા પત્રો વિવિધ દેશના નેતાઓને મોકલવા ઉપરાંત પોતાના સોશિયલ મીડિયા પર પણ મૂક્યા હતા.

ટ્રમ્પ હાલમાં યુરોપિયન યુનિયનના સભ્ય દેશો અને ભારત સાથેના વેપારને લગતા કેટલાક મતભેદ દૂર કરવા પ્રયાસ કરી રહ્યા છે તેમ જ ચીન સાથે પણ આ મુદ્દે વધુ વાટાઘાટ ચાલી રહી હોવાનું કહેવાય છે.

દરમિયાન, એશિયા સોસાયટી પોલિસી ઇન્સ્ટિટ્યૂટનાં ઉપપ્રમુખ વેન્ડી કટલરે જણાવ્યું હતું કે જાપાન અને દક્ષિણ કોરિયા પર લદાયેલો ઊંચો ઇમ્પોર્ટ ટૅક્સ ખેદજનક બાબત ગણાય. આ બન્ને દેશ જહાજના બાંધકામ, સૅમિકન્ડક્ટર્સ, મહત્ત્વની ખનિજ અને ઊર્જા જેવા ક્ષેત્રે તેમ જ આર્થિક બાબતોમાં અમેરિકાના અગત્યના ભાગીદાર છે.

અમેરિકા દ્વારા જાપાન અને દક્ષિણ કોરિયાથી વાહનો, ઇલેક્ટ્રોનિક્સ જેવી ઘણી ચીજોની મોટા પાયે આયાત કરાય છે અને હવે તે અમેરિકામાં ઊંચા ભાવે વેચવી પડશે. (એજન્સી)■

# ગંભીરા બ્રિજ દુર્ઘટનાને પગલે સુરત વહીવટી તંત્ર એલર્ટઃ એક દિવસીય ડ્રાઈવ યોજીને તમામ પુલોની ચકાસણી કરવાનો જિલ્લા કલેક્ટરનો હુકમ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરત જિલ્લા કલેકટર ડો.સૌરભ પારધીના અધ્યક્ષસ્થાને સુરત શહેર-જિલ્લામાં આવેલા બ્રિજોની સ્થાપના સમય તેમજ હાલની વર્તમાન પરિસ્થિતિ અંગે સમીક્ષા બેઠક યોજવામાં આવી હતી. રાજ્યના મુખ્ય પ્રધાન દ્વારા તમામ જિલ્લાના કલેકટરોને તાજેતરમાં વડોદરા જિલ્લાના મુજપુર- ગંભીરા બ્રિજ જેવી ઘટના ન બને તે માટે સૂચનાઓ આપતા, સુરત કલેકટરએ તાકીદની બેઠક યોજી સંબંધિત અધિકારીઓને સૂચનાઓ આપી હતી. જિલ્લા કલેકટર કચેરીના સભાખંડમાં યોજાયેલી બેઠકમાં જિલ્લા કલેકટરે એક દિવસીય ડ્રાઈવ યોજી તમામ ઓવરબ્રિજો, નાળા અને ઓવરપાસ જેવા પુલોનું તાત્કાલિક ટેસ્ટિંગ, સ્ટ્રક્ચરલની ચકાસણી કરવા માટે નેશનલ હાઇવે ઓથોરિટી, મેટ્રો, માર્ગ અને મકાન વિભાગ, રેલવે, સુરત મહાનગરપાલિકા, સુડા, રાજ્ય તથા પંચાયત વિભાગના અધિકારીઓને નિર્દેશ આપ્યો હતો.

આ સાથે જ પ્રાંત અધિકારીઓ, નાયબ જિલ્લા વિકાસ અધિકારીઓ, મામલતદારો પણ તેમના વિસ્તારના બ્રિજોની ચકાસણી કરવા જણાવ્યું હતું. આ સંદર્ભે સુરત જિલ્લામાં આવેલ તમામ પુલોનું તકનિકી રીતે વિશ્લેષણ થાય તેમજ અન્ય જોખમકારક સંકેતોની ઓળખ કરી જરૂરી સુધારાત્મક પગલાં લેવા સૂચના આપી હતી. જરૂરિયાત જણાય તો તકેદારીના ભાગરૂપે આવા બ્રિજોને બંધ કરવા સૂચના આપી હતી.

નેશનલ હાઈવે ઓથોરિટી, માર્ગ અને મકાન વિભાગ સ્ટેટ તથા પંચાયત હસ્તકના દરેક પુલ માટે પુલની વર્તમાન સ્થિતિ, ચકાસણી કરી એક દિવસમાં સ્ટેટ્સ રિપોર્ટ સબમિટ કરાવ્યું હતું. આ તકે તમામ અધિકારીઓએ તેમના વિભાગ હેઠળના બ્રીજોની વર્તમાન સ્થિતિ અંગેની વિગતો રજૂ કરી હતી.

આ બેઠકમાં સુડાના મુખ્ય કારોબારી અધિકારી કે.એસ.વસાવા, નિવાસી અધિક કલેકટર વિજય રબારી, માર્ગ મકાન સ્ટેટ, પંચાયતના કાર્યપાલક ઈજનેરો, રેલવે, મેટ્રો, પોલીસ, નગરપાલિકાના પ્રાદેશિક અધિકારી, પ્રાંત અધિકારીઓ, મામલતદારશ્રીઓ, ચીફ ઓફિસરો, હાઈવેના અધિકારીઓ, ડી.એફ.સી.આઇ.એલના પ્રોજેકટ ઓફિસર સહિતના અન્ય અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ગુજરાતમાં સિઝનનો ૪૭ ટકાથી વધુ વરસાદઃ ૨૦૭ જળાશયોમાં ૫૪ ટકાથી વધુ જળસંગ્રહ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં ચોમાસાની ઋતુમાં સાર્વત્રિક મેઘમહેરના પરિણામે અત્યાર સુધીમાં ૪૭ ટકા જેટલો વરસાદ નોંધાયો છે. જેના પગલે સરદાર સરોવર સહિત રાજ્યના ૨૦૭ જળાશયોમાં કુલ સંગ્રહ શક્તિના ૫૪ ટકા જળ સંગ્રહ થયો છે. ગુજરાતની જીવાદોરી સમાન સરદાર સરોવર યોજનામાં હાલમાં કુલ સંગ્રહ શક્તિના ૪૯.૪૨ ટકા પાણીનો જથ્થો ઉપલબ્ધ છે. જ્યારે મધ્ય ગુજરાતનાં ૧૭ જળાશયોમાં સૌથી વધુ ૬૨.૮૩ ટકા જળ સંગ્રહ, સૌરાષ્ટ્રનાં ૧૪૧ જળાશયોમાં ૬૩.૩૭ ટકા જળ સંગ્રહ, કચ્છનાં ૨૦ જળાશયોમાં ૫૬.૦૭ ટકા, દક્ષિણ ગુજરાતનાં ૧૩ જળાશયોમાં ૫૫.૬૭ ટકા જ્યારે ઉત્તર ગુજરાતનાં ૧૫ જળાશયોમાં ૪૬.૭૯ ટકા જળ સંગ્રહ ઉપલબ્ધ છે. આમ સરદાર સરોવર સિવાય રાજ્યનાં ૨૦૬ જળાશયોમાં કુલ સંગ્રહ શક્તિના ૫૬.૭૬ ટકા પાણીનો જથ્થો છે.

રાજ્યમાં હાલમાં ચોમાસાની ઋતુમાં સૌથી વધુ કચ્છમાં સરેરાશ ૫૭ ટકા, દક્ષિણ ગુજરાતમાં ૫૨. ૧૮ ટકા, સૌરાષ્ટ્રમાં ૪૭.૦૧ ટકા, પૂર્વ મધ્યમાં ૪૫.૯૦ ટકા જ્યારે ઉત્તર ગુજરાતમાં ૪૨.૦૮ ટકા સરેરાશ વરસાદ થયો છે. જેના ફળ સ્વરૂપે રાજ્યના ૨૪ જળાશયો ૧૦૦ ટકાથી વધુ, ૫૪ જળાશયો ૭૦ થી ૧૦૦ ટકાની વચ્ચે, ૪૪ જળાશયો ૫૦ થી ૭૦ ટકાની વચ્ચે જ્યારે ૪૦ જળાશયો ૨૫ થી ૩૫ ટકાની વચ્ચે ભરાયાં છે. જેથી રાજ્યનાં ૩૮ જળાશયો માટે હાઈ એલર્ટ, ૨૦ જળાશયો એલર્ટ પર જ્યારે ૨૦ જળાશયો માટે વૉર્નિંગ જાહેર કરવામાં આવી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ભારે વરસાદના કારણે રાજ્યમાં હાલની સ્થિતિએ વડોદરા જિલ્લામાં બે સ્ટેટ હાઈવે અને છોટાઉદેપુર તાલુકામાં માત્ર એક નેશનલ હાઈવે સિવાય બાકીના તમામ રોડ રસ્તા ચાલુ છે. આ બંધ રોડ પણ બનતી ત્વરાએ ચાલુ કરાશે.

# મેડિકલ સ્ટોર પર પોલીસ તપાસનો કેમિસ્ટ એસો.નો વિરોધઃ દવાઓનું વેચાણ બંધ કરવાની ચીમકી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં નશાકારક દવાઓનો ઉપયોગ અને ગેરકાયદે દવાઓના વેચાણ રોકવા માટે પોલીસ દ્વારા કાર્યવાહી કરવામાં આવી રહી છે. રાજ્યભરના તમામ મેડિકલ સ્ટોર પર પોલીસ દ્વારા ચેકિંગ કરવામાં આવી રહ્યું છે.

મેડિકલોમાં તપાસ મુદ્દે કેમિસ્ટ એસો. પ્રમુખે બળાપો કાઢ્યો હતો. પોલીસની કાર્યવાહીનો જશુ પટેલે વિરોધ નોંધાવ્યો હતો. જસુ પટેલે કહ્યું હતું કે, અમે દવાઓ વેચવાની બંધ કરી દઈશું. ડોક્ટર અને દર્દીઓને દવાઓ નહીં મળે તો તેની જવાબદારી સરકારની રહેશે.

જો કે, ગુજરાત ફાર્માસિસ્ટ એસોસિયેશનના પ્રમુખ રજનીકાંત ભારતીય દ્વારા પોલીસની કામગીરીને બિરદાવવામાં આવી હતી. તેમણે જનતાના આરોગ્યને હિતમાં નશાનો વેપાર કરતા મેડિકલ સ્ટોર્સ વિરુદ્ધ ઈતિહાસની સૌથી મોટી ડ્રાઈવ ચલાવવાની ગૃહ પ્રધાન હર્ષ સંઘવી અને પોલીસ વડા વિકાસ સહાયની સરાહનીય કામગીરીને બિરદાવી હતી. મેડિકલોમાં કઈ ખોટું નથી થતું તો જસુ પટેલને તપાસનો ડર કેમ છે?

અત્રે ઉલ્લેખનીય છે કે, રાજ્યમાં આ ચેકિંગનો મુખ્ય હેતુ દવાઓનું પ્રિસ્ક્રિપ્શન વગર વેચાણ, પ્રતિબંધિત દવાઓનું વેચાણ અને સંગ્રહ ખોરોને ધ્યાનમાં રાખીને કરવામાં આવી રહ્યું છે. મેડિકલોમાં તપાસ થતા કેમિસ્ટ એસો.ના પ્રમુખનો બળાપો બહાર આવ્યો છે. પોલીસ તપાસ બંધ કરાવવા સરકારનું નાક દબાવવા પ્રયાસ કર્યો છે.

# અમદાવાદમાં સરકારી શાળાનાં પુસ્તકો પસ્તીમાંઃ શિક્ષણાધિકારીનો તપાસનો આદેશ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ એક તરફ રાજ્યની સરકારી શાળાઓમાં વિદ્યાર્થીઓને પુસ્તકોનો અભાવ સતાવી રહ્યો છે, ત્યારે અમદાવાદમાંથી સરકારી શાળાઓને વિનામૂલ્યે અપાતાં નવાં પુસ્તકો ભરેલી એક ટ્રક ઝડપાઈ છે. આમ આદમી પાર્ટી (આપ) અને કોંગ્રેસના કાર્યકર્તાઓએ સંયુક્ત રીતે આ કૌભાંડનો પર્દાફાશ કર્યો હતો. પ્રાથમિક તપાસમાં આ પુસ્તકો પંજાબ સગેવગે કરાઈ રહ્યા હોવાનું બહાર આવ્યું છે, જેના પગલે શિક્ષણ વિભાગે અમદાવાદ જિલ્લા શિક્ષણાધિકારીને તપાસના આદેશ આપ્યા હતા.

મળતી માહિતી અનુસાર, અમદાવાદના અસારવા વિસ્તારમાં આવેલી એક શાળામાંથી રાજ્ય સરકારના નવાં પુસ્તકો ટ્રક મારફતે અન્ય રાજ્યમાં સગેવગે કરાઈ રહ્યાં હતાં. છેલ્લા ૩ દિવસથી ચાલતી આ ગોબાચારીની જાણ આપ અને કોંગ્રેસના કાર્યકર્તાઓને થઈ હતી. જેથી આજે વોચ રાખી કાર્યકર્તાઓએ તાત્કાલિક કાર્યવાહી કરીને વિવિધ ધોરણનાં પુસ્તકો ભરેલી બે ટ્રકને ઝડપી પાડી હતી. જ્યારે કોંગ્રેસના કાર્યકર્તાઓએ ટ્રક ચાલકની પૂછપરછ કરી, ત્યારે તેણે ગોળ-ગોળ જવાબો આપ્યા હતા.

પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું હતું કે, આ પુસ્તકો ભરેલી ટ્રક પંજાબ જઈ રહી હતી, જ્યાં કેટલાક શખ્શો દ્વારા આ નવા પુસ્તકોને ભંગારના ગોડાઉનમાં પસ્તી તરીકે વેચવાનો પ્લાન હતો. કોંગ્રેસના કાર્યકર્તાઓએ ટ્રક ઝડપી પાડ્યા બાદ તાત્કાલિક સ્થાનિક પોલીસને જાણ કરી હતી.

આ પહેલો કિસ્સો નથી. બે દિવસ અગાઉ અરવલ્લી જિલ્લાના માલપુર સ્થિત એક ભંગારના વેપારીને ત્યાંથી ધોરણ ૧ થી ૮ ના ૫૦૦૦ જેટલા સરકારી પાઠ્ય પુસ્તકોનો મોટો જથ્થો મળી આવ્યો હતો. અરવલ્લી જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીની પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું હતું કે, મહીસાગર જિલ્લાના ખાનપુર પંથકમાંથી ભંગારના વેપારીએ આ સરકારી પુસ્તકોનો જથ્થો ખરીદ્યો હતો. આ મામલે અરવલ્લી જિલ્લા શિક્ષણ અધિકારીએ જણાવ્યું હતું કે, આ અંગે ઉચ્ચ કક્ષાએ રજૂઆત કરીને રિપોર્ટ કરવામાં આવ્યો છે. આ ઘટના દર્શાવે છે કે, સરકારી પુસ્તકોના વિતરણ અને વ્યવસ્થાપનમાં ગંભીર ક્ષતિઓ છે, જેને કારણે વિદ્યાર્થીઓને પુસ્તકોનો અભાવ વેઠવો પડે છે અને બીજી તરફ નવાં પુસ્તકો પસ્તીમાં વેચાઈ રહ્યા છે. આ મામલે સઘન તપાસ અને જવાબદારો સામે કડક કાર્યવાહીની માંગ ઊઠી રહી છે.

# બિનઅનામત વર્ગના ૧૪૯૯૩ વિદ્યાર્થીઓને ₹ ૨,૧૮૨ કરોડથી વધુની વિદેશ અભ્યાસ લોન મંજૂર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્ય સરકારે બિન અનામત વર્ગના તેજસ્વી વિદ્યાર્થીઓને ધોરણ-૧૨ પછી વિદેશ અભ્યાસ કરી શકે તથા પોતાની ઉચ્ચ કારકિર્દી બનાવી શકે તે માટે વર્ષ ૨૦૧૮થી 'વિદેશ અભ્યાસ લોન યોજના' અમલી બનાવી છે. ગુજરાતના વિદ્યાર્થીઓના સપનાને પાંખો આપતી રાજ્ય સરકારની 'વિદેશ અભ્યાસ લોન યોજના' હેઠળ અત્યાર સુધીમાં કુલ ૧૪,૯૯૩ વિદ્યાર્થીઓને રૂપિયા ૧૫ લાખ લેખે કુલ રૂપિયા ૨૧૮૨.૪૩ કરોડની લોન મંજૂર કરવામાં આવી છે. વિદેશી અભ્યાસ લોન યોજના હેઠળ, બિન-અનામત શ્રેણીના વિદ્યાર્થીઓને એક વર્ષ કે તેથી વધુ અથવા ઓછામાં ઓછા બે સેમેસ્ટર માટે વિદેશમાં ઉચ્ચ શિક્ષણ અભ્યાસક્રમો કરવા માટે વાર્ષિક ૪ ટકાના સરળ વ્યાજ દરે ૧૫ લાખ રૂપિયા સુધીની લોન આપવામાં આવે છે. આ યોજનાનો લાભ લેવા માટે વ્યક્તિગત અને કૌટુંબિક આવક મર્યાદા રૂપિયા ૦૬ લાખ રાખવામાં આવી છે. વિદેશ અભ્યાસ લોન યોજના હેઠળ લોન ધોરણ-૧૨ કે માન્યતા પ્રાપ્ત સમકક્ષ અભ્યાસક્રમમાં ૬૦ ટકા કે તેથી વધુ ગુણ ધરાવતા હોવા જોઇએ. ડિપ્લોમા, સ્નાતક, અનુસ્નાતક, પોસ્ટ ગ્રેજ્યુએટ ડીપ્લોમા,પી.એચ.ડી તેમજ તમામ ક્ષેત્રના અન્ય એકથી વધુ વર્ષના અથવા ઓછામાં ઓછા બે સેમેસ્ટરના સમયગાળા માટેના અભ્યાસક્રમો માટે પણ લોન મેળવવાને પાત્ર રહેશે. એક જ પરિવારના વધુમાં વધુ બે વિદ્યાર્થીઓને આ યોજનાનો લાભ મળશે. આ યોજના હેઠળ આપવામાં આવેલી લોનમાં રૂપિયા ૫ લાખ સુધીની કિસ્સામાં અભ્યાસ પૂર્ણ કર્યા બાદ ૧ વર્ષ છૂટ બાદ પાંચ વર્ષના સરખા માસિક હપ્તામાં ભરવાની રહેશે. જ્યારે રૂપિયા ૫ લાખથી વધુની લોનના કિસ્સામાં અભ્યાસ પૂર્ણ કર્યા બાદ એક વર્ષ છૂટ બાદ છ વર્ષના સરખા માસિક હપ્તામાં ભરવાની રહેશે.

# નવસારી રેલવે સ્ટેશન પર ટ્રેન અડફેટે બે યુવાનોના કરુણ મોતઃ બંને બનાસકાંઠાના રહેવાસી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ નવસારી રેલવે સ્ટેશન વિસ્તારમાં બે યુવાનોના ટ્રેનની અડફેટે આવી જતા બે યુવકોનાં મૃત્યુ નીપજ્યાં હતા. બનાસકાંઠાના ધાનેરા તાલુકાના સેરા ગામમાં કલ્યાણ ભાઈ અને ઉત્તમ ઠોકર બંને રોજગારી અર્થે નવસારી ખાતે આવ્યા હતા. ટ્રેનમાંથી નીચે ઉતર્યા બાદ રેલવે લાઈન ક્રોસ કરતા દુર્ઘટના બની હતી. અમદાવાદ તરફ જતી લોકશક્તિ એક્સપ્રેસના લોકો પાયલટે મૃતદેહ જોતા નવસારી રેલવે સ્ટેશનને જાણ કરી હતી. આ ઘટનાની જાણ રેલવે પોલીસ અને સ્થાનિક પોલીસને થતા પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી. મૃતદેહનો કબજો લઈ પોસ્ટમોર્ટમ અર્થે ખસેડવામાં આવ્યો હતો. નવસારી સિવિલ હોસ્પિટલ પર મોટી સંખ્યામાં બનાસકાંઠા ખાતે રહેતા સમાજના અગ્રણીઓ ભેગા થયા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે, છેલ્લા કેટલાક સમયથી નવસારી જિલ્લામાં ટ્રેનની અડફેટે મૃત્યુ પામનારની સંખ્યા વધી રહી છે. જેને કેમ નાથવુ તે રેલવે પોલીસ માટે પણ મોટો પ્રશ્ન બની ચૂક્યો છે.

# અમદાવાદ મનપાએ શહેરમાં ત્રીજી જુલાઈ સુધીમાં ૫,૮૧,૦૦૦ છોડ વાવ્યા, ૪૦ લાખ છોડ વાવવાનો સંકલ્પ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ મિશન ૪૦ લાખ વૃક્ષો પહેલ સારી રીતે ચાલી રહી છે, શહેરમાં ત્રીજી જુલાઈ સુધીમાં ૫,૮૧,૦૦૦ છોડ વાવ્યા છે.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની હેરિટેજ અને રિક્રિએશન કમિટી દ્વારા તાજેતરમાં યોજાયેલી બેઠક દરમિયાન આ જાણકારી આપવામાં આવી હતી. આ મહત્વાકાંક્ષી પ્રોજેક્ટનો હેતુ કુલ ૪૦ લાખ વૃક્ષો વાવવાનો છે, બાકીના ૩૪.૧૯ લાખ છોડ ચાલુ ચોમાસા દરમિયાન વાવવાનો છે.

આ ગ્રીન પહેલ માટેની યોજના શરૂઆતમાં ૩૦ મે, ૨૦૨૫ ના રોજ મંજૂર કરવામાં આવી હતી, જેનો અંદાજિત ખર્ચ રૂ. ૬૯ કરોડ હતો.

તેમાં શહેરના વિવિધ પ્લોટમાં ૫.૨૫ લાખ ચોરસ મીટર જમીન પર ૪૦ લાખ છોડ વાવવા અને બે વર્ષ સુધી તેમની જાળવણી કરવાનો સમાવેશ થાય છે. મનપાએ વાવેતરના પ્રયાસોને મહત્તમ બનાવવા માટે વ્યૂહાત્મક રીતે ઘણા પ્લોટ પસંદ કર્યા છે.

# અમદાવાદ જિલ્લામાં માર્ગ મકાન વિભાગે હાથ ધરેલા સર્વેમાં ૧૫ બ્રિજ સલામતઃ ત્રણ ક્ષતિગ્રસ્ત હોવાનો ખુલાસો

અમદાવાદઃ જિલ્લામાં પૂલોની સ્થિતિ અંગે માર્ગ અને મકાન વિભાગ દ્વારા સર્વે હાથ ધરવામાં આવ્યો હતો. જેમાં સમગ્ર જિલ્લાના કુલ ૧૮ બ્રિજ પૈકીના ૧૫ બ્રિજ સંપૂર્ણ સલામત હોવાનો અહેવાલ સોંપવામાં આવ્યો હતો. અમદાવાદ જિલ્લામાં આવતા તમામ બ્રિજનો, ચોમાસા પૂર્વે જ પ્રિ મોન્સૂન સર્વે રિપોર્ટ સુપરત કરાયો હતો. આ રિપોર્ટમાં જિલ્લાના ૩ બ્રિજ મધ્યમ ક્ષતિગ્રસ્ત હોવાનો ઉલ્લેખ કરાયો છે. નદી ઉપરના ૩ માંથી ૨ સ્થળે હાઇ લેવલ બ્રિજ બનાવવાની કામગીરીને સરકારની મંજૂરી આપી છે. એ સિવાય ત્રણમાંથી એક બ્રિજના સ્થળે હાઇ લેવલ બ્રિજ બનાવવાની પ્રક્રિયા મંજૂરી હેઠળ છે. અત્રે ઉલ્લેખનીય છે કે, અમદાવાદ જિલ્લામાં કુલ ૧૮ બ્રિજ આવેલા છે, જેમાંથી ૧૬ મેજર અને બે માઇનોર બ્રિજ છે. જેમાંથી ૪ રેલવે લાઇન ઉપરથી પસાર થાય છે. નદી ઉપર બનાવાયેલા ૪ મેજર અને ૧ માઇનોર બ્રિજ ૫૦ વર્ષ અને તેથી જૂના હોવાનું રિપોર્ટમાં જણાવાયું છે.

# ઈટાલિયા-અમૃતિયા વિવાદમાં ખોડલધામના નરેશ પટેલે બંને ધારાસભ્યોને માર્મિક ટકોર કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ મોરબીમાં બે દિવસ પહેલા જ અતિશય ભંગાર રસ્તા અને સામાન્ય વરસાદે પાણી ભરાવાથી ત્રાહિમામ પોકારી ગયેલા લોકોએ રસ્તા પર ઉતરીને રસ્તા રોકો આંદોલન કરીને તંત્રને નતમસ્તક કર્યું હતું. મોરબીના ભાજપના ધારાસભ્યએ આમ આદમી પાર્ટીના ધારાસભ્ય ગોપાલ ઇટાલિયાને ખુલ્લો પડકાર ફેંકતાં કહ્યું કે જો ઇટાલિયામાં હિંમત હોય તો મોરબી આવીને ચૂંટણી લડે! જો હું હારી જઇશ તો બે કરોડ રૂપિયા આપીશ. બીજી તરફ ગોપાલ ઇટાલિયાએ પણ ચેલેન્જ સ્વીકારતાં કહ્યું છે કે, હું તમારી ચેલેન્જ સહર્ષ સ્વીકારું છું, પણ મારી એક શરત છે! ૧૨ તારીખે બપોર પહેલાં તમે ધારાસભ્ય પદેથી રાજીનામું આપી દો! ધારાસભ્યોના ચેલેન્જના રાજકારણથી ફરીથી રાજકીય માહોલ ગરમાયો હતો. આ દરમિયાન આ વિવાદમાં ખોડલધામ નરેશની એન્ટ્રી થઈ હતી. ગોપાલ ઈટાલિયા અને કાંતિ અમૃતિયા વિવાદ પર નરેશ પટેલે આડકતરી ટકોર કરી હતી. તેમણે કહ્યું કે, પ્રજાએ ૫ વર્ષ માટે ધારાસભ્ય બનાવ્યા તો પુરા કરવા જોઈએ. મારી પાસે પ્રશ્નના સમાધાન માટે આવશે તો નિરાકરણ કરીશ. સોશિયલ મીડિયામાં વિવાદ ન કરી સમાજના કાર્યો કરવા દેવા જોઈએ.

નરેશ પટેલે કહ્યુ કે, સોશિયલ મીડિયાનો યુગ છે, ઘણા લોકો સમાજ માટે કામ કરતા લોકોના કામમાં રોડા નાખવાનું કામ કરતા હોય છે. સમાજ માટે જે કામ કરે છે તેને ફક્ત કામ કરવા દો.

# સુરતમાં ગૂંગળામણના લીધે ત્રણનાં મોત, જનરેટરના ધુમાડાના લીધે શ્વાસ રૂંધાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરતમાં એક કમકમાટીભરી ઘટના બની હતી, સુરતના ભાઠા ગામમાં ગૂંગળામણના કારણે એક જ પરિવારના ત્રણ સભ્યોના કરુણ મોત નિપજ્યા હતા. પ્રાથમિક તપાસ મુજબ, ઘરમાં ચાલુ રાખેલા જનરેટરના ધુમાડાથી શ્વાસ રૂંધાવાના કારણે આ દુર્ઘટના સર્જાઈ હોવાનું માનવામાં આવી રહ્યું છે. ઘટનાની જાણ થતા જ પોલીસ કાફલો અને ફાયરબ્રિગેડની ટીમ ઘટનાસ્થળે દોડી આવી હતી અને વધુ તપાસ હાથ ધરી હતી.

સુરતના ભાઠા ગામમાં જનરેટરના ધુમાડાથી ગૂંગળામણ થતા ત્રણ લોકો બાલુભાઈ પટેલ (ઉં.વ. ૭૭), સીતાબેન પટેલ (ઉં.વ.૫૬) અને વેદાબેન પટેલ (ઉં.વ.૬૦)ના મોત થયા હતા. રૂમમાં જનરેટર ચાલુ રહી જતા ધુમાડો રૂમમાં ફેલાઈ ગયો હતો. એક પુરુષ અને બે મહિલા એમ ત્રણના મોત થયાં હતા. ઘટનાની જાણ થતાં સ્થાનિક રહીશો મદદે દોડી આવ્યા હતા, તેમણે પોલીસને ઘટનાની જાણ કરતાં પોલીસ કાફલો ઘટનાસ્થળે પહોંચ્યો હતો.

સ્થાનિકો અને પોલીસ સાથે મળીને સૌ પ્રથમ જનરેટર બંધ કર્યું હતું અને મૃતદેહોને બહાર કાઢ્યા હતા.

મૃતદેહોને પીએમ અર્થે ખસેડવામાં આવ્યા હતા. પોલીસે તપાસનો ધમધમાટ શરુ કરી દીધો હતો. સ્થાનિકો અને પરિવારજનોના નિવેદન લેવામાં આવ્યા હતા. પોલીસે આ ઘટના કયા કારણોસર બની તે દિશામાં તપાસ શરૂ કરી છે.

# કૉંગ્રેસના ધારાસભ્ય કિરીટ પટેલે વડા પ્રધાન મોદી, ભાજપના વખાણ કરતાં પક્ષ છોડવાની અટકળો વહેતી થઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્યમાં તાજેતરમાં યોજાયેલી કડી અને વિસાવદર પેટાચૂંટણીમાં કોંગ્રેસની કારમી હાર થઈ હતી. જે બાદ ગુજરાત કોંગ્રેસના અધ્યક્ષ પદેથી શક્તિસિંહ ગોહીલે રાજીનામું આપ્યું હતું. જે બાદ નવા પ્રદેશ પ્રમુખના નામની ચર્ચા કરવા ગુજરાત કોંગ્રેસના નેતાઓ રાહુલ ગાંધી અને મલ્લિકાર્જુન ખડગેને મળ્યા હતા.

ગુજરાત વિધાનસભાની ખાતરી સમિતિના સભ્યોએ ગુરુવારે સ્ટેચ્યૂ ઓફ યુનિટી અને સરદાર સરોવર ડેમની મુલાકાત લીધી હતી. આ સમિતિમાં કિરીટસિંહ રાણા, હાર્દિક પટેલ, કિરીટસિંહ ડાભી, સુખાજી ઠાકોર, કિરીટ પટેલ અને ભગાભાઈ બારડનો સમાવેશ થાય છે. મુલાકાત દરમિયાન કોંગ્રેસના ધારાસભ્ય કિરીટ પટેલના સૂર બદલાયેલા જોવા મળ્યા હતા. તેમણે વડા પ્રધાન મોદી અને સ્ટેચ્યૂ ઓફ યુનિટી વખાણ કરતાં લોકોમાં ભારે આશ્ચર્ય થયું હતું. કિરીટ પટેલે વડા પ્રધાન નરેન્દ્ર મોદીના વખાણ કરતાં કહ્યું હતું કે સ્ટેચ્યૂ ઓફ યુનિટી બનાવવાનો વિચાર નરેન્દ્ર મોદીને આવ્યો એ સારી બાબત છે, ખૂબ સરસ પ્રતિમા બનાવી છે. સરદાર પટેલની પ્રતિમા બનાવવા બદલ નરેન્દ્ર મોદીને અભિનંદન પણ પાઠવ્યા હતા. આ ઉપરાંત તેમણે ઇજનેરો અને અધિકારીઓના પણ વખાણ કર્યા હતા.

# એસ.ટી. નિગમમાં ૨૩૨૦ નવનિયુક્ત કંડક્ટરને નિમણૂક પત્રો એનાયત કર્યા

અમદાવાદઃ મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે ગુજરાત રાજ્ય માર્ગ વાહનવ્યવહાર નિગમ એસ.ટી.માં નવી નિમણૂક મેળવેલા ૨૩૨૦ કંડક્ટર કક્ષાના યુવાઓ અને પાણી પુરવઠા બોર્ડમાં નવનિયુક્ત વિવિધ સંવર્ગના ૧૪૪ અધિકારીઓને મહાત્મા મંદિરમાં યોજાયેલા ગૌરવશાળી સમારોહમાં નિમણૂક પત્રો એનાયત કર્યા હતા. મુખ્ય પ્રધાને આ નવ યુવા માનવબળને ડેમોગ્રાફિક ડિવિડન્ડ ગણાવતા કહ્યું હતું કે, આ યુવાશક્તિની સેવાઓથી વિકસિત ભારત ૨૦૪૭ માટે વિકસિત ગુજરાત ૨૦૪૭ના નિર્માણમાં નવી ગતિ આવશે. એસ.ટી. સેવાઓ સામાન્યમાં સામાન્ય માનવીના જીવનને ગતિ આપે છે અને પાણી દરેક માનવીના જીવનનો આધાર છે આ બેય ક્ષેત્રો રાજ્યના વિકાસમાં ખૂબ મહત્ત્વના છે. મુખ્ય પ્રધાને આ સંદર્ભમાં કહ્યું કે, વડા પ્રધાન નરેન્દ્ર મોદીની વિઝનરી લીડરશિપમાં ગુજરાત દેશના વિકાસનું રોલ મોડલ બન્યું છે. એક સમયે પાણીની અછતનો સામનો કરનારું ગુજરાત સુદ્રઢ જળ વ્યવસ્થાપન, વિશાળ વોટર ગ્રીડ અને નર્મદાના જળથી જળક્રાંતિ કરનારું રાજ્ય બન્યું છે તેમ તેમણે ઉમેર્યું હતું. મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે એમ પણ જણાવ્યું હતું કે, ગામડાના કે શહેરના સૌના પરિવહન માટેની જીવાદોરી સમાન એસ.ટી.માં સેવારત થઈ રહેલા કંડક્ટર કક્ષાના ઉમેદવારો માટે પણ જન સેવાની મોટી ઈશ્વરીય તક આવી છે.

એસ.ટી નિગમના કંડક્ટર કક્ષાના ૨૩૨૦ ઉમેદવાર અને પાણી પુરવઠા વિભાગના વિવિધ સંવર્ગોમાં નિમણૂક પામેલા ઉમેદવારોને શુભકામનાઓ પાઠવતા વાહન વ્યવહાર પ્રધાન હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર દ્વારા વિવિધ ટેક્નોલોજીનો ઉપયોગ કરીને પરીક્ષા લઈને ૨૩૨૦ ઉમેદવારોને એસ. ટી વિભાગમાં એમની કુશળતાથી નોકરી પ્રાપ્ત કરી એસ.ટી પરિવારમાં જોડાવા બદલ સૌ ઉમેદવારોને અભિનંદન પાઠવું છું.

# ભાદરવી પૂનમ મહામેળા-૨૦૨૫ના સંદર્ભે કલેક્ટર મિહિર પટેલે બેઠક યોજી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ આગામી એકથી સાત સપ્ટેમ્બર દરમિયાન ભાદરવી પૂનમના મહામેળાનું આયોજન કરવામાં આવનાર છે. ત્યારે અરવલ્લીની ગિરિમાળાઓ ફરીથી 'બોલ મારી અંબે જય જય અંબે'ના નાદથી ગુંજશે. ૧૧ જુલાઈ શુક્રવારે ભાદરવી પૂનમ મહામેળા-૨૦૨૫ના સંદર્ભે કલેક્ટર મિહિર પટેલે બેઠક યોજી હતી. યાત્રિકોની સલામતી, ક્રાઉડ મેનેજમેન્ટ, સ્વચ્છતા, સેનિટેશન, આરોગ્ય અને પીવાના પાણી પર ઝિણવટભર્યું આયોજન કરવા સૂચન કરવામાં આવ્યું હતું.

દર વર્ષે લાખો ભક્તો મા અંબાના દર્શને આવે છે જેમની સુવિધા માટે બેઠકમાં વિશેષ ચિંતન કરવામાં આવ્યું હતું. આ બેઠકમાં સુરક્ષાને લઈને બનાસકાંઠા એસપીએ પણ સૂચનો આપ્યાં હતાં. અંબાજી મંદિરના વહીવટદારને પણ સુવિધા માટે સુચારુ આયોજન કરવા જણાવ્યું હતું.

# અમદાવાદના અસારવામાં રોડ ગટરની સમસ્યા મુદ્દે સ્થાનિકોએ ધારાસભ્યનો ઘેરાવ કર્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરના અસારવા વિસ્તારમાં રોડ ગટરની સમસ્યાને લઈ સ્થાનિકોએ ધારાસભ્ય દર્શનાબેન વાઘેલાનો ઘેરાવ કર્યો હતો. સ્થાનિકોએ પ્રજાના પ્રાથમિક સુવિધાના કામો ન થતા હોવાને લઈને ધારાસભ્ય દર્શનાબેન વાઘેલા સામે ઉગ્ર રજૂઆત કરી હતી. મળતી માહિતી મુજબ અમદાવાદના મેયર પ્રતિભા જૈનના વિસ્તાર શાહીબાગ વોર્ડમાં અને અસારવા વિધાનસભા વિસ્તારમાં આવતા જહાંગીરપુરા ગામમાં મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત સ્કૂલ ખાતે ચોપડા વિતરણનો કાર્યક્રમ હતો. ભાજપના અસારવા વિધાનસભાના ધારાસભ્ય દર્શનાબેન વાઘેલા અને શાહીબાગ વોર્ડના કોર્પોરેટરો તેમજ સંગઠનના હોદ્દેદારો કાર્યક્રમમાં હાજર હતા. છેલ્લા કેટલાય દિવસથી જહાંગીરપુરા ગામમાં ઉભરાતી ગટરોના પ્રશ્નને લઈને સ્થાનિક લોકોમાં રોષ હતો. ધારાસભ્ય જ્યારે કાર્યક્રમમાં આવ્યા ત્યારે સ્થાનિક લોકોનું ટોળું સ્કૂલ ઉપર પહોંચી ગયું હતું અને ઊભરાતી ગટરને લઈને રજૂઆત કરી હતી. સ્થાનિક લોકો ધારાસભ્ય દર્શનાબેન અને કોર્પોરેટરોને ઘેરી વળ્યા હતા તેઓએ રજૂઆત કરી હતી કે, છેલ્લા કેટલાય દિવસથી અમારા ઘરની આજુબાજુ ગટરો ઉભરાઈ રહી છે લોકો હેરાન પરેશાન થઈ રહ્યા છે જેથી આ મામલે નિરાકરણ લાવવાની રજૂઆત કરી હતી. સ્થાનિક લોકો ધારાસભ્ય અને કોર્પોરેટરોને જહાંગીરપુરા ગામમાં લઈ ગયા હતા અને ત્યાંથી તેમને પડતી સમસ્યાને લઈને રજૂઆત કરી હતી. ઉલ્લેખનીય છે કે છેલ્લા કેટલાય દિવસથી અમદાવાદ શહેરના નાગરિકો ખોદેલા રોડ અને ઊભરાતી ગટરો સહિતની પ્રાથમિક સમસ્યાના કામો થતા ન હોવાને લઈને ખૂબ જ ફરિયાદો કરી રહ્યા છે. એક તરફ ઠેર ઠેર રોડ ખોદી નાખવામાં આવ્યા છે અને ખાડા પડેલા છે. ક્યાંક ભૂવા પડેલા છે તો અનેક જગ્યાએ વરસાદી પાણી ભરાઈ જાય છે અને ગટર પણ ઊભરાય છે આવી સમસ્યાઓ અંગે સ્થાનિક ધારાસભ્યોને લોકો રજૂઆત કરે છે તો તેમના પ્રશ્નો સાંભળવામાં આવતા નથી.

# સંસ્થા સમાચાર

## ગુરુપૂર્ણિમાની ઉજવણી

ભુલેશ્વરના શ્રી જલારામ મંદિરમાં ગઈકાલે ગુરુપૂર્ણિમા નિમિત્તે ભવ્યાતિભવ્ય કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. ગુરુ-શિષ્યના અનેરા સંબંધોની પરંપરાને જીવંત રાખવા માટે દર વર્ષની જેમ આ વર્ષે પણ ઉત્સવની ઉજવણી કરવામાં આવી હતી. સવારે જલારામ બાપાની પાદુકાની પૂજા અને બપોરે આરતી સાથે મહાપ્રસાદની વ્યવસ્થા કરવામાં આવી હતી.

## વિઠ્ઠલમય ભુતા નગરી

અંધેરી ઈસ્ટમાં આવેલી શ્રી નાગરદાસ ધારસી ભૂતા હાઇસ્કૂલમાં અષાઢી એકાદશી નિમિત્તે ભક્તિમય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યુ હતું. શાળાનું પરિસર 'વિઠ્ઠલ વિઠ્ઠલ'ના જયઘોષ સાથે ગૂંજી ઉઠ્યુ હતું. વિઠ્ઠલ-રૂક્મણીની વિશેષ પૂજા અને આરતી કરવામાં આવી હતી. બાદમાં તેમનાં વિશેષ શણગાર કરીને શોભાયાત્રા પણ કાઢવામાં આવી હતી.

## કલાગુર્જરીનો ઈન્ક આર્ટ વર્કશોપ

કલાગુર્જરી સંસ્થા વિલેપાર્લે દ્વારા ઈન્ક આર્ટ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વર્કશોપમાં નાના બાળકોથી માંડીને વયસ્કો સુધીના ૭૮ વ્યક્તિએ ભાગ લીધો હતો. ભાગ લેનારાઓએ તેમના કોફી મગ પર સુંદર આકૃતિ અને ડિઝાઈન બનાવી હતી. એમાં ઉત્કૃષ્ટ ડિઝાઈન બનાવનારાઓને ઈનામ પણ આપવામાં આવ્યું હતું.

## એમસીએફ બેડમિન્ટન પ્રીમિયર લીગ

બોરીવલી વેસ્ટમાં આવેલા મંડપેશ્વર સિવિક ફેડરેશન (એમસીએફ) દ્વારા તાજેતરમાં યોજાયેલી એમસીએફ બેડમિન્ટન પ્રીમિયર લીગ સ્પર્ધા એમબીએલ શટલર્સની ટીમે જીતી લીધી. પેરેડાઈઝ વોરિયર્સ ટીમ બીજા ક્રમાંકે અને સાઈ શટલર્સ ત્રીજા ક્રમાંકે આવી હતી.

અગાઉ બોક્સ ક્રિકેટ પ્રીમિયર લીગમાં મહિલાઓમાં આશિતા ઈલેવન વિજેતા બની હતી. જયશ્રી ઈલેવન બીજા ક્રમાંકે આવી હતી. પુરુષોમાં રૂપેશ ઈલેવન પ્રથમ અને નીરવ ઈલેવન બીજા નંબરે આવી હતી. ૫૫ વર્ષથી મોટી ઉંમરના ખેલાડીઓમાં પ્રતીક ઈલેવન વિજેતા અને રામચંદ્ર ઈલેવન બીજા ક્રમાંકે આવી હતી. ૧૩ વર્ષથી નાની ઉંમરના ખેલાડીઓમાં ધ્રુવ ઈલેવન વિજેતા અને ધ્રુવંશ ઈલેવન બીજા નંબરે આવી હતી.

## લઘુરુદ્રનું આયોજન

શ્રી ઘાટકોપર બ્રાહ્મણ સમાજ દ્વારા આગામી શ્રાવણ માસ નિમિત્તે લઘુરુદ્રનું આયોજન કરવામાં આવ્યું છે. એથી દર સોમવારે સાંજે ૪થી ૮ દરમિયાન ૧૧ બ્રાહ્મણ શાસ્ત્રોક્ત વિધિથી લઘુરુદ્ર કરાવશે. આ લઘુરુદ્રનો લાભ લેવા ઈચ્છુક યજમાનોએ સમાજના કાર્યાલયનો સંપર્ક કરી નામ નોંધાવવું.

## પાન લીલું જોયું ને તમે યાદ આવ્યા

કાંદિવલી પૂર્વ સ્થિત અલિકા મંચ દ્વારા ગુજરાતી ગીતોનો કાર્યક્રમ 'પાન લીલું જોયું ને તમે યાદ આવ્યા'નું આયોજન ૫ જુલાઈએ કરવામાં આવ્યું હતું. એમાં કલાકારોએ લોકગીતો, સુગમ તેમ જ જૂની રંગભૂમિના ગીતોની ધમાકેદાર રજૂઆત કરી હતી. સાથે જ એ દરમિયાન ધોરણ દસ અને બારમામાં ઉત્તીર્ણ થયેલા વિદ્યાર્થીઓનું બહુમાન પણ કરવામાં આવ્યુ હતું.

## શિવસેનાના વિધાનસભ્ય

ગાયકવાડ કેન્ટીનના કર્મચારીને મુક્કા તથા લાફા મારતા નજરે પડે છે. આ ઘટનાને પગલે રાજ્યભરમાં રોષ ફેલાયો હતો. રાજ્યના નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેના નેતૃત્વ હેઠળના પક્ષ સાથે જોડાયેલા ગાયકવાડે આ અંગે માફી માગવાનો ઇનકાર કર્યો હતો અને જણાવ્યું હતું કે જો જરૂર પડે તો તેઓ પોતાનું કૃત્ય ફરીથી દોહરાવશે. દરમિયાન પોલીસે કેન્ટીનના કર્મચારીને ફરિયાદ નોંધાવવી હોય તો આગળ આપવા માટે કહ્યું હતું. જોકે તે ફરિયાદ નોંધાવવા ગયો નહોતો.

વીડિયો ફૂટેજ તપાસવામાં આવ્યા બાદ પોલીસ અધિકારી દ્વારા રાજ્ય વતી મરીન ડ્રાઇવ પોલીસ સ્ટેશનમાં વિધાનસભ્ય અને તેના સમર્થક વિરુદ્ધ ફરિયાદ નોંધાવાઇ હતી. વિધાનસભ્ય અને તેના સમર્થક સામે ભારતીય ન્યાય સંહિતાની સંબંધિત કલમો હેઠળ બિનજામીનપાત્ર કેસ દાખલ કર્યો હતો.

રાજ્યના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે કહ્યું હતું કે ઘટનાની તપાસ શરૂ કરવા વિધિસર ફરિયાદ નોંધાવવા માટે પોલીસે વાટ જોવાની કોઇ જરૂર નથી. પોલીસે તપાસ શરૂ કરવી જોઇએ અને જો તે દખલપાત્ર ગુનો હોય તો તેમણે યોગ્ય પગલાં લેવાં જોઇએ. ઉલ્લેખનીય છે કે ગાયકવાડે હોસ્ટેલની કેન્ટીનમાંથી પોતાની રૂમમાં જમવાનું મગાવ્યું હતું. તેમાં દાળ વાસી હોવાનું જણાયા બાદ તેમણે કેન્ટીનના મેનેજરને આ અંગે પૂછ્યું હતું અને ત્યાર બાદ કર્મચારીની મારપીટ કરી હતી. દરમિયાન બુધવારે એફડીએ દ્વારા કેન્ટીની તપાસ કર્યા બાદ ખાદ્ય સુરક્ષાના નિયમોનું ઉલ્લંઘન કરાયું હોવાનું કારણ આપીને કેન્ટીન ચલાવનાર કેટરરનું લાઇસન્સ નિલંબિત કર્યું હતું. (પીટીઆઇ)■

## સંજય સિરસાટ

કબાટમાં રાખત, એમ તેમણે કહ્યું હતું. બેગમાં ફક્ત કપડાં હતા કે નહીં તે પૂછતાં તેમણે કહ્યું હતું કે, અલબત્ત. તેમાં કપડાં જ હતા. આવા દાવાઓ મારા (રાજકીય) કારકિર્દીને અસર કરશે નહીં, એમ પણ તેમણે ઉમેર્યું હતું.

આ વીડિયો એવા અહેવાલો સામે આવ્યાના એક દિવસ પછી સામે આવ્યો છે કે શિરસાટને આવકવેરા વિભાગ દ્વારા તેમની સંપત્તિમાં નોંધપાત્ર વધારો જોવા મળ્યો હોવાથી નોટિસ આપવામાં આવી છે, જે ૨૦૧૯માં ૩.૩ કરોડ રૂપિયાથી વધીને ૨૦૨૪માં ૩૫ કરોડ રૂપિયા થઈ ગઈ છે. ૨૦૧૯ અને ૨૦૨૪ વિધાનસભા ચૂંટણીઓ વચ્ચે તેમની સંપત્તિમાં આ નોંધપાત્ર વધારા માટે આઇટી વિભાગે સ્પષ્ટતા માગી છે. શિરસાટે ગુરુવારે મીડિયાને જણાવ્યું હતું કે તેમણે નોટિસનો જવાબ આપવા માટે વધુ સમય માગ્યો છે. ■

# કલવાની સગીરાની અપહરણ બાદ હત્યાઃ રિક્ષા ડ્રાઈવરની ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

થાણેઃ કલવામાં રહેતી સગીરાનું થાણે સ્ટેશનેથી કથિત અપહરણ કર્યા બાદ ઓઢણીથી ગળું દબાવી તેની હત્યા કરવાના કેસમાં પોલીસે રિક્ષા ડ્રાઈવરની ધરપકડ કરી હતી.

થાણે ક્રાઈમ બ્રાન્ચના યુનિટ-પાંચના અધિકારીઓએ પકડી પાડેલા આરોપીની ઓળખ સમાધાન અર્જુન સૂર્યવંશી (૪૦) તરીકે થઈ હતી. થાણેના લોકમાન્ય નગર વિસ્તારમાં રહેતા આરોપીને કોર્ટે ૧૭ જુલાઈ સુધીની પોલીસ કસ્ટડી ફટકારી હતી. પોલીસના જણાવ્યા મુજબ થાણેના કાસારવડવલી વિસ્તારમાંથી પાંચમી જુલાઈની બપોરે બે વાગ્યાની આસપાસ સગીરાનો મૃતદેહ મળી આવ્યો હતો. કન્સ્ટ્રક્શન સાઈટ નજીકના રસ્તા પરથી મળેલા મૃતદેહના ગળા ફરતે દુપટ્ટો વીંટેલો હતો. દુપટ્ટાની મદદથી ગળું દબાવી તેની હત્યા કરવામાં આવી હતી. આ પ્રકરણે કાસારવડવલી પોલીસે ગુનો નોંધ્યો હતો, જેની સમાંતર તપાસ ક્રાઈમ બ્રાન્ચે હાથ ધરી હતી.

તપાસ દરમિયાન પોલીસને જાણવા મળ્યું હતું કે સગીરા ગુમ થઈ હોવાની ફરિયાદ કલવા સ્ટેશનમાં કરાઈ હતી. ચોથી જુલાઈએ તે ઘરેથી નીકળ્યા પછી ગુમ હતી. પોલીસે સગીરાના ઘર નજીકથી કાસારવડવલી સુધીના ૧૦૦ જેટલા સીસીટીવી કેમેરાનાં ફૂટેજ તપાસ્યાં હતાં. ફૂટેજને આધારે પોલીસ આરોપી સુધી પહોંચી હતી.

સગીરા થાણે રેલવે સ્ટેશનેથી આરોપીની રિક્ષામાં બેઠી હતી. આરોપીએ રિક્ષામાં વિવિધ વિસ્તારમાં ફેરવ્યા પછી સગીરાની હત્યા કરી હોવાનું તપાસમાં જણાયું હતું. ફૂટેજમાં દેખાયેલી રિક્ષાના નંબર પરથી પોલીસે આરોપીને લોકમાન્ય નગર ખાતેથી તાબામાં લીધો હતો. આરોપી વારંવાર નિવેદન બદલતો હોવાથી સગીરાની હત્યા પાછળનું ચોક્કસ કારણ જાણી શકાયું નથી, એમ પોલીસનું કહેવું છે. ■

પાંચમાં પાનાનું ચાલુ

## માસ્ટર માઈન્ડ

વ્યવસાયમાંથી મળેલાં નાણાં બાદમાં હવાલા મારફત વિદેશ મોકલવામાં આવતા હતા.

ડેપ્યુટી પોલીસ કમિશનર (ડિટેક્શન) રાજ તિલક રોશને જણાવ્યું હતું કે અમે આ વ્યક્તિની છેલ્લા એક વર્ષથી શોધ ચલાવી રહ્યા હતા. તેની ધરપકડ આ ગુનામાં સંડોવાયેલા અન્ય લોકો માટે સંદેશ છે કે મુંબઈ પોલીસ તેમને ભારત લાવશે અને તેમની સામે કાર્યવાહી કરાશે. આ કેસમાં એક મહિલા સહિત ૧૩ લોકોની ધરપકડ કરવામાં આવી છે, જ્યારે અન્ય ફરાર આરોપીઓની શોધ ચલાવવામાં આવી રહી છે, એમ તેમણે કહ્યું હતું.

સેન્ટ્રલ બ્યૂરો ઓફ ઇન્વેસ્ટિગેશન (સીબીઆઇ)ના પ્રવક્તાએ જણાવ્યું હતું કે સીબીઆઇના ઇન્ટરનેશનલ પોલીસ કોઓપરેશન યુનિટે (આઇપીસીયુ) એનસીબી-અબુ ધાબી સાથે મળીને શુક્રવારે કુબ્બાવાલાને સફળતાપૂર્વક પાછો લાવ્યો છે. કુબ્બાવાલા વિરુદ્ધ આરોપનામું દાખલ કરાયું હતું અને વિશેષ કોર્ટે તેની વિરુદ્ધ ઓપન-ડેટેડ અરેસ્ટ વોરન્ટ જારી કર્યું હતું. નોંધનીય છે કે ક્રાઇમ બ્રાન્ચ યુનિટ-૭ની ટીમે ૧૬ ફેબ્રુઆરી, ૨૦૨૪ના રોજ કુર્લા પશ્ચિમમાં ચેમ્બુર-સાંતાક્રુઝ લિંક રોડ પર છટકું ગોઠવીને પરવીનબાનો ગુલામ શેખને મેફેડ્રોન, ૧૨.૨૦ લાખની રોકડ તથા દાગીના સાથે પકડી પાડી હતી. મહિલા પાસેથી મળેલું મેફેડ્રોન દુબઇમાં રહેતા વોન્ટેડ આરોપીના મુંબઈના સાગરીત સાજીદ શેખ પાસેથી ખરીદ્યું હોવાનું જણાતાં સાજીદની ધરપકડ કરાઇ હતી અને તેના મીરા રોડના ઘરેથી પણ ડ્રગ્સ જપ્ત કરાયું હતું. તપાસ દરમિયાન દુબઇના વોન્ટેડ આરોપીના સંપર્કમાં રહીને સાંગલીની ફેક્ટરીમાં મેફેડ્રોન બનાવવા માટે લાગનારો કાચો માલ પૂરો પાડનારા અને તૈયાર થયેલું મેફેડ્રોન વેચનારા સુરતના બે આરોપીની પણ ધરપકડ કરવામાં આવી હતી.

દરમિયાન સાંગલીમાં મેફેડ્રોન બનાવવાની ફેક્ટરી વિશે માહિતી મળ્યા બાદ ક્રાઇમ બ્રાન્ચની ટીમે પચીસમી માર્ચ, ૨૦૨૪ના રોજ સાંગલીના ઇરળી ગામમાં પહોંચીને ફેક્ટરીનો પર્દાફાશ કર્યો હતો અને ત્યાંથી ૨૫૨ કરોડ રૂપિયાનું મેફેડ્રોન તથા અન્ય મતા જપ્ત કરીને ત્યાંથી છ આરોપીને પકડી પાડ્યા હતા. ડ્રગ્સની ખરીદી-વેચાણનો વ્યવહાર જે આંગડિયા મારફત કરવામાં આવતો હતો તેની પણ બાદમાં ધરપકડ કરાઇ હતી. આ કેસમાં પોલીસે આરોપીઓ વિરુદ્ધ કોર્ટમાં આરોપનામું દાખલ કર્યું હતું અને આરોપીઓ હાલ અદાલતી કસ્ટડીમાં છે.

આ કેસમાં વોન્ટેડ આરોપી તાહેર સલીમ ડોલા અને મુસ્તફા મોહંમદ કુબ્બાવાલા વિરુદ્ધ લૂકઆઉટ સર્ક્યુલર અને રેડ કોર્નર નોટિસ જારી કરવામાં આવ્યાં હતાં. તાહેરને ૧૩ જૂને યુએઇથી પ્રત્યર્પણ કરાયા બાદ મુંબઈ પોલીસે તેની ધરપકડ કરી હતી. ■

## હું નિર્દોષ

દલીલ કરી હતી. સત્યાકી સાવરકરનું પ્રતિનિધિત્વ કરી રહેલા એડવોકેટ સંગ્રામ કોલ્હાટકરે જણાવ્યું હતું કે આરોપીની અરજી નોંધવાનો તબક્કો પૂરો થઈ ગયો હોવાથી, કેસની સુનાવણી હવે આગળ વધશે. કોર્ટે આ મામલાની આગામી સુનાવણી ૨૪ જુલાઈ પર રાખી છે. ■

## સોનાની દાણચોરીની

પાડ્યો હતો.

પૂછપરછમાં સંઘવીએ જણાવ્યું હતું કે શેઠ પાસેથી લીધેલું સોનું તે ઠક્કરને વેચતો હતો. ડીઆરઆઈના અધિકારીઓ સર્ચ ઑપરેશન હાથ ધરી ઠક્કરના ફ્લૅટમાં પહોંચ્યા હતા. જોકે તપાસ બચવા તે બેડરૂમમાં સંતાઈ ગયો હતો અને પોતાનો મોબાઈલ ફોન પણ બારીમાંથી નીચે ફેંકી દીધો હતો. પોલીસે ઠક્કરના મોબાઈલ ફોનને તપાસ માટે તાબામાં લીધો હતો. ઠક્કરે કબૂલ્યું હતું કે દાણચોરીથી લવાયેલું સોનું તે સંઘવી પાસેથી ખરીદતો હતો. છેલ્લાં ત્રણ વર્ષથી તે આ રીતે સોનું મેળવતો હતો, એવો દાવો અધિકારીએ કર્યો હતો. ■

## વિપક્ષે એકનાથ

અને દેવેન્દ્ર ફડણવીસને શિરસાટ સામે કાર્યવાહી કરવાનો પડકાર ફેંક્યો છે. શિવસેના યુબીટીના સાંસદ સંજય રાઉતે એક પોસ્ટ કરી જેમાં લખ્યું હતું કે વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહ પ્રધાન અમિત શાહે વાયરલ વીડિયો જોવો જોઈએ. 'દેશમાં શું ચાલી રહ્યું છે! (મહારાષ્ટ્રના પ્રધાનનો આ વીડિયો ઘણું બધું કહી જાય છે),' એમ રાઉતે લખ્યું હતું. બીજી તરફ શિવસેનાના યુબીટી વિધાનસભ્ય આદિત્ય ઠાકરેએ કહ્યું હતું કે, 'અમે ગયા અઢી વર્ષથી કહી રહ્યા છીએ કે, 'પન્નાસ ખોકે, એકદમ ઓકે,' તો તે વીડિયોમાં દેખાતી બેગ તે બોક્સમાંથી એક હોવી જોઈએ. આ વીડિયો વાયરલ થઈ રહ્યો છે. સંબંધિત વ્યક્તિ કેબિનેટ પ્રધાન છે. તેના પર હોટલ સોદો, જમીન કબજે કરવા અને બીજા ઘણા આરોપો છે. મુખ્ય પ્રધાને પણ તપાસના આદેશ આપ્યા છે.'

'હવે એકમાત્ર સવાલ એ રહે છે કે શું આ ગેંગના બોસ, એકનાથ શિંદે, તેમની સામે કાર્યવાહી કરશે. ના, તે નહીં કરે. તેથી અમે જોવા માગીએ છીએ કે શું કેન્દ્રની ભાજપની સરકાર પ્રધાનને આઇટીની નોટિસ જારી કર્યા પછી કોઈ કાર્યવાહી કરશે કે નહીં,' એમ પણ આદિત્ય ઠાકરેએ કહ્યું હતું. શિરસાટને કોઈ ચિંતા નથી, એમ જણાવતાં આદિત્યએ કહ્યું હતું કે, જો ફડણવીસ ભ્રષ્ટાચાર સામે ખરેખર કાર્યવાહી કરવા માગતા હોય, તો તેમણે વીડિયો જોયા પછી તરત જ કાર્યવાહી કરવી જોઈએ. ■

## પીઓપીની મોટી મૂર્તિ

સમન્વય સમિતિ કૃત્રિમ તળાવમાં મોટી મૂર્તિના વિસર્જનને લઈને પહેલા જ ચિંતા વ્યક્ત કરી ચૂકી છે તો ગણેશમંડળો પણ મોટી મૂર્તિના વિસર્જનને લઈને ફેરવિચાર કરવાની માગણી કરી રહ્યા છે.

ગણેશોત્સવ નજીક છે તેથી પાલિકા પણ તેની તૈયારીમાં લાગી ગઈ છે પણ મોટી મૂર્તિઓના વિસર્જન માટે કૃત્રિમ તળાવ બનાવવા બાબતે પાલિકા મૂંઝવણમાં છે. આગામી ૨૪ જુલાઈના થનારી સુનાવણીમાં કોર્ટ આ બાબતે કોઈ ચોક્કસ નિર્ણય આપશે એવું માનવામાં આવે છે. તેથી આ સુનાવણી બાદ જ પાલિકા કૃત્રિમ તળાવ બનાવવા કે નહીં તેનો નિર્ણય લઈ શકશે એવું પાલિકાના ઉચ્ચ અધિકારીએ જણાવ્યું હતું.

આ દરમ્યાન ગણેશોત્સવ નજીક હોઈ તહેવારની ઉજવણી દરમ્યાન અકસ્માતો થતા અટકાવવા, મોટા પ્રમાણમાં ઊમટતી ભીડને નિયંત્રણમાં રાખવા પાલિકા સાર્વજનિક ગણેશોત્સવ મંડળોના સ્વયંસેવકો માટે એક દિવસીય ટ્રેનિંગ વર્કશોપનું આયોજન કરવાની છે. સેફ્ટી ગાઈડલાઈનનું પાલન અને સુવ્યવસ્થિત રીતે ગણેશોત્સવની ઉજવણી કરવામાં આ વર્કશોપમાં આપવામાં આવનારી તાલીમ મદદરૂપ થઈ રહેશે એવો દાવો પાલિકાએ કર્યો છે. આ માટે વોર્ડ સ્તરે સાર્વજનિક ગણેશોત્સવ મંડળ સાથે સમન્વય સાધશે.

આ વર્ષે ગણેશોત્સવ ૨૭ ઑગસ્ટથી છ સપ્ટેમ્બર સુધી ઉજવવામાં આવશે. બૃહનમુંબઈ સાર્વજનિક ગણેશોત્સવ સમન્વય સમિતિ અનુસાર મુંબઈમાં ૧૨,૦૦૦ સાર્વજનિક મંડળો અને ૫૦,૦૦૦થી વધુ ઘરમાં ગણેશમૂર્તિની સ્થાપના કરવામાં આવે છે. આ સમયગાળા દરમ્યાન લાખો ભક્તો અને પર્યટકો મુંબઈમાં આવતા હોય છે, તેને કારણે સાર્વજનિક મંડળોમાં ભારે ભીડ થતી હોય છે. આવા સમયે ભીડ કેવી રીતે સંભાળવી અને કોઈ પણ દુર્ઘટના ઘટે નહીં કટોકટીના સમયમાં સલામતી અને સુરક્ષાને ધ્યાનમાં રાખીને શું પગલાં લેવામાં આવે છે તે મહત્ત્વનું હોય છે.

દરેક સાર્વજનિક મંડળના બે સ્વયંસેવકોને પાલિકા દ્વારા તાલીમ આપવામાં આવશે. આ વર્કશોપમાં કટોકટી એટલે શું? જોખમને કેવી રીતે ઓળખવું ? કટોકટી સર્જાય તો શું કરવું? આગ લાગે તો શું કરવું અને પ્રથમોચાર કેવી રીતે કરવો? ભીડને કેવી રીતે નિયંત્રણમાં રાખવી વગેરેની તાલી આપવામાં આવશે, જેમાં સુધરાઈના અધિકારી, ફાયરબ્રિગેડના અધિકારી, પોલીસ અધિકારી, પાલિકા હૉસ્પિટલના મેડિકલ ઓફિસર, બેસ્ટના અધિકારીઓ માગદર્શન આપશે.

### ગણેશ મંડળો માટે 'વન વિન્ડો સિસ્ટમ'

ગણેશોત્સવ દરમ્યાન ગણેશમંડળોને કોઈ પણ જાતની તકલીફ થાય નહીં તે માટે રાજ્ય સરકાર તમામ પ્રકારની મદદ કરશે એવું આશ્વાસન શુક્રવારે રાજ્ય સરકાર તરફથી આપવામાં આવ્યું હતું. શુક્રવારે પાલિકાના 'ડી' વોર્ડમાં બૃહનમુંબઈ સાર્વજનિક ગણેશોત્સવ સમન્વય સમિતિ સહિત ગણેશમંડળો, બેસ્ટ, પોલીસ સાથે એક બેઠક યોજાઈ હતી. ગણેશોત્સવ દરમ્યાન સુરક્ષાને ધ્યાનમાં રાખીને રસ્તા પર પડી રહેલા બેવારસ અને ગેરકાયદે રીતે પાર્ક કરવામાં આવેલા વાહનોને હટાવવાનો નિર્દેશ આપવામાં આવ્યો હતો. દર વર્ષની માફક આ વર્ષે પણ મંડળોને 'વન વિન્ડો સિસ્ટમ'ના માધ્યમથી ઓનલાઈન મંજૂરી લેવાની સુવિધા ઉપલબ્ધ કરી આપવામાં આવી છે. ■

## હેલ્પલાઈન નહીં

રાજમુદ્રાવાળું ભારત સરકારના ગૃહ મંત્રાલયનું બનાવટી ઓળખપત્ર જપ્ત કરવામાં આવ્યું હતું. તપાસમાં જણાયું હતું કે આરોપી પોલીસ સ્ટેશનોમાં નોંધાયેલા સાયબર ગુના સંબંધી માહિતી પ્રાપ્ત કરતો હતો. પછી ગુનાના ફરિયાદીઓનો સંપર્ક સાધી પોતાની ઓળખ સાયબર હેલ્પલાઈન-૧૯૩૦ના અધિકારી તરીકે આપતો હતો. ફરિયાદીનો વિશ્વાસ બેસે તે માટે બનાવટી ઓળખપત્ર પણ મોકલતો હતો.

પોલીસના જણાવ્યા મુજબ સાયબર ફ્રોડમાં નાણાં ગુમાવનારી વ્યક્તિને તેમની રકમ પાછી મેળવી આવમાં મદદ કરવાની ખાતરી આરોપી આપતો હતો. બાદમાં કોર્ટના કામકાજનો ખર્ચ, વકીલની ફી જેવાં વિવિધ કારણો રજૂ કરી ફરિયાદીને નાણાં ટ્રાન્સફર કરવાની ફરજ પાડતો હતો. આરોપીની આ રીતની ઠગાઈનો ભોગ બનેલી એક વ્યક્તિએ તાજેતરમાં સાયબર પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદને આધારે આરોપીને રાયગડ જિલ્લામાંથી પકડી પાડવામાં આવ્યો હતો. આરોપીએ આ રીતે રાજ્યમાં અનેક લોકોને છેતર્યા હોવાની શક્યતા પોલીસે વ્યક્ત કરી હતી.

### સાયબર પોલીસની અપીલ...

સાયબર ફ્રોડથી નાણાં પડાવવાના કિસ્સા રોજબરોજના બની ગયા છે, પરંતુ સાયબર પોલીસની હેલ્પલાઈનના અધિકારીના નામે મદદ કરવાની ખાતરી આપી નાણાં પડાવવાની નવી તરકીબ ઠગે અપનાવી છે. પરિણામે સાયબર પોલીસે નાગરિકોને અપીલ કરી છે કે સાયબર પોલીસ દ્વારા મદદ કરવા માટે નાણાંની માગણી કરવામાં આવતી નથી. તેથી આ રીતે કોઈ નાણાં ટ્રાન્સફર કરવાનું કહે તો બૅન્ક ખાતામાં રૂપિયા ટ્રાન્સફર કરવા નહીં. આ પ્રકારે કોઈ રૂપિયા માગે તો તાત્કાલિક પોલીસને જાણ કરવી. એ સિવાય આરોપી દ્વારા મોકલાયેલા આઈ કાર્ડની પણ પૂરતી ચકાસણી કરવી. ■

## કૅનેડામાં

કરી થોડા સમયમાં જ અધિકારીઓ ત્યાંથી રવાના થયા હતા,' એવું અધિકારીનું કહેવું છે. અધિકારીએ ઉમેર્યું હતું કે કપિલ શર્માની સુરક્ષા મજબૂત કરાઈ નથી અને તેનું નિવેદન પણ નોંધવામાં આવ્યું નથી.

કૅનેડાના સરેમાં 'કૅપ્સ કૅફે' નામે નવી શરૂ કરાયેલી કપિલની રેસ્ટોરાં પર ગુરુવારની વહેલી સવારે ગોળીબાર કરાયો હતો. સરે પોલીસ સર્વિસ (એસપીએસ)ના જણાવ્યા મુજબ ગુરુવારે સ્થાનિક સમય અનુસાર મળસકે ૧.૫૦ વાગ્યે ઘટનાની જાણ કરતો કૉલ આવ્યો હતો. ગોળીબારમાં કોઈને ઇજા થઈ નહોતી. (પીટીઆઈ)■

# જૈન મરણ

**ઘોઘારી વીશા શ્રીમાળી જૈન**

પાલીતાણા નિવાસી હાલ બોરીવલી, સ્વ. હિંમતલાલ ગિરધરલાલ લખાણીના ધર્મપત્ની. સ્વ. રસીલાબેન લખાણી (ઉં. વ. ૮૬) ગુરુવાર તા. ૧૦/૦૭/૨૫ના અરિહંતશરણ થયેલ છે. સ્વ. હરગોવિંદદાસ લખાણી, સ્વ. અનંતરાય લખાણીના ભાભી. પંકજભાઈ, જયંતભાઈ, સુરેશભાઈ, રિટાબેન નયનેશકુમાર, નયનાબેન ચેતનકુમારના માતુશ્રી. નિલમબેન, ઉષાબેન તથા ભાવનાબેનના સાસુ, પિયરપક્ષે ખોપાળા નિવાસી હાલ સુરત બેચરદાસ માધવજી શાહની દીકરી. બી ૩૦૧, સોની ટાવર, આદિત્ય બેંકવેટની બાજુમા, હરિદાસનગર, બોરીવલી વેસ્ટ.

**વેરાવળ દશા શ્રીમાળી જૈન**

સ્વ.ચારુબેન અને સ્વ. હેમેન્દ્ર પ્રભુદાસ શાહના પુત્ર વિશાલ (ઉં. વ. ૫૦) તે દર્શના રાજેશ મહેતાના ભાઈ. જગદીશ મહેતાના ભાણેજ. સ્વ. જેંતીલાલ પ્રભુદાસ શાહના ભત્રીજા. તા. ૯/૭/૨૫ બુધવારે અરિહંતશરણ પામેલ છે. લૌકિક વહેવાર બંધ છે. ૧૦૨, પદ્માવતી કૉમ્પ્લેક્સ, ન્યુ લીંક રોડ, કાંદિવલી પશ્ચિમ.

**ઝાલાવાડી વિશા શ્રીમાળી મૂર્તિપૂજક જૈન**

સુરેન્દ્રનગર નિવાસી હાલ બોરીવલી, સ્વ. ભોગીલાલ શાંતિલાલ દોશી (ઉં. વ. ૭૫) તા. ૧૦-૭-૨૫ ગુરુવારના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. નિર્મળાબેનના પતિ. નિલેશ, બીના પિયુષકુમાર દોશી તથા અલ્પા ભાવેશકુમાર શાહના પિતા. સ્વ. પ્રાણલાલભાઈ, સ્વ. મહેન્દ્રભાઈ, નલીનભાઇ, જશવંતીબેન, સ્નેહલતાબેન, ઇન્દિરાબેનના ભાઈ. સ્વ. રતિલાલ છગનલાલ શાહના જમાઈ, હેતવી, અક્ષત, જીનય, નવ્યાના નાના. પ્રાર્થના તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે. ૩-ઇ ભાગ્યનગર, ચંદાવરકરલેન, બોરીવલી વેસ્ટ.

**વીશા શ્રીમાળી જૈન**

પાટણ નિવાસી ભાભાના પાડાના હાલ મુંબઈ, મણીબેન અમૃતલાલ જેસંગલાલ શાહના સુપુત્ર બિપીનભાઈ, (ઉં. વ. ૭૫) તે વિદ્યુતબેનના પતિ. વિક્રમ, જીન્નીના પિતા. પાયલ, સ્વ. મહેન્દ્રભાઈ, ચન્દ્રકાન્તભાઈ, સુરેશભાઈના ભાઈ. જયલતાબેન, સ્વ. ભગવાનદાસભાઈ, સ્વ. ચંદ્રકળાબેન, સુમનભાઈ, ઈન્દીરાબેન, નરેન્દ્રભાઈ, દિપીકાબેન, સ્વ. પ્રદીપભાઈ, મીનાબેન, મુકેશભાઈના ભાઈ. સ્વ. નેમચંદભાઈ મણીલાલ ટોપીવાલાના જમાઈ. શ્રી શત્રુંજય તીર્થ ભાવયાત્રા તા. ૧૩-૭-૨૦૨૫ ને રવિવાર, સવારે ૧૦ થી ૧૨. સ્થળ- સોફિયા કૉલેજ ઑડિટોરીયમ, બ્રિચકેન્ડી, મુંબઈ.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

બિદડા (દખણો ફરીયા)ના મીનાબેન મણીલાલ પોલડીયાના પુત્રી પ્રજ્ઞાબેન ડો. તુષાર બદાણી (ઉં. વ.૫૭) ૧૦-૦૭-૨૫ના અવસાન પામેલ છે. ડો. તુષારના ધર્મપત્ની. ચિંતનના માતુશ્રી. અનિલાબેન, દિપકના બહેન. ઉલ્લાસબેન પ્રવિણચંદ બદાણીના પુત્રવધુ. પ્રાર્થના રાખેલ નથી. ઠે. તુષાર બદાણી, સિદ્ધી એપાર્ટમેન્ટ, પાંચમે માળે, રૂ.નં. ૫૫, ૧૦મી ખેતવાડી બેક રોડ, મુંબઇ.

નવીનાળના મણીલાલ ધરોડ (ઉં. વ. ૬૮) ૯-૭ના સમાધિ મરણ પામેલ છે. મા. ઉમરબાઇ મુરજી ધરોડના સુપુત્ર. કવિતા (કાંતા)ના પતિ. દિપેશ, વિરલના પિતાશ્રી. સ્વ. મોરારજી, સ્વ. આણંદજી, અમૃતલાલ, સ્વ. રાણબાઇ, સ્વ. વિમળા (વેલબાઇ), રૂક્ષ્મણીના ભાઇ. મા. કેસરબેન કુંવરજી સોનીના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. નિ. મણીલાલ ધરોડ, ૧૨૩/ઇ, અમરોલી હાઉસ, ૨/૧૬, વી.પી. રોડ, મુંબઇ-૪.

ભુજપુરના પ્રેમજી શામજી વેરશી વીરા (ઉં. વ. ૭૨) તા. ૧૦-૭-૨૫ના અવસાન પામેલ છે. નાનબાઇ શામજીના પુત્ર. વર્ષાના પતિ. જાગૃતિ, જીનલ, ચિરાગના પિતા. કપાયાના લીલાવંતી લાલજી હંસરાજ સંગોઇના જમાઇ. મણીલાલ, હીરા નારાયણ જોશી, ત્રગડીના મંજુલા વસંત શાહ, ગોધરાના હેમલતા જયકુમાર લાલન, ભોજાયના ભાનુ પ્રવિણ ગડાના ભાઇ. પ્રાર્થના રાખેલ નથી. નિ. વર્ષા વીરા, ૧૯, તુલજાઇ, તિલકનગર, ડોંબીવલી (ઇ.).

ડોણના જયંતિલાલ ઉમરશી ગોગરી (ઉં. વ. ૭૭) તા. ૧૦-૭-૨૫ ના અવસાન પામેલ છે. સુંદરબેન ડુંગરશીના પુત્ર. ભગવતીના પતિ. દિપાલીના પિતા. સં.પ.વિશ્વાનંદવિજયજી મ.સા., દામજી, શાંતિલાલ, સાકરબેન, લીલાવંતીબેન, રતનબેન, માલતીબેન, કુસુમબેનના ભાઈ. મણીબેન મેઘજીના જમાઈ. પ્રા. શ્રી. વ. સ્થા. જૈન શ્રા. સં. સં.કરસન લધુ નીસર હોલ, દાદર (વે). ટા. ૨ થી ૩.૩૦. ચક્ષુદાન કરેલ છે.

ડોણના શ્રી વસંતલાલ સાવલા (ઉં. વ. ૮૧) તા. ૧૦-૭-૨૫ના અવસાન પામેલ છે. કેસરબેન શામજીના પુત્ર. પ્રમીલાના પતિ. કલ્પેશ, પીંકીના પિતા. વેણીકલાલ, ગુણવંતી, ભાવના, ભારતીના ભાઇ. ઉનડોઠ ખેતબાઇ ધનજી ખિમસરીયાના જમાઇ. પ્રા. શ્રી વ.સ્થા.જૈ.શ્રા.સં.સં. શ્રી કરસન લધુ નિસર હોલ, ૧લે માળે, દાદર (વે), ૪ થી ૫.૩૦.

પુનડીના મણીબેન મેઘજી છેડા (ઉં. વ. ૮૬) તા.૯-૭-૨૫ના અવસાન પામેલ છે. કેશરબેન મોરારજી છેડાના પુત્રવધુ. મેઘજીના ધર્મપત્ની. વિનોદ, દિલીપ, સ્વ. જયેશ, પુષ્પાના માતુશ્રી. મો. આસંબીયા જખીબેન લખમશી પાંચા દેઢિયાના સુપુત્રી. મુલચંદ, કસ્તુર, મઠા, રતન, મોંઘી (બેબી), ચંચળ, વિમળા, ભાગ્યવંતીના બેન. પ્રાર્થના રાખેલ નથી. ઠે. વિનોદ છેડા, એફ-૨૦૩, વેસ્ટ અવેન્યુ કો. ઓપ. લિ., સ્ટેશન રોડ, નાલાસોપારા (વે.).

ડુમરાના હીતેન્દ્ર હરીયા (ઉં. વ. ૪૮) તા. ૧૦-૭-૨૫ના અવસાન પામેલ છે. પમીબાઇ કરમશીના પૌત્ર. ગં.સ્વ. પુરબાઇ પાસુના પુત્ર. સ્વ. હસમુખ, સ્વ. રેવંતી, સ્વ. રક્ષાના ભાઇ. કો. મહાદેવપુરી સ્વ. વેજબાઇ જીવરાજ ગાલાના દોહીત્ર. પ્રાર્થના રાખેલ નથી. ઠે. જયેશ ગાલા, સાઇધામ બી. ૧૦૨, જવાહરનગર, સાઇબાબા રોડ, ખાર (ઇ.) મું. ૫૧.

**કચ્છી લોહાણા**

સ્વ. લતાબેન પ્રેમજી (ગાભાભાઇ) હંસરાજ આઇયા કચ્છ ગામ તેરા હાલ થાણાના પુત્ર આશિષ (બંટી) (ઉં. વ. ૪૪) તે અનિતાના પતિ. તે કોમલ અશ્વિનભાઇ પૌવાના ભાઇ. તે આશા વસંત પાટીલ કોલ્હાપુરના જમાઇ. તે જયાબેન મુકેશભાઇ કતીરા, વનિતાબેન હેમરાજ સોમેશ્વર તથા સ્વ. ઉષાબેન વસંતલાલ ચંદારાણાના ભત્રીજા મંગળવાર તા. ૯-૭-૨૫ના રામશરણ પામેલ છે. બન્ને પક્ષની પ્રાર્થનાસભા શનિવાર તા. ૧૨-૭-૨૫ના ૫.૩૦થી ૭. ઠે. કચ્છી લોહાણા મહાજનવાડી, પવાણી હોલ, ૧લે માળે, આર. આર. ટી. રોડ, મુલુંડ (પશ્ચિમ), લૌકિક વ્યવહાર બંધ છે.

**હાલાઇ લોહાણા**

ગીર હરમડીયા નિવાસી હાલ ડોમ્બિવલી રમાબેન જયંતીલાલ (નાનુભાઇ) પોપટ તે ચંપાબેન ત્રિભોવનદાસ પોપટના પુત્રવધૂ. તે કપીલ અને સમીરના માતુશ્રી.તે પ્રવીણભાઇ, ભારતી દિલીપભાઇ ધનેશા અને સુધા કનુભાઇ સૂચકના ભાભી. તે રૂપા અને શ્વેતાના સાસુ.

# પારસી મરણ

શાપુર ગેવ ઇરાની તે પરીઝાદના ધની. તે મરહુમો ચાદન ગેવ ઇરાનીના દીકરા. મરહુમો દોલી ને નરીમાનના જમાઇ. તે થારશીશ ને કૈઝીનના પપા. તે પીનાઝ ને રીશાદના સસરા. તે ફરહાદ, મરહુમ ને રુસ્તમના ભાઇ. તે અનાહીતા, તનાઝ, કેકોબાદ, સાઇરસ, રોની, જહાંગીર ને શીરાઝના બ્રધર ઇન લો. (ઉં. વ. ૬૭) રે. ઠે. ગોદરેજ બાગ, જી-૧૬, સીમલા હાઉસની બાજુમાં, નેપીયન્સી રોડ, મુંબઇ-૪૦૦૦૨૬. ઉઠમણાંની ક્રિયા : તા. ૧૨-૭-૨૫ના દીને બપોરે ૩.૪૦ વાગે વાચ્છા ગાંધી અગિયારીમાં છેજી.

જહાંગીર ગુસ્તાદ લોયર તે બેહરોઝના ધની. તે મરહુમો મેહેર ગુસ્તાદ લોયરના દીકરા. તે ધન, રશેદ મેહેર, કૈખુશરૂના પપ્પા. તે માનેક મિસ્ત્રી, બીનાઝ ને દોલીનના સસરા. તે મરહુમો ઓસ્તી ધન એરવદ રુસ્તમજી પંથકીના જમાઇ. તે પરવેઝના મમાવાજી. (ઉં. વ. ૮૫) રે. ઠે. ખુશનમ-૮૦૮/૨ ડો. બી. આંબેડકર રોડ, ખોદાદાદ સર્કલ, દાદર, ટી. ટી. મુંબઇ-૪૦૦૦૧૪. ઉઠમણાંની ક્રિયા : તા. ૧૨-૭-૨૫ના દીને બપોરે ૩.૪૦ વાગે ઉપરની ભાભા નં-૨માં ડુંગરવાડી પર.

# હિન્દુ મરણ

**સિદ્ધપુર ઔદિચ્ય સહસ્ર બ્રાહ્મણ**

ગામ સિદ્ધપુર, હાલ મલાડ, અ.સૌ. જયશ્રીબેન આચાર્ય (ઉં. વ. ૬૩) તે હેમેન્દ્રભાઈ શંકરલાલ આચાર્યના પત્ની. ખુશ્બુ, નિધિ અને કૃતાર્થના માતોશ્રી. ધ્રુવલકુમાર, રાહુલકુમાર અને ઊર્મિના સાસુ. જિયાંશી અને દ્વિતિના નાની તા. ૧૧-૭-૨૫, શુક્રવારના દેવલોક પામેલ છે. તેમની પ્રાર્થનાસભા તા. ૧૩-૭-૨૫ને રવિવારે સાંજે ૫ થી ૭. શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન શ્રાવક સંઘ, પારેખ લેન કોર્નર, એસ.વી. રોડ, કાંદિવલી વેસ્ટ.

**સિદ્ધપુર ઔદિચ્ય બ્રાહ્મણ જ્ઞાતિ**

ગામ સિદ્ધપુર, હાલ મુંબઈ, સ્વ. કોકિલાબેન જીતેન્દ્રકુમાર દવે (ઉં. વ. ૭૬) તા. ૧૦-૭-૨૫ના દેવલોક પામ્યા છે. તે હિનય તથા ચેતનના મમ્મી. હેતલ તથા ભાવિકાના સાસુ. કવરા તથા ધાર્મિકના દાદી. વિમાબેન, પૂર્ણિમાબેન તથા વર્ષાબેનના ભાભી. સ્વ. પ્રવિણાબેન, હિતેશભાઈ તથા સ્વ. પંકજભાઈના બહેન. પ્રાર્થનાસભા તા. ૧૨-૭-૨૫ને શનિવારના રોજ સાંજે ૫ થી ૭ કલાકે શ્રી બોમ્બે હાલાઈ ભાટિયા મહાજન ૩૯૮-સી, કાલબાદેવી રોડ, શ્રી નાથજી ચોક, જૂની હાલાઈ ભાટિયા મહાજન વાડી મુકામે રાખેલ છે. મુંબઈ ૪૦૦ ૦૦૨.

**કપોળ**

ચલાલાવાળા હાલ ધમતરી, સ્વ. તારાબેન જમનાદાસ સંઘવીના પુત્રવધૂ. અ.સૌ. નયનાબેન (ઉં. વ. ૬૪) તા. ૯/૭/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. તે હર્ષદભાઈના ધર્મપત્ની. ભાવિન તથા અવનીના માતુશ્રી. જીતેશ તથા નંદિનીના સાસુ. પિયરપક્ષે મનોહરદાસ પ્રાગજીભાઈ કાણકિયાના દીકરી. સર્વ લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી ભાટીયા**

રમેશ આશર (ઉં. વ. ૮૭) તે સ્વ. દમયંતી ચત્રભુજ આશરના પુત્ર. સ્વ. તરલાબેન (રોહિણી)ના પતિ. સ્વ. મનાબેન હરિદાસ આશરના જમાઈ. સ્વ. દિનેશ, સ્વ. ગિરીશ, સ્વ. રાજેશ, ગીતા, સ્વ. હિના, કલ્પનાના મોટાભાઈ. રવિન્દ્ર (રવિ) કાપડિયાના માસા. ૯-૭-૨૫ બુધવારે શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા રવિવાર ૧૩.૭.૨૫ સાંજના ૪.૩૦થી ૬.૩૦. શ્રી મુંબઈ હાલાઈ ભાટીયા મહાજન વાડી, ગ્રાઉન્ડ ફ્લોર.

**શિહોર સંપ્રદાય અવધિજ્ય અગિયારસે બ્રાહ્મણ**

મોરચંદ નિવાસી હાલ ડોમ્બીવલી, રસિકલાલ વ્રજલાલ વ્યાસ (ઉં. વ. ૭૯) તા.૧૦.૭.૨૫ને ગુરુવાર કૈલાશવાસી થયેલ છે. તે જયશ્રીબેનના પતિ. ભાર્ગવ, રક્ષા, સોનલ, ધર્મેશના પિતા. ભાવેશકુમાર ભટ્ટ, જીતેન્દ્રકુમાર રાઠોડના સસરા. સ્વ.જયાબેન, સ્વ.પ્રાણશંકર જોશીના જમાઈ. પરસનબેન સ્વ. ભુપતરાય, સ્વ. રજનીકાંત, સ્વ. હર્ષદરાય, સ્વ. જગદીશચંદ્રના ભાઈ. તેમની ટેલિફોનિક સાદડી સોમવાર તા. ૧૪.૦૭.૨૫ના ૪ થી ૬.

**પરજીયા સોની**

સાવરકુંડલાવાળા હાલ મુંબઈ, સ્વ. અમૃતલાલ પિતાંબર સાગરના પુત્ર નીતિનભાઈ (ઉં. વ. ૬૫) તે શારદાબેનના પતિ. મોન્ટુ અને નિશાબેન કિશોરભાઈ જૈનના પિતા. અનિલભાઈ, ઉષાબેન, દક્ષાબેન, ક્રિષ્નાબેનના ભાઈ. વેળાવદરવાળા સ્વ. બચુભાઈ શામજીભાઈ ધકાણના જમાઈ. તા. ૧૦-૭-૨૫ના ગુરુવારે શ્રીજીચરણ પામ્યા છે. લૌકિક પ્રથા બંધ છે.

**અમદાવાદ વિશા શ્રીમાળી જૈન**

જયત સુબોધભાઇ શાહ (ઉં. વ. ૮૬) તા. ૧૧-૭-૨૫ શુક્રવારના અરિહંતશરણ પામેલ છે. તે ત્રિશલાબેનના પતિ. સુનીત અને તેજસનાં પિતા. સેજલ અને શીતલના સસરા. અને દૈવિક, ધ્રીશજ, નિશ્કા અને નામિયાના દાદા. લૌકિક વ્યવહાર રાખેલ નથી.

તે સતીષભાઇ કેવડલાલ શાહના બેન.ગુરુવાર તા. ૧૦-૭-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા શનિવાર, તા. ૧૨-૭-૨૫ના ૪થી ૬. ઠે. માતુશ્રી શામબાઇ લોહાણા મહાજન વાડી, જલારામ હોલ, સરદાર વલ્લભભાઇ પટેલ રોડ, કલ્યાણ (વેસ્ટ).

**ઝાલાવાડી સઇ સુતાર જ્ઞાતિ**

સાયલા નિવાસી હાલ મીરા રોડ વસુમાને ગોહિલ તે તા. ૭-૭-૨૫ના રામચરણ પામેલ છે. તે સ્વ. મગનલાલ ચાવડાનાં પુત્રી. સ્વ. અમૃતલાલ રામજીભાઇ ગોહિલનાં ધર્મપત્ની. રેખાબેન, જાગૃતિબેન, સ્વ. ગુણવંતભાઇ, સ્વ. બીપીનભાઇના બહેન. તે શૈલેષભાઇ નયના બેન તથા સુશીલભાઇના માતુશ્રી. જ્યોતિ અને સુખનાં સાસુ. કશ્યપ તથા વિરાટના દાદી. પ્રાર્થનાસભા તા. ૧૨-૭-૨૫ના ૪થી ૬. ઠે. સ્વામીનારાયણ મંદિર, સેકટર નં.૧૦, શાંતિનગર, મીરારોડ (ઇસ્ટ).

**હાલાઇ લોહાણા**

ભાનુમતી માણેક મૂળ ગામ રાજકોટ હાલ વિક્રોલી (ઉં.વ.૮૭) તે સ્વ. રમેશચંદ્ર કરસનદાસ માણેકના ધર્મપત્ની. સ્વ. હિતેન્દ્ર, અતુલ, ભારતી ભરત સૂચક તથા દિવ્યા ભરતલાલના માતુશ્રી. તથા સ્વ.મોહનલાલ શામજીની દીકરી. ગામ રાજકોટવાળા, તે રેખાબેન અને શ્રદ્ધાબેનના સાસુ. રોનક, હિરલ, મીત અને પલના દાદી. રેખા અજીત દાવડાના બેન તા. ૮-૭-૨૫નાં શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા રાખેલ નથી.

---


| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

અંક ટૂંક સમયમાં પ્રસિદ્ધ થશે
જ્યોતિષશાસ્ત્રની સૂક્ષ્મ ગણતરી આપતું ફક્ત એકમાત્ર પંચાંગ
પ્રતિષ્ઠિત પરંપરાને વધુ પ્રાણવાન બનાવતું 'મુંબઈ સમાચાર'નું પ્રગતિ-પ્રેરક પંચાંગ
વેધસિદ્ધ પ્રત્યક્ષ પંચાંગ
મુંબઈ સમાચાર કિંમતઃ ₹ ૧૦૦/- પ્રારંભ ઈ.સ.૧૮૧૪ વર્ષ ૨૧૨
પંચાંગકર્તાઃ સોનલ શાહ ■ વિક્રમ સંવત ૨૦૮૨-૮૩ ■ શાલિવાહન શક સંવત ૧૯૪૭-૪૮ ■ ઈ.સ. તા. ૨૨-૧૦-૨૦૨૫ થી તા. ૦૬-૦૪-૨૦૨૭



# સંજય શિરસાટ ફસાયા કૅશકાંડમાં

**શિવસેનાના પ્રધાનનો રોકડ ભરેલી બેગ સાથેનો વીડિયો વાયરલઃ તેમનો બચાવ કે બેગમાં ફક્ત કપડાં છેઃ એક્સ પર વીડિયો પોસ્ટ કરનારા શિવસેના (યુબીટી)ના સાંસદ સંજય રાઉતે કહ્યું કે કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે આ વાતની નોંધ લેવી જોઈએ**



(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્રના પ્રધાન સંજય શિરસાટની મુશ્કેલીઓનો અંત આવતો જોવા મળતો નથી. પહેલાં તેમના દિકરાની હોટલની ખરીદી ઘોંચમાં પડતાં હોટેલની ખરીદી પડતી મૂકવી પડી હતી. ત્યારબાદ તેમને એક દિવસ પહેલાં જ આઈટી (ઈન્કમ ટેક્સ)ની નોટિસ બજાવવામાં આવી હતી. આ બધાની વચ્ચે શુક્રવારે તેમનો કથિત રીતે 'રોકડ ભરેલી બેગ' સાથેનો વીડિયો વાઈરલ થતાં મુશ્કેલીમાં વધારો થયો છે. જોકે, શિરસાટે એવો બચાવ કર્યો છે કે તે બેગમાં પૈસા નહીં ફક્ત કપડાં જ હતા.

મહારાષ્ટ્રના પ્રધાન સંજય શિરસાટનો એક વીડિયો શુક્રવારે વાયરલ થયો હતો જેમાં એક રૂમમાં બેઠેલા દેખાય છે અને તેમની નજીક પડેલી આંશિક રીતે ખુલ્લી બેગમાં નોટોના બંડલ જેવું કશું દેખાય છે.

જોકે, શિરસાટે એવા દાવાને ફગાવી દીધો કે તે બેગમાં પૈસા હતા અને ભારપૂર્વક કહ્યું હતું કે તેમાં ફક્ત કપડાં હતા.

બીજી તરફ સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર આ વીડિયો પોસ્ટ કરનારા શિવસેના (યુબીટી)ના સાંસદ સંજય રાઉતે કહ્યું હતું કે કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે આ વાતની નોંધ લેવી જોઈએ.

તેમણે પોતાની પોસ્ટમાં એમ પણ લખ્યું હતું કે, 'મને મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ પર દયા આવે છે! તેઓ હજુ કેટલી વાર પોતાની પ્રતિષ્ઠાને ખંડિત થતી



જોયા કરશે? લાચારીનું બીજું નામઃ ફડણવીસ છે!

આ વીડિયો વાયરલ થયા બાદ મુંબઈમાં પત્રકારો સાથે વાત કરતા શિરસાટે કહ્યું હતું કે, વીડિયોમાં દેખાય છે તે મારું ઘર છે. તે બતાવે છે કે હું મારા બેડરૂમમાં (બનિયાન પહેરીને) બેઠો છું. મારો પાલતુ શ્વાન અને એક બેગ પણ તેમાં દેખાય છે. આનો અર્થ એવો થાય છે કે હું મુસાફરીથી હમણાં જ પાછો ફર્યો છું. જો મારી પાસે પૈસાની આટલી મોટી બેગ રાખવી હોય તો કબાટની અછત છે? પરંતુ કેટલાક લોકોને કપડાંની થેલીમાં પણ (ચલણી) નોટો દેખાય છે, એમ શિરસાટે કહ્યું હતું. જો એ બેગમાં પૈસા હોત, તો હું તેને પહેલાં

(જુઓ પાનું ૪) ▶▶

## વિપક્ષે એકનાથ શિંદે, ફડણવીસને ટાર્ગેટ કર્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ શિવસેનાના પ્રધાન સંજય શિરસાટનો એક વાયરલ વીડિયો મહારાષ્ટ્ર વિધાનસભામાં સત્તાના કોરિડોરમાં ચર્ચાનું કારણ બન્યો છે જેમાં તેઓ તેમના ઘરના એક ઓરડામાં ચલણી નોટોથી ભરેલી બેગ સાથે જોવા મળ્યા છે. ઔરંગાબાદમાં એક હોટલ સોદા અંગે વિવાદના કેન્દ્રમાં રહેલા શિરસાટને તેમની સંપત્તિ પર આવકવેરાની નોટિસ મળ્યા બાદ આ વીડિયો સામે આવ્યા બાદ હવે રાજ્યના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ અને શિવસેનાના નેતા એકનાથ શિંદે વિપક્ષની ટીકાનો ભોગ બની રહ્યા છે.

વાયરલ ક્લિપમાં શિરસાટ પલંગ પર બેસીને ધૂમ્રપાન કરતા, બનિયાન અને શોર્ટ્સમાં દેખાય છે. કેમેરો રૂમમાં ફરતો હોવાથી તેમનો પાલતુ કૂતરો ફ્રેમમાં પ્રવેશ કરે છે. ત્યારબાદ દર્શકોને ચલણી નોટોની બેગ બતાવવામાં આવે છે.

શિવસેના યુબીટીએ આરોપ લગાવ્યો છે કે તે ભ્રષ્ટાચારના પૈસા છે અને એકનાથ શિંદે

(જુઓ પાનું ૪) ▶▶

**સાંગલીની ફેક્ટરીમાંથી ૨૫૨ કરોડના મેફેડ્રોનની જપ્તી**

# માસ્ટરમાઈન્ડ મુસ્તફા કુબ્બાવાલાને યુએઈથી ડિપોર્ટ કરી મુંબઈ લવાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ સાંગલીમાં ફેક્ટરીમાંથી ૨૫૨ કરોડ રૂપિયાના મેફેડ્રોન ડ્રગ્સની જપ્તીના કેસમાં વૉન્ટેડ તેમ જ ઇન્ટરપોલની રેડ કોર્નર નોટિસનો સામનો કરી રહેલા ડ્રગ્સના ઉત્પાદક મુસ્તફા કુબ્બાવાલાને મુંબઈ પોલીસ-ઇન્ટરપોલે સાથે મળીને હાથ ધરેલા ઓપરેશનમાં સીબીઆઇ દ્વારા યુએઇથી ડિપોર્ટ કરીને ભારત લાવવામાં આવ્યો હતો. કુબ્બાવાલાને યુએઇથી ગુરુવારે મોડી રાતે મુંબઈના છત્રપતિ શિવાજી મહારાજ ઇન્ટરનેશનલ એરપોર્ટ લવાયો હતો અને બાદમાં ક્રાઇમ બ્રાન્ચ દ્વારા તેની ધરપકડ કરવામાં આવી હતી.

**સુરતનો રહેવાસી કુબ્બાવાલા ડ્રગ્સ બનાવવા માટેનો કાચો માલ અમદાવાદથી મેળવતો હતો**



સુરતનો રહેવાસી કુબ્બાવાલા આ કેસના મુખ્ય આરોપી સલીમ ડોલાનો ભત્રીજો છે અને મેફેડ્રોનના ઉત્પાદનમાં તે સામેલ હતો. એ ઉપરાંત તે સપ્લાય અને વિતરણની ચેઇનનું સંચાલન કરતો હતો. કુબ્બાવાલા વિદેશથી તેના પિતરાઇ તાહેર કલીમ ડોલા સાથે મળીને મેફેડ્રોન બનાવતી સિન્ડિકેટ ચલાવતો હતો. ઉચ્ચ ગુણવત્તાવાળું મેફેડ્રોન બનાવવા માટે સામગ્રી અને રસાયણનો તે સપ્લાયર હતો અને ડ્રગ્સ બનાવવા માટેનો કાચો માલ તે અમદાવાદથી મેળવતો હતો. કુબ્બાવાલા ગુજરાતમાં તેની સિન્ડિકેટના સભ્યોને ડ્રગ્સ સપ્લાય કરતો હતો. આ

(જુઓ પાનું ૪) ▶▶

**કેન્ટીનના કર્મચારીની મારપીટ**

# શિવસેનાના વિધાનસભ્ય સંજય ગાયકવાડ વિરુદ્ધ ગુનો દાખલ

**પોલીસે તપાસ શરૂ કરવા કોઈની રાહ જોવાની જરૂર નથીઃ ફડણવીસ**

મુંબઈઃ દક્ષિણ મુંબઈમાં એમએલએ હૉસ્ટેલ ખાતે કેન્ટીનના કર્મચારીની મારઝૂડ કરવાના આરોપસર શિવસેનાના વિધાનસભ્ય સંજય ગાયકવાડ અને તેના સમર્થક વિરુદ્ધ શુક્રવારે બિનજામીપાત્ર ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

નાના ગુનાઓમાં બિનજામીનપાત્ર કેસ નોંધવામાં આવે છે. પોલીસ આવા કેસમાં કોર્ટના વોરન્ટ વિના ધરપકડ નહીં કરી શકે.

આકાશવાણી એમએલએ હોસ્ટેલ ખાતે કેન્ટીનમાં 'વાસી ખોરાક' પીસરવા બદલ ગાયકવાડ અને તેના સમર્થકે મંગળવારે રાતે ત્યાંના કર્મચારીની મારપીટ કરી હતી.

આ ઘટનાનો વીડિયો વાયરલ થયો હતો, જેમાં બુલઢાણાના બે વખતના વિધાનસભ્ય

(જુઓ પાનું ૪) ▶▶

# સોનાની દાણચોરીની સિન્ડિકેટઃ દાદરના ગુજરાતીની ધરપકડ

**ડીઆરઆઈના અધિકારીઓને જોઈ બેડરૂમમાં સંતાયેલા વેપારીએ મોબાઈલ બારીની બહાર ફેંક્યો**

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ વિદેશથી દાણચોરીથી લવાયેલું સોનું ખરીદવાના આરોપસર ડિરેક્ટરેટ ઑફ રેવેન્યૂ ઈન્ટલિજન્સે (ડીઆરઆઈ) દાણચોરીની સિન્ડિકેટ સાથે કથિત રીતે સંકળાયેલા દાદરના વેપારીની ધરપકડ કરી હતી. ડીઆરઆઈની ટીમ વેપારીના ઘરે પહોંચી ત્યારે તપાસથી બચવા વેપારી બેડરૂમમાં સંતાઈ ગયો હતો અને ડિજિટલ પુરાવાનો નાશ કરવાને ઇરાદે મોબાઈલ ફોન બારીની બહાર ફેંકી દીધો હોવાનો દાવો અધિકારીએ કર્યો હતો.

ડીઆરઆઈએ શુક્રવારે ધરપકડ કરેલા આરોપીની ઓળખ દાદરના જી. ડી. આંબેડકર માર્ગ ખાતે રહેતા એન. વી. ઠક્કર (૨૪) તરીકે થઈ હતી.

મળેલી માહિતીને આધારે અધિકારીઓએ ૧૧ એપ્રિલે બૅન્ગકોકથી મુંબઈના છત્રપતિ શિવાજી મહારાજ ઈન્ટરનૅશનલ ઍરપોર્ટ પહોંચેલા બી. સી. શેઠને પકડી પાડ્યો હતો. તપાસ કરતાં તેની પાસેથી ૬.૩૦ કરોડ રૂપિયાનું સોનું મળી આવ્યું હતું. આ સોનાની ૧૪ લગડી તેણે એક બૂટના સોલમાં સંતાડી રાખી હતી.

સોનાની કથિત દાણચોરી પ્રકરણે શેઠની ધરપકડ કરી પૂછપરછ કરવામાં આવતાં આ સોનું તે તેના સાથી સી. સંઘવીને આપતો હોવાનું કબૂલ્યું હતું. ડીઆરઆઈએ ૧૨ એપ્રિલે સંઘવીને પણ પકડી

(જુઓ પાનું ૪) ▶▶

# ભોર ઘાટમાં માલગાડી ખડી પડી, મુંબઈ-પુણે ટ્રેન ટ્રાફિક ખોરવાયો

મુંબઈ : મુંબઈ-પુણે રૂટ પર ભોર ઘાટના મંકી હિલ ખાતે શુક્રવારે બપોરે એક માલગાડી પાટા પરથી ઉતરી ગઈ હતી. કોઈ ઈજાગ્રસ્ત થયાના અહેવાલ નથી, એમ સેન્ટ્રલ રેલવેના પ્રવક્તાએ જણાવ્યું હતું. માલગાડી ખડી પડતા મુંબઈ-પુણે રૂટ પરના ટ્રાફિકને બે કલાક માટે અસર થઈ હતી. મધ્ય રેલવેના મુખ્ય જનસંપર્ક અધિકારી સ્વપ્નિલ નિલાએ જણાવ્યું હતું કે, માલગાડીની બ્રેક વેન સાંજે ચાર વાગ્યાની આસપાસ ભોર ઘાટ વિસ્તારમાં મંકી હિલ નજીક પાટા પરથી ઊતરી ગઈ હતી. ■

# હું નિર્દોષઃ વીર સાવરકર વિશે ઘસાતું બોલવાના કેસમાં રાહુલ ગાંધીની અરજ

પુણેઃ કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ ગઈ કાલે પુણેની એક કોર્ટમાં હિન્દુત્વ વિચારક વીર સાવરકર પર કરેલી ટિપ્પણીઓને લગતા માનહાનિના કેસમાં પોતાને નિર્દોષ જાહેર કર્યા.

ન્યાયિક મેજિસ્ટ્રેટ (પ્રથમ વર્ગ) અને વિશેષ ન્યાયાધીશ (સાંસદ/ધારાસભ્ય કોર્ટ) અમોલ શ્રીરામ શિંદેએ વી.ડી. સાવરકરના પૌત્ર, સત્યાકી સાવરકર દ્વારા લગાવવામાં આવેલ આરોપ વાંચીને સંભળાવ્યો, જેમાં ગાંધીએ તેમના વકીલ મિલિંદ પવાર દ્વારા પોતાને નિર્દોષ જાહેર કર્યા.

લોકસભામાં વિરોધ પક્ષના નેતા કોર્ટમાં હાજર ન હતા અને તેમના વકીલ પવારે કોર્ટ સમક્ષ તેમના વતી દોષિત ન હોવાની

(જુઓ પાનું ૪) ▶▶

# કૅનેડામાં કૅફે પર ગોળીબારઃ મુંબઈમાં કપિલ શર્માના ઘરે પહોંચી પોલીસ



મુંબઈઃ કોમેડિયન કપિલ શર્માની કૅનેડામાં નવી શરૂ કરાયેલી રેસ્ટોરાં પર ગોળીબારની ઘટનાને બીજે જ દિવસે મુંબઈ પોલીસ તેના અંધેરીના ઓશિવરા વિસ્તારમાં આવેલા ઘરે પહોંચી હતી.

એક વરિષ્ઠ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે કપિલ શર્માના સરનામાની ખાતરી કરવાના ઉદ્દેશથી પોલીસની ટીમ શુક્રવારે તેના ઘરે ગઈ હતી.

'કૅનેડામાં કૅફે પર ગોળીબાર થયાના બીજે દિવસે અધિકારીઓ ઓશિવરાની ડીએલએચ એન્ક્લેવ બિલ્ડિંગમાં ગઈ હતી. કોમેડિયનના સરનામાની ખાતરી

(જુઓ પાનું ૪) ▶▶

# રાયગડના દરિયાકાંઠાના વિસ્તારમાં રજિસ્ટ્રેશન વિનાની ૧,૦૦૦થી વધુ બોટ કાર્યરતઃ પોલીસ

**શંકાસ્પદ પાકિસ્તાની જોવા મળ્યા બાદ સર્ચ ઓપરેશન વખતે આ વાત સામે આવી**

મુંબઇઃ રાયગડ જિલ્લાના દરિયાકાંઠાના વિસ્તારમાં યોગ્ય નોંધણી વિનાની ૧,૦૦૦થી વધુ બોટ કાર્યરત હોવાનું પોલીસને જાણવા મળ્યું હતું. તાજેતરમાં રાયગડના કોરલાઇ કિલ્લા નજીક અરબી સમુદ્રમાં તાજેતરમાં શંકાસ્પદ પાકિસ્તાની બોટ કોસ્ટ ગાર્ડના રડાર પર આવ્યા બાદ હાથ ધરાયેલા સર્ચ ઓપરેશન દરમિયાન આ વાત પ્રકાશમાં આવી હતી.

રાયગડ પોલીસે શંકાસ્પદ પાકિસ્તાની બોટને શોધવા સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું. એ દરમિયાન પોલીસને જાણવા મળ્યું હતું કે જિલ્લાના દરિયાકાંઠે નોંધણી વિનાની ૧,૦૦૦થી વધુ બોટ કાર્યરત છે, એમ રાયગડના પોલીસ સુપરિન્ટેન્ડેન્ટ આંચલ દલાલે કહ્યું હતું.

પોલીસે આ નોંધણી વિનાની બોટની યાદી તેમના માલિકો સામે જરૂરી કાર્યવાહી માટે મત્સ્યોદ્યોગ વિભાગને સુપરત કરી છે, એમ તેમણે જણાવ્યું હતું.

દરિયાકાંઠાની સુરક્ષા અને માછીમારોના રક્ષણ માટે બોટનું રજિસ્ટ્રેશન ખૂબ જ મહત્વપૂર્ણ છે. જો માછીમારો માછીમારી કરવા જાય ત્યારે કોઇ કટોકટીની પરિસ્થિતિ ઊભી થાય તો પોલીસે તેમની બોટને ટ્રેસ કરવી જોઇએ અને મધદરિયે મુશ્કેલીના સમયે તેમને યોગ્ય સહાય પૂરી પાડવી જોઇએ, એમ પણ આંચલ દલાલે કહ્યું હતું.

ઇન્ડિયન કોસ્ટ ગાર્ડે (આઇસીજી) રવિવારે રાતે પોલીસને જાણ કરી હતી કે કોરલાઇ કિલ્લા પાસે શંકાસ્પદ પાકિસ્તાની બોટ મુકદર બોય ૯૯, જેનો નંબર એમએમએસઆઇ-૪૬૩૮૦૦૪૧૧ હતો, જોવા મળી હતી. તેને ફિશિંગ નેટ બૉય તરીકે ઓળખવામાં આવી હતી, જે એઆઇએસ ટ્રાન્સપોંડર સાથે ભારતીય દરિયામાં તણાઇ ગઇ હતી. ફિશિંગ બૉયની હજી પણ ચાલી રહી છે, એમ દલાલે વધુમાં જણાવ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે નવેમ્બર, ૨૦૦૮માં પાકિસ્તાનથી ૧૦ આતંકવાદી દરિયાઇ માર્ગે બોટમાં મુંબઈ પહોંચ્યા હતા. તેમણે મુંબઈમાં વિવિધ સ્થળે હુમલા કર્યા હતા, જેમાં ૧૬૬ લોકોનાં મોત થયાં અને ઘણા લોકો ઘાયલ થયા હતા. (પીટીઆઇ) ■

# ડાબેરી અંતિમવાદ પર લગામ તાણતો ખરડો વિધાન પરિષદમાં પણ મંજૂર

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ડાબેરી ઉગ્રવાદી સંગઠનોની ગેરકાયદે પ્રવૃત્તિઓને નિયંત્રણમાં લેવા માટે મહારાષ્ટ્ર સરકારે શુક્રવારે વિધાનસભામાં ગુરુવારે મંજૂર કરેલા મહારાષ્ટ્ર વિશેષ જાહેર સુરક્ષા ખરડાને શુક્રવારે વિધાન પરિષદમાં પણ મંજૂર કરવામાં આવ્યું હતું.

વિધાનસભામાં આ ખરડાને મંજૂર કરવામાં આવ્યાના એક દિવસ પછી મહારાષ્ટ્ર વિશેષ જાહેર સુરક્ષા ખરડો ગૃહ ખાતાના રાજ્યકક્ષાના પ્રધાન (શહેરો) યોગેશ કદમે ઉપલા ગૃહમાં રજૂ કર્યું હતું.

રાજ્ય વિધાન મંડળના બંને ગૃહોમાં મંજૂર થઈ ગયા પછી આ ખરડો કાયદો બનવાની દિશામાં એક ડગલું આગળ વધ્યો છે. હવે આ મંજૂર ખરડાને રાજ્યપાલની મંજૂરી માટે મોકલવામાં આવશે. ■

# હેલ્પલાઈન નહીં, ફ્રોડલાઈન...

**છેતરાયેલી વ્યક્તિઓને મદદને બહાને ફરી છેતરનારો ઠગ પકડાયોઃ પોલીસની સાયબર હેલ્પલાઈનમાંથી બોલતો હોવાનું કહી આરોપી ભારતની રાજમુદ્રાવાળું આઈ-કાર્ડ મોકલાવતોઃ કોર્ટ કામકાજ, વકીલની ફી જેવાં કારણોસર નાણાં પડાવતો**

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈની સાયબર પોલીસે એક એવા આરોપીને પકડી પાડ્યો હતો, જે સાયબર ફ્રોડમાં છેતરાયેલી વ્યક્તિઓને મદદ કરવાને બહાને તેમની પાસેથી ફરી નાણાં પડાવતો હતો. મુંબઈ પોલીસની સાયબર હેલ્પલાઈનના અધિકારી તરીકે ઓળખ આપી તે ભારતની રાજમુદ્રાવાળું આઈ કાર્ડ મોકલાવતો અને પછી કોર્ટ કામકાજ, વકીલની ફી જેવાં કારણોસર રૂપિયા ટ્રાન્સફર કરવાનું કહેતો હતો.

વેસ્ટ રિજન સાયબર પોલીસે ધરપકડ કરેલા આરોપીની ઓળખ અનિલ મધુકર દરેકર (૩૫) તરીકે થઈ હતી. પનવેલના વિચુંબે ખાતેની ગ્રીન વૅલી રોડ ખાતે રહેતા આરોપી દરેકર પાસેથી મોબાઈલ ફોન, ડેબિટ કાર્ડ અને ભારતની

(જુઓ પાનું ૪) ▶▶

# ગોરેગામમાં બેસ્ટ બસ અને ટ્રક વચ્ચે ટક્કરઃ આઠ જખમી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ગોરેગામમાં શુક્રવારે વહેલી સવારના દિંડોશીથી શિવડી જઈ રહેલી બૃહન્મુંબઈ ઈલેક્ટ્રિક સપ્લાય ઍન્ડ ટ્રાન્સપોર્ટ (બેસ્ટ)ની બસ અને સ્ટેશનરી ભરેલી ટ્રક વચ્ચે થયેલી અથડામણમાં આઠ લોકો જખમી થયા હતા. જખમીઓમાં બસના ડ્રાઈવર, કંડકર સહિત બસના પ્રવાસીઓને તાત્કાલિક હૉસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યા હતા.

બેસ્ટના પ્રવક્તાના જણાવ્યા મુજબ શુક્રવારે સવારના ૬.૩૦ વાગે ગોરેગામમાં વનરાઈ પોલીસ સ્ટેશન સામેની આ દુર્ઘટના બની હતી, જેમા વડાલા ડેપોની વેટ લીઝ પર રહેલી ૪૦ નંબરની બસ દિંડોશીથી શિવડી જઈ રહી હતી ત્યારે વનરાઈ પોલીસ સ્ટેશનની સામે સર્વિસ રોડ પરથી અચાનક એક કાર બસની સામે આવી ગઈ હતી. અચાનક કાર સામે આવી જતા બસને ડાબી તરફ વાળવાના



પ્રયાસમાં બેસ્ટના ડ્રાઈવરે બસ પરથી નિયંત્રણ ગુમાવી દીધું હતું અને ત્યાં ડાબી બાજુમાં પાર્ક કરેલી ટ્રક સાથે જોશભેર અથડાઈ હતી. ટ્રક સાથે જોશભેર ટકરાવાને કારણે બસની આગળના ભાગને મોટા પ્રમાણમાં નુકસાન થયું હતું અને તેમાં બસ ડ્રાઈવર, કંડકટર સહિત છ પ્રવાસીઓ જખમી થયા હતા. બસના કંડકટરને જોગેશ્વરીમાં આવેલી ટ્રોમા કેર હૉસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો. ■

# પીઓપીની મોટી મૂર્તિઓનું વિસર્જનઃ બીએમસી હજી મૂંઝવણમાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ગણેશોત્સવ માટે પ્લાસ્ટર ઓફ પૅરિસની મૂર્તિ બનાવવાની મંજૂરી મળી ગઈ છે અને પીઓપીની મૂર્તિનું વિર્સજન કૃત્રિમ તળાવમાં કરવા સંદર્ભમાં હાઈ કોર્ટે નિર્દેશ આપ્યો છે પણ ૧૨ ફૂટથી વધુ ઊંચાઈની પીઓપીની મૂર્તિના વિસર્જન કૃત્રિમ તળાવમાં કરવાને મુદ્દે પાલિકા હજી પણ મૂંઝવણમાં છે. ૨૪ જુલાઈ, ૨૦૨૫ના હાઈ કોર્ટમાં થનારી આગામી સુનાવણીમાં શું ચુકાદો આવે છે ત્યારબાદ જ પાલિકા વિસર્જનને લગતા આગળની યોજના બનાવશે એવું પાલિકાના ઉચ્ચ અધિકારીએ જણાવ્યું હતું.

બોમ્બે હાઈ કોર્ટે પીઓપીની મૂર્તિ પરનો પ્રતિબંધ હટાવવાની સાથે જ તેનું વિસર્જન નૈસર્ગિક જળસ્રોતને બદલે કૃત્રિમ તળાવમાં કરવાનો નિર્દેશ આપ્યો છે. સાર્વજનિક ગણેશ

(જુઓ પાનું ૪) ▶▶

## દક્ષિણ મુંબઈમાં ગણેશોત્સવમાં સ્પેશ્યલ સજાવટ

રાજ્ય સરકારે ગણેશોત્સવના તહેવારને રાજ્ય મહોત્સવનો દરજ્જો આપ્યો છે તેથી આ વર્ષથી આ તહેવાર હજી ધૂમધામથી ઊજવવામાં આવે એવી શક્યતા છે. તેમાં હવે મુંબઈ મહાનગરપાલિકા, બેસ્ટ પ્રશાસન અને પોલીસ ડિપાર્ટમેન્ટના સહયોગથી દક્ષિણ મુંબઈના પ્રખ્યાત ગણેશમંડળો આવેલા છે તે વિસ્તાર, તાડદેવ, ગિરગામ, વાલકેશ્વર, ખેતવાડી અને લેમિંગ્ટન રોડમાં વિવિધ પ્રકારની સજાવટની કરવામાં આવવાની છે. તે માટે સ્થાનિક સ્તર પર સમિતિઓ બનાવવામાં આવી રહી છે. ■

# ભારતના ત્રણ વિકેટે ૧૪૫ રન, ઈંગ્લૅન્ડથી હજી ૨૪૨ રન પાછળ

## રિષભ પંત આંગળીની ઈજા છતાં બૅટિંગમાં, રાહુલની લડાયક હાફ સેન્ચુરી

લંડનઃ ટેસ્ટ-સિરીઝ ૧-૧ની બરાબરીમાં રહ્યા બાદ ભારત સામે લૉર્ડ્સમાં ત્રીજી ટેસ્ટમાં શુક્રવારે બીજા દિવસે ઇંગ્લૅન્ડની ટીમ પ્રથમ દાવમાં ૩૮૭ રનના સ્કોર પર ઑલઆઉટ થઈ ગઈ ત્યાર બાદ ભારતે રમતના અંત સુધીમાં ત્રણ વિકેટે ૧૪૫ રન કર્યા હતા. કે. એલ. રાહુલ લડાયક ઇનિંગ્સમાં ૫૩ રને નૉટઆઉટ રહ્યો હતો. ડાબા હાથની પહેલી આંગળીની ઈજાને લીધે ગુરુવારે જ ફીલ્ડિંગમાંથી નીકળી ગયેલો રિષભ પંત પાંચમા નંબરે બૅટિંગમાં આવ્યો હતો અને ૧૯ રને નૉટઆઉટ હતો. ઇંગ્લૅન્ડથી ભારત હજી ૨૪૨ રન પાછળ હતું.

યશસ્વી જયસ્વાલ ૧૩ રન કરીને આઉટ થયો હતો, જ્યારે કરુણ નાયર (૬૨ બૉલમાં ૪૦ રન) ફરી એક વાર લાંબી ઇનિંગ્સ રમવામાં નિષ્ફળ ગયો હતો અને બીજી ટેસ્ટનો સુપરસ્ટાર શુભમન ગિલ ૧૬ રન કરીને વિકેટ ગુમાવી બેઠો હતો. તે ક્રિસ વૉક્સના બૉલમાં વિકેટકીપર જૅમી સ્મિથના હાથમાં કૅચઆઉટ થયો હતો.



બૅટ્સમૅન જૅમી સ્મિથે ગઈ કાલે લાત મારીને બૉલને સ્ટમ્પ્સમાં જતો રોકવાનો પ્રયાસ કર્યો હતો.

એ પહેલાં, ઇંગ્લૅન્ડે જે ૩૮૭ રન કર્યા હતા એમાં જો રૂટના ૧૦૪ રન, બ્રાયડન કાર્સના ૫૬ રન, જૅમી સ્મિથનું ૫૧ રન, બેન સ્ટૉક્સ તેમ જ ઑલી પૉપનું ૪૪-૪૪ રનનું અને મિસ્ટર એક્સ્ટ્રાનું ૩૧ રનનું યોગદાન હતું. કાર્સની અંતિમ વિકેટ સિરાજે લીધી હતી. આ દાવમાં બુમરાહે પાંચ તેમ જ સિરાજ-નીતીશ રેડ્ડીએ બે-બે તેમ જ જાડેજાએ એક વિકેટ લીધી હતી. ઇંગ્લૅન્ડે લંચના વિશ્રામ સુધીમાં સાત વિકેટે ૩૫૩ રન કર્યા હતા. જોકે લંચ વખતે ૫૧ રન પર નૉટઆઉટ રહેલો વિકેટકીપર-બૅટ્સમૅન જૅમી સ્મિથ લંચ બાદ એ જ સ્કોર પર મોહમ્મદ સિરાજના બૉલ પર કાર્યવાહક વિકેટકીપર ધ્રુવ જુરેલને કૅચ આપી બેઠો હતો.

ખરેખર તો બ્રિટિશ ટીમના મિડલ ઑર્ડરે તેમ જ પૂછડિયાઓએ ભારતીય બોલર્સને સંઘર્ષ કરાવ્યો હતો. સ્મિથ અને પેસ બોલર બ્રાયડન કાર્સ વચ્ચે આઠમી વિકેટ માટે ૮૪ રનની ભાગીદારી થઈ હતી. જૅમી સ્મિથ પણ ઇનિંગ્સની શરૂઆતમાં પાછો ગયો હોત, પણ તેને બીજી સ્લિપમાં કે. એલ. રાહુલના હાથે જીવતદાન મળ્યું હતું. ત્યારે સ્મિથ માત્ર પાંચ રન પર હતો.

### જો રૂટે દ્રવિડ-સ્મિથને ઓળંગ્યા

જો રૂટે ગુરુવારના પોતાના ૯૯ રનના સ્કોર પરથી રમવાનું શરૂ કર્યું હતું અને એક રન કરીને ૩૭મી ટેસ્ટ સદી ફટકારી હતી. એ સાથે તેણે સૌથી વધુ સેન્ચુરી ફટકારનારાઓમાં ૩૬-૩૬ સદી કરનારા રાહુલ દ્રવિડ અને સ્ટીવ સ્મિથને ઓળંગી લીધા હતા.

### બુમરાહ સામે રૂટ ૧૧મી વખત આઉટ

જસપ્રીત બુમરાહે ૧૧મી વખત રૂટની વિકેટ લીધી હતી. જો રૂટે ટેસ્ટ-ક્રિકેટમાં સૌથી વધુ ૧૧-૧૧ વાર બુમરાહ અને પૅટ કમિન્સની બોલિંગમાં વિકેટ ગુમાવી છે.

એક તબક્કે બુમરાહે સાત બૉલમાં ત્રણ વિકેટ લીધી હતી અને એમાં એક સમયે તે હૅટ-ટ્રિક પર હતો. એ ત્રણ વિકેટમાં બુમરાહે બેન સ્ટૉક્સ (૪૪ રન), જો રૂટ (૧૦૪) અને ક્રિસ વૉક્સ (૦)ને પૅવિલિયન ભેગા કર્યા હતા. બુમરાહે કુલ ૭૪ રનમાં પાંચ વિકેટ લીધી હતી. ■

### બુમરાહે કપિલનો વિક્રમ તોડ્યો, સેલિબ્રેશન ટાળ્યું

લંડનઃ ટેસ્ટ જગતના નંબર-વન બોલર જસપ્રીત બુમરાહે શુક્રવારે વિદેશી ધરતી પર ટેસ્ટના એક દાવમાં પાંચ કે વધુ વિકેટ લેવાની સિદ્ધિ ૧૩મી વખત મેળવીને કપિલ દેવની ૧૨ વખત પાંચ કે વધુ વિકેટ લેવાની ઉપલબ્ધિને ઓળંગી લીધી હતી. જોકે બુમરાહે કપિલનો એ વિક્રમ પોતાના નામે કર્યા પછી સેલિબ્રેશન કરવાનું ટાળ્યું હતું. બુમરાહે જોશમાં આવીને સેલિબ્રેશન તો નહોતું કર્યું, બૉલ હાથમાં રાખીને હાથ ઊંચો કરતા પણ તે અચકાતો હતો. ઊલટાનું, તેના સાથી બોલર સિરાજે બુમરાહનો હાથ પકડીને ઊંચો કર્યો હતો. SENA દેશો (સાઉથ આફ્રિકા, ઇંગ્લૅન્ડ, ન્યૂ ઝીલૅન્ડ, ઑસ્ટ્રેલિયા)માં સૌથી વધુ ૧૧ વખત પાંચ કે વધુ વિકેટ લેવાના અકરમના વિશ્વવિક્રમની પણ બુમરાહે બરાબરી કરી છે.

ઇંગ્લૅન્ડની ધરતી પર સૌથી વધુ ટેસ્ટ વિકેટ લેનાર ભારતીય બોલર્સની વાત કરીએ તો એમાં ઇશાન્ત શર્મા (૫૧ વિકેટ) અગ્રેસર છે. બુમરાહ (૪૬) હવે કપિલ દેવ (૪૩) થી આગળ થઈ ગયો છે. ■

# અલ્કારાઝ વિમ્બલ્ડનની ફાઇનલમાં પહોંચ્યો

લંડનઃ સ્પેનનો કાર્લોસ અલ્કારાઝ લંડનમાં વિમ્બલ્ડનની સિંગલ્સની ફાઇનલમાં પહોંચ્યો હતો જે જીતીને તે સતત ત્રીજું ટાઇટલ મેળવી શકશે. તેણે સેમિ ફાઇનલમાં ટેલર ફ્રિત્ઝને ૬-૪, ૫-૭, ૬-૩, ૭-૬ (૮-૬)થી હરાવી દીધો હતો. ફાઇનલમાં તે સિનર અથવા જોકોવિચ સામે રમશે.

અલ્કારાઝ ૨૦૨૩માં અને ૨૦૨૪માં વિમ્બલ્ડનમાં ચૅમ્પિયન બન્યો હતો. તાજેતરમાં જ તે ક્લે કોર્ટ પર ફ્રેન્ચ ઓપનનો તાજ જીતીને ગ્રાસ કોર્ટ પરની વિમ્બલ્ડનમાં રમવા આવ્યો હતો. ■

# રૂટે એક હાથે કૅચ ઝીલીને દ્રવિડનો વિક્રમ તોડ્યો

લંડનઃ લૉર્ડ્સની ટેસ્ટમાં ૩૩૧ મિનિટ સુધી ક્રીઝમાં ટકી રહીને ૧૯૯ બૉલમાં ૧૦ ફોરની મદદથી ૧૦૪ રન બનાવીને જો રૂટ ભારતીય ટીમને સૌથી વધુ ભારે પડ્યો, પરંતુ ત્યાર પછી તેણે ફીલ્ડિંગમાં પણ કમાલ બતાવી હતી.

તેણે ભારતની ૨૧મી ઓવરમાં વનડાઉન બૅટ્સમૅન કરુણ નાયર (૪૦ રન)નો બેન સ્ટૉક્સના બૉલમાં એક હાથે જે કૅચ ઝીલ્યો એ ટેસ્ટ ક્રિકેટમાં તેનો ૨૧૧મો કૅચ હતો અને એ સાથે તેણે ૧૪૮ વર્ષ જૂની ટેસ્ટ ક્રિકેટમાં રાહુલ દ્રવિડનો સૌથી વધુ ૨૧૦ કૅચનો ૧૩ વર્ષ જૂનો વિક્રમ તોડી નાખ્યો હતો.

જો રૂટની આ ૧૫૬મી ટેસ્ટ છે. તેણે ૧૮૦ વન-ડેમાં ૮૮ કૅચ અને ૩૨ ટી-૨૦માં ૧૬ કૅચ ઝીલ્યા છે. ઇંગ્લૅન્ડની ફર્સ્ટ-ક્લાસ સ્તરની ક્રિકેટમાં તે ૨૬૦ કૅચ પકડી ચૂક્યો છે.

દ્રવિડે ૧૯૯૬થી ૨૦૧૨ સુધીની શાનદાર કરીઅર દરમ્યાન કુલ ૨૧૦ કૅચ ઝીલ્યા હતા. સ્લિપના આ બે દિગ્ગજ ફીલ્ડરના પછી ત્રીજા ક્રમે માહેલા જયવર્દને છે. આ શ્રીલંકન ખેલાડીએ ૧૯૯૭થી ૨૦૧૪ સુધીની કારકિર્દી દરમ્યાન કુલ ૨૦૫ કૅચ ઝીલ્યા હતા. ■

# દેશ માટે રમવા આવો છો, હૉલીડે-ટૂર પર નથી આવતાઃ ગૌતમ ગંભીર

## હેડ-કોચે ઇન્ટરવ્યૂ લેનાર પુજારા સાથેની વાતચીતમાં ભારતીય ખેલાડીઓ માટેના બીસીસીઆઇના નિયમને ટેકો આપ્યો

લંડનઃ ક્રિકેટરો વિદેશમાં લાંબા પ્રવાસે જાય ત્યારે તેઓ એ ટૂર દરમ્યાન પરિવારજનોને મર્યાદિત દિવસો સુધી જ પોતાની સાથે રાખી શકે એવો જે નિયમ બોર્ડ ઑફ કન્ટ્રોલ ફૉર ક્રિકેટ ઇન ઇન્ડિયાએ બનાવ્યો છે એને હેડ-કોચ ગૌતમ ગંભીરે ટેકો આપતાં કહ્યું છે કે ‘ ખેલાડીઓએ સમજવું જોઈએ કે તેઓ વિદેશમાં દેશ માટે રમવા આવતા હોય છે, હૉલીડેની મજા માણવા નહીં.’



આ વર્ષની શરૂઆતમાં ઑસ્ટ્રેલિયામાં ભારતીય ટીમ બોર્ડર-ગાવસકર ટ્રોફીમાં ૧-૩થી હારી ગઈ ત્યાર બાદ ક્રિકેટ બોર્ડે આ નિયમ લાગુ કર્યો હતો. એ નિયમ એવો છે કે જો ખેલાડીઓની વિદેશી ટૂર ૪૫ દિવસથી વધુ હોય (જેમ કે હાલની ઇંગ્લૅન્ડ ખાતેની ટૂર) દરેક ખેલાડી સાથે તેમના પરિવારનો કોઈ પણ સભ્ય (કે ગર્લફ્રેન્ડ) વધુમાં વધુ બે અઠવાડિયા તેની સાથે એ ટૂર પર રહી શકે. જો વિદેશી ટૂર ઓછા દિવસોની હોય તો ફૅમિલી મેમ્બર્સ વધુમાં વધુ એક જ અઠવાડિયું તેમની સાથે રહી શકે.

વિરાટ કોહલીએ થોડા અઠવાડિયા પહેલાં એક ઇન્ટરવ્યૂમાં પરિવારજનો ખેલાડીઓ સાથે લાંબો સમય રહે એ જરૂરી છે એવા અર્થમાં કહ્યું હતું કે ‘ ખેલાડીઓ અત્યંત માનસિક દબાણમાં રમતા હોય ત્યારે પર્સનલ સપોર્ટથી (ફૅમિલીના સાથસંગાથથી) ખેલાડીઓને મન પરનો બોજ હળવો કરવામાં મદદ મળે છે.’

જોકે લંડનમાં ગૌતમ ગંભીરે એક જાણીતી સ્પોર્ટ્સ ચૅનલ પર ચેતેશ્વર પુજારા સાથેની વાતચીતમાં કહ્યું છે કે ‘ હા, વિદેશી ક્રિકેટ ટૂર દરમ્યાન ખેલાડીઓ સાથે તેમના પરિવારજનો હોવા જ જોઈએ. હું એની તરફેણમાં છું. ખેલાડીઓની કારકિર્દીમાં પરિવારનો પણ એક પ્રકારનો મહત્ત્વનો રોલ હોય છે, પરંતુ ખેલાડીઓએ એક વાત ખાસ સમજવી જોઈએ. તમે વિદેશમાં ખાસ મક્સદથી આવો છો, હૉલીડે માણવા નથી આવતા. ખૂબ અગત્યના હેતુ સાથે વિદેશ પ્રવાસે આવો ત્યારે આ વાત ખાસ યાદ રાખવી જોઈએ ડ્રેસિંગ-રૂમમાં આંગળીને વેઢે ગણાય એટલા ખેલાડીઓમાં તમે પણ છો કે જેમને દેશ વતી રમવાનું ગૌરવ પ્રાપ્ત થયું હોય છે.’

ગંભીરે કહ્યું હતું કે ‘ ખેલાડી વિદેશના પ્રવાસે જે ધ્યેય સાથે આવે એ પૂરું કરવા પર જ સંપૂર્ણ લક્ષ હોવું જોઈએ. મારી દૃષ્ટિએ એ ધ્યેય અને લક્ષ સામે બીજી બધી બાબતો ઓછી મહત્ત્વની છે.’ ■

# ૧૦ ભારતીય ખેલાડીએ લૉર્ડ્સમાં ઐતિહાસિક સિદ્ધિ મેળવી છે, પણ એ લિસ્ટમાં સચિન-વિરાટ નથી

લંડનઃ ક્રિકેટની દુનિયામાં મક્કા તરીકે ઓળખાતા ઇંગ્લૅન્ડના લૉર્ડ્સ ક્રિકેટ ગ્રાઉન્ડ પર સેન્ચુરી ફટકારવાનું દરેક ખેલાડીનું સપનું હોય છે અને ભારતીયોની જ વાત કરીએ તો દેશના ઘણા દિગ્ગજો આ ઐતિહાસિક મેદાન પર સદી ફટકારી ચૂક્યા છે જેમાં શુભમન ગિલનું કે વર્તમાન ટીમ ઇન્ડિયામાંથી બીજા કોઈનું નામ જોડાઈ શકે, પણ નવાઈની વાત એ છે કે આ ગ્રાઉન્ડ પર સચિન તેન્ડુલકર કે વિરાટ કોહલી જેવા મહાન ખેલાડી સેન્ચુરી નથી કરી શક્યા.

ભારત વતી લૉર્ડ્સમાં સૌથી વધુ ત્રણ ટેસ્ટ-સદી દિલીપ વેન્ગસરકરના નામે છે.

વર્તમાન ચીફ સિલેક્ટર અજિત આગરકરે પણ આ મેદાન પર અસરદાર બોલિંગ કરવા ઉપરાંત એક યાદગાર સેન્ચુરી ફટકારી હતી.

લૉર્ડ્સમાં સદી ફટકારીને પોતાનું નામ ઇતિહાસમાં સુવર્ણ અક્ષરે લખાવનારા ભારતીયોમાં વિનુ માંકડ, ગુંડપ્પા વિશ્વનાથ, રવિ શાસ્ત્રી, મોહમ્મદ અઝહરુદ્દીન, રાહુલ દ્રવિડ, સૌરવ ગાંગુલી, અજિંક્ય રહાણે અને કે. એલ. રાહુલનો પણ સમાવેશ છે.

સચિન તેન્ડુલકર અને વિરાટ કોહલી લૉર્ડ્સમાં ઘણી વખત રમ્યા છે, પણ સદી નથી ફટકારી શક્યા.■





લૉર્ડ્સમાં ગઈ કાલની બીજા દિવસની રમત પહેલાં જો રૂટ, જૅમી સ્મિથ, બ્રાયડન કાર્સ તથા અન્યો રુથ સ્ટ્રાઉસ ફાઉન્ડેશન માટેની ચૅરિટી ઇવેન્ટ માટે આવ્યા હતા. આ ઇવેન્ટ ઇંગ્લૅન્ડના ભૂતપૂર્વ સુકાની સ્ટ્રાઉસે (જમણે) રાખી હતી. (પીટીઆઇ)

### લૉર્ડ્સમાં કયા ભારતીયની કેટલી સેન્ચુરી

| | |
|---|---|
| દિલીપ વેન્ગસરકરઃ ત્રણ સેન્ચુરી | સૌરવ ગાંગુલીઃ એક સેન્ચુરી |
| વિનુ માંકડઃ એક સેન્ચુરી | મોહમ્મદ અઝહરુદ્દીનઃ એક સેન્ચુરી |
| ગુંડપ્પા વિશ્વનાથઃ એક સેન્ચુરી | અજિત આગરકરઃ એક સેન્ચુરી |
| રવિ શાસ્ત્રીઃ એક સેન્ચુરી | અજિંક્ય રહાણેઃ એક સેન્ચુરી |
| રાહુલ દ્રવિડઃ એક સેન્ચુરી | કે. એલ. રાહુલઃ એક સેન્ચુરી |

# હૅટ-ટ્રિક સહિત પાંચ બૉલમાં પાંચ વિકેટઃ આયર્લૅન્ડના કર્ટિસ કૅમ્ફરે રચ્યો ઈતિહાસ!

ડબ્લિનઃ પ્રોફેશનલ ક્રિકેટમાં આયર્લૅન્ડના પેસ બોલિંગ ઑલરાઉન્ડર કર્ટિસ કૅમ્ફરે નવો ઇતિહાસ રચ્યો છે. લાગલગાટ પાંચ બૉલમાં પાંચ વિકેટ લેનાર તે વિશ્વનો પહેલો બોલર બન્યો છે. ગુરુવારે અહીં ઇન્ટર પ્રોવિન્શિયલ ટી-૨૦ ટ્રોફી નામની ટૂર્નામેન્ટમાં મનસ્ટર રેડ્સ નામની ટીમ વતી કૅમ્ફરે નોર્થ-વેસ્ટ વૉરિયર્સ ટીમ સામે આ સિદ્ધિ મેળવી હતી. તેની બોલિંગ ઍનેલિસિસ ૨.૩-૦-૧૬-૫ હતી.



કેપ્ટન કૅમ્ફરે પોતાની એક ઓવરના છેલ્લા બે બૉલમાં બે વિકેટ લીધી હતી. ત્યાર પછી ફરી તે નવી ઓવર માટે આવ્યો ત્યારે તેણે પહેલા ત્રણ બૉલમાં ત્રણ વિકેટ લઈને ધમાલ મચાવી દીધી હતી. એ નવી ઓવરના પહેલા બૉલમાં તેણે જે વિકેટ લીધી એ સાથે તેની હૅટ-ટ્રિક પૂરી થઈ હતી. જોકે તેનું આક્રમણ ત્યાં જ નહોતું અટક્યું. હૅટ-ટ્રિક લીધા પછી તેણે બીજા બે બૉલમાં પણ બે વિકેટ લીધી હતી. એ બે વિકેટ હરીફ ટીમની ઇનિંગ્સની છેલ્લી બે (૯ અને ૧૦મી) વિકેટ હતી.

મનસ્ટર રેડ્સે સાત વિકેટે ૧૮૮ રન કર્યા હતા જેમાં કૅમ્ફરના ૪૪ રન હાઈએસ્ટ હતા. નોર્થ વેસ્ટની ટીમ માત્ર ૮૮ રનમાં ઑલઆઉટ થઈ ગઈ હતી જેમાં પાંચ બૅટ્સમેનના ઝીરો હતા.

સ્વાભાવિક છે કે કૅમ્ફરને જ મૅન ઑફ ધ મૅચનો અવૉર્ડ આપવામાં આવ્યો હતો.

૨૬ વર્ષનો કૅમ્ફર આયર્લૅન્ડ વતી ૧૧૦ મૅચ રમ્યો છે જેમાં તેણે ૨,૦૦૦ જેટલા રન કર્યા છે અને ૭૦ વિકેટ લીધી. તે ઘણા દેશોની લીગ ટૂર્નામેન્ટમાં રમ્યો છે, પરંતુ આઈપીએલમાં હજી તેને રમવાનો મોકો નથી મળ્યો.

મહિલા ક્રિકેટમાં એક બોલર પાંચ બૉલમાં પાંચ વિકેટની સિદ્ધિ મેળવી ચૂકી છે. ઝિમ્બાબ્વેની કેલિસ ઍનધલોવુએ ગયા વર્ષે એક ડૉમેસ્ટિક ટી-૨૦ મૅચમાં પાંચ બૉલમાં પાંચ વિકેટ લીધી હતી. ■

# લારાએ વિઆન મલ્ડરને કહ્યું, ‘તારે ૪૦૦ રનનો મારો વિશ્વવિક્રમ તોડી નાખવો જોઈતો હતો’

જોહનિસબર્ગઃ ટેસ્ટના વર્લ્ડ ચૅમ્પિયન સાઉથ આફ્રિકાનો કાર્યવાહક કૅપ્ટન અને બૅટ્સમૅન વિઆન મલ્ડરે તાજેતરમાં ઝિમ્બાબ્વે સામેની ટેસ્ટ દરમ્યાન ૩૬૭ રનના પોતાના સ્કોર પર પોતાનો દાવ ડિક્લેર કરી દીધો અને વેસ્ટ ઇન્ડિઝના ક્રિકેટ-લેજન્ડ બ્રાયન લારાનું માન રાખવા તેનો અણનમ ૪૦૦ રનનો વિશ્વવિક્રમ તોડવાનું ટાળ્યું એ બદલ વિઆનની વિશ્વભરમાં ખૂબ પ્રશંસા થઈ રહી છે, પરંતુ ક્રિસ ગેઇલ પછી ખુદ લારાએ વિઆનને કહ્યું છે કે તેણે ૪૦૦ રનના જાદુઈ આંકડા સુધી પહોંચવાની આ અમૂલ્ય તક જવા નહોતી દેવી.

સાઉથ આફ્રિકાએ ટેસ્ટમાં અણનમ ૩૬૭ રનના વિઆનના સ્કોરની મદદથી ઝિમ્બાબ્વેને આસાનીથી હરાવીને સિરીઝમાં ૨-૦થી ક્લીન સ્વીપ કરી હતી.





વિઆને કહ્યું હતું કે ‘ મેં વિચાર્યું કે અણનમ ૪૦૦ રનનો મહાકાય વિક્રમ લારા જેવા લેજન્ડના નામે જ શોભે છે એટલે એ રેકૉર્ડ ન તોડવો જોઈએ.’

જોકે ક્રિસ ગેઇલે તાજેતરમાં કહ્યું કે ‘ વિઆને ૪૦૦ રન સુધી પહોંચવાની અને લારાનો વિક્રમ તોડવાની અમૂલ્ય તક ગુમાવી. મને લાગે છે કે તે ૩૫૦-પ્લસના સ્કોર પર પહોંચ્યા પછી ભયભીત થઈ ગયો હશે અને એમાં તેણે પોતાનો દાવ ડિક્લેર કરી નાખ્યો. ૪૦૦ રન કરવાની તક કંઈ વારંવાર ન મળે. તારે પણ લેજન્ડ બનવું હોય તો મોટા વિક્રમો પોતાના નામે કરવા જ જોઈએ.’

વિઆને મૅચ પછી લારા સાથે જે ચર્ચા કરી હતી અને એની માહિતી ખુદ વિઆને આપતા કહ્યું હતું કે ‘ લારાએ મને વાતચીત દરમ્યાન કહ્યું કે તું પોતાની અલગ ઓળખ બનાવી રહ્યો છે એટલે તારે ૪૦૦ રનનો રેકૉર્ડ તોડવો જ જોઈતો હતો. લારાએ મને એવું પણ કહ્યું કે વિક્રમ તો તૂટતા જ રહેતા હોય છે. લારાએ મને એવું પણ કહ્યું કે હવે જો તું ૪૦૦ રનના વિક્રમની નજીક પહોંચે તો એ વિક્રમ તોડી જ નાખજે.’

મલ્ડરે જાણીતી ચૅનલને એવું પણ જણાવ્યું કે ‘ લારાએ ભલે મને આ સલાહ આપી, પરંતુ હું હજી પણ માનું છું કે મેં જે કર્યું એ ઠીક જ કર્યું છે. ક્યારેક કોઈક મોટા વિક્રમ તોડવા કરતાં આ મહાન રમતનું ગૌરવ જાળવવું મારી દૃષ્ટિએ વધુ મહત્ત્વનું છે.’

મલ્ડરે ચૅનલને એવું પણ જણાવ્યું કે ‘ મારી ટીમના હેડ-કોચ શુક્રી કૉનરાડે મને કહેલું કે ‘ મોટા વિક્રમો તો લેજન્ડના નામે જ રહેવા દેવા જોઈએ.’ ■

## દેશ વિદેશ

# રાજસ્થાનમાં વરસાદ દરમિયાન દુકાન સામે આશ્રય લેનાર પરિવારને માર મારનાર ચાર સામે ગુનો દાખલ

જયપુર : રાજસ્થાનના સીકર જિલ્લામાં એક મંદિરમાં પૂજા કરવા આવેલા મધ્ય પ્રદેશના એક પરિવારના સભ્યોને શુક્રવારે વરસાદ દરમિયાન દુકાનની સામે આશ્રય લેવા બદલ માર મારવામાં આવ્યો હતો, એમ પોલીસે જણાવ્યું હતું.

આ ઘટનાના સંદર્ભમાં બે દુકાનદાર અને બે કર્મચારીની ધરપકડ કરવામાં આવી છે, એમ તેમણે જણાવ્યું હતું.

પોલીસના જણાવ્યા અનુસાર, ખાટુ શ્યામ મંદિરમાં પૂજા કરવા માટે લગભગ આઠ જણનો પરિવાર આવ્યો હતો, જેમાં ત્રણ મહિલા અને એક સગીર છોકરીનો સમાવેશ થાય છે.

વરસાદ પડી રહ્યો હતો ત્યારે તેઓ મંદિરની નજીકની એક દુકાનની સામે ઊભા હતા. જ્યારે દુકાનદારે તેમને જગ્યા ખાલી કરવાનું કહ્યું, ત્યારે તેઓએ તેમને વરસાદ બંધ થાય ત્યાં સુધી રહેવા દેવા વિનંતી કરી હતી. જોકે, તે પરિવારને બહાર કાઢવાનો આગ્રહ રાખતો રહ્યો હતો.

ત્યાર બાદ પરિવારને બહાર કાઢવામાં આવ્યો હતો, પરંતુ દુકાનદાર તેમની સાથે દલીલ કરતો રહ્યો. જ્યારે પરિવારની એક મહિલા સભ્યએ તેના વર્તનનો વિરોધ કર્યો, ત્યારે તેણે લાકડી કાઢી અને તેમને મારવાનું શરૂ કર્યું હતું. નજીકના એક દુકાનદાર અને તેમના કર્મચારીઓ પણ તેની સાથે જોડાયા હતા, જેના કારણે સ્થાનિક લોકોએ પોલીસને જાણ કરી હતી. ખાટુ શ્યામજી સ્ટેશન હાઉસ ઓફિસર પવન કુમારે જણાવ્યું હતું કે પરિવારને માર મારવા બદલ બે દુકાનદાર સહિત ચાર લોકોની ધરપકડ કરવામાં આવી છે. ■

### બિહાર પેન્શન યોજના

# નીતીશ કુમારે એક કરોડથી વધુ લાભાર્થીઓના ખાતામાં ₹ ૧૧૦૦ ટ્રાન્સફર કર્યા

પટનાઃ બિહારના મુખ્ય પ્રધાન નીતીશ કુમારે શુક્રવારે વરિષ્ઠ નાગરિકો, વિધવાઓ અને દિવ્યાંગજનો સહિત ૧.૧૧ કરોડ લાભાર્થીઓના બેંક ખાતાઓમાં ૧૧૦૦ રૂપિયા પ્રતિ માસનો વધેલી પેન્શન રકમનો પહેલો હપ્તો ટ્રાન્સફર કર્યો હતો. અધિકારીઓએ જણાવ્યું કે અહીં એક કાર્યક્રમ દરમિયાન છ અલગ અલગ પેન્શન યોજનાઓ અંતર્ગત ૧,૨૨૭ કરોડ રૂપિયાથી વધુની રકમ જમા કરવામાં આવી હતી. નોંધનીય છે કે બિહાર સરકારે ૨૪ જૂનના રોજ પેન્શનની રકમ ૪૦૦ રૂપિયા પ્રતિ માસથી વધારીને ૧૧૦૦ રૂપિયા કરી હતી. આ પ્રસંગે નીતિશ કુમારે જણાવ્યું કે વૃદ્ધો સમાજનો એક મહત્ત્વપૂર્ણ ભાગ છે અને તેમના માટે ગૌરવપૂર્ણ જીવન સુનિશ્ચિત કરવું એ અમારી સરકારની ટોચની પ્રાથમિકતા છે. અમે આ દિશામાં અમારા પ્રયાસો ચાલુ રાખીશું. અમે ખાતરી કરીશું કે આ રકમ દર મહિનાની ૧૦ તારીખે ટ્રાન્સફર કરવામાં આવે. બિહાર સરકાર રાજ્યમાં મહિલાઓના સર્વાંગી વિકાસ માટે પણ પ્રતિબદ્ધ હોવાનું તેમણે જણાવ્યું હતું. રાજ્યનો સમાજ કલ્યાણ વિભાગ છ પેન્શન કાર્યક્રમો ચલાવે છે. જેમાં ઇન્દિરા ગાંધી રાષ્ટ્રીય વૃદ્ધાશ્રમ પેન્શન યોજના, મુખ્યમંત્રી વૃદ્ધાશ્રમ પેન્શન યોજના અને ઇન્દિરા ગાંધી રાષ્ટ્રીય વિધવા પેન્શન યોજનાનો સમાવેશ થાય છે. ■

# લગભગ ૧૦૦૦ બિન હિંદુઓ તિરુમાલા તિરુપતિ દેવસ્થાનમ્‌માં કરી રહ્યા છે કામઃ કેન્દ્રીય પ્રધાન

તિરુપતિ : કેન્દ્રીય ગૃહ રાજ્યપ્રધાન બંદી સંજય કુમારે શુક્રવારે આરોપ લગાવ્યો હતો કે લગભગ ૧૦૦૦ બિન હિંદુઓ ભગવાન વેંકટેશ્વરમાં આસ્થા રાખ્યા વિના અથવા સનાતન ધર્મનું પાલન કર્યા વિના તિરુમાલા તિરુપતિ દેવસ્થાનમ (ટીટીડી) માં કામ કરી રહ્યા છે. કેન્દ્રીય ગૃહ રાજ્યપ્રધાન બંદી સંજય કુમારે સવાલ ઉઠાવ્યો હતો કે ‘‘જો બિન-હિન્દુ કર્મચારીઓની ભરતી પહેલા કરવામાં આવી હતી તો અત્યાર સુધી તેમાં ફેરફાર કેમ કરવામાં આવ્યો નથી?’’ ભાજપ નેતાએ આગ્રહ કર્યો હતો કે ‘‘આમાં ઘણી છૂપી ગેરરીતિઓ હોઈ શકે છે. આની સંપૂર્ણ તપાસ થવી જોઈએ.’’

પત્રકારો સાથે વાત કરતી વખતે બંદી સંજય કુમારે સવાલ ઉઠાવ્યો હતો કે ‘‘જો બિન હિંદુઓ ભગવાન વેંકટેશ્વરના મંદિરમાં આવે છે, તેઓએ એ જણાવવું પડશે કે તેઓ ભગવાનમાં માને છે. તો પછી એવું કેવી રીતે થઇ રહ્યું છે કે લગભગ ૧૦૦૦ બિન-હિન્દુ કર્મચારીઓ, જેઓ ભગવાનમાં માનતા નથી પણ ટીટીડીમાં કામ કરી રહ્યા છે?’’

તેમણે તાજેતરના થયેલી એક ઘટનાનો ઉલ્લેખ કર્યો હતો જેમાં એક વ્યક્તિને સસ્પેન્ડ કરવામાં આવ્યો હતો કારણ કે એવું જાણવા મળ્યું હતું કે તે ટીટીડી કર્મચારી હોવા છતાં નિયમિતપણે ચર્ચમાં જતો હતો. રાજ્ય પ્રધાને બોર્ડમાં કેટલા બિન-હિન્દુઓ કામ કરે છે તેની તપાસની માગ કરી હતી. તેમણે પૂછ્યું હતું કે હિન્દુ ભક્તોમાં ગંભીર ચિંતા હોવા છતાં હજુ સુધી કોઈ તપાસ કેમ શરૂ કરવામાં આવી નથી. ■

# વીક ઍન્ડ

સ્પોર્ટ્સમૅન
અજય મોતીવાલા
feedback@bombaysamachar.com

## લૉર્ડ્સમાં ભારતે બ્રિટિશરોને ૧૯૩૨થી લડત આપી છે

### ૯૩ વર્ષ પહેલાંની સૌપ્રથમ ટેસ્ટમાં ભારતીયો પહેલા એક જ કલાકમાં બ્રિટિશ ટીમને ભારે પડી ગયા હતા... મોહમ્મદ નિસારે બે મહાન બૅટ્સમેનોને ક્લીન બોલ્ડ કર્યા હતા!



કર્નલ સી. કે. નાયુડુ ૧૯૩૨માં ભારતના સૌપ્રથમ કૅપ્ટન બન્યા હતા. (બીસીસીઆઇ)



૧૯૩૨માં ઇંગ્લૅન્ડના પ્રવાસ દરમિયાન લૉર્ડ્સના ઐતિહાસિક ગ્રાઉન્ડ પર ભારતની સૌપ્રથમ ટેસ્ટ-ટીમ. (આઇસીસી)

**નવા** ટેસ્ટ કૅપ્ટન શુભમન ગિલ અને તેની ફોજ ઇંગ્લૅન્ડને વર્તમાન સિરીઝના જંગમાં પહેલા દિવસથી લડત આપે છે. લીડ્સની પ્રથમ ટેસ્ટમાં ફીલ્ડિંગ સારી હોત તો ભારતીય ટીમ અત્યારે ૨-૦થી આગળ હોત. એજબૅસ્ટનમાં ટીમ ઇન્ડિયાએ જ્વલંત વિજય મેળવ્યો અને ત્યાર બાદ લૉર્ડ્સની ત્રીજી ટેસ્ટમાં ગુરુવારના પહેલા દિવસથી બોલિંગમાં જસપ્રીત બુમરાહની આગેવાનીમાં આપણા ખેલાડીઓ વધુ એક લડાઈ લડી રહ્યા છે. ખાસ કરીને ઐતિહાસિક સ્થળ લૉર્ડ્સ અને ક્રિકેટના મક્કા ગણાતા લૉર્ડ્સના મેદાનની વાત કરીએ તો આ પ્રાચીન સ્થળે બ્રિટિશરોને આપણા દેશના ક્રિકેટરોએ ૧૯૩૨માં ટેસ્ટ-ક્રિકેટના આપણા પ્રથમ દિવસના પહેલા કલાકની રમતથી લડત આપી હતી.

ટેસ્ટ-ક્રિકેટનો જન્મ ૧૮૭૭માં મેલબર્નમાં ઑસ્ટ્રેલિયા અને ઇંગ્લૅન્ડ વચ્ચેની સૌથી પહેલી ટેસ્ટથી થયો હતો, પણ ભારતે પંચાવન વર્ષ બાદ ટેસ્ટ જગતમાં ઝુકાવ્યું હતું. ભારતમાં ત્યારે બ્રિટિશરોના શાસનને ત્યારે લગભગ ૧૮૫ વર્ષ થઈ ગયા હતા. ક્રિકેટના જનક તેઓ જ હતા એટલે સ્વાભાવિક છે કે ભારતમાં પણ ૧૯૩૨ અગાઉના ઘણાં વર્ષોથી બિનસત્તાવાર મૅચો રમાતી હતી. ૧૯૩૨માં એક તરફ મહાત્મા ગાંધી તેમ જ આઝાદીની ચળવળના બીજા મહાનુભાવો બ્રિટિશરોને ભારતમાંથી જતા રહેવાનું આંદોલન વધુને વધુ ઉગ્ર બનાવી રહ્યા હતા ત્યારે બીજી બાજુ ભારતને ટેસ્ટ-ક્રિકેટમાં પ્રવેશવાનું આમંત્રણ મળ્યું હતું અને એ યોજનામાં પહેલી જ મૅચ ઇંગ્લૅન્ડમાં અને એ પણ જગવિખ્યાત લૉર્ડ્સમાં રાખવામાં આવી હતી.

બ્રિટિશ શાસકો ભારતમાં રાજ કરી રહ્યા હતા એટલે દેખીતી રીતે બ્રિટિશ ધરતી પર ભારતીય ક્રિકેટરો કેવું પર્ફોર્મ કરશે એ જોવામાં સૌ કોઈને રસ હતો. ભારતમાં રાજકીય ચળવળ, આઝાદીનાં આંદોલનો તેમ જ કોમી રમખાણો ઠેકઠેકાણે બંધ તેમ જ વેતનમાં ૧૦ ટકા કાપ જેવાં કારણો પરથી ઘણાને લાગતું હતું કે ભારત યોજના મુજબ ક્રિકેટની રમતમાં પ્રવેશ કદાચ નહીં કરી શકે. જોકે ઘરઆંગણે પ્રૅક્ટિસ કર્યા પછી કર્નલ સી. કે. નાયુડુના નેતૃત્વમાં ભારતીય ટેસ્ટ ટીમ પોતાના જ દેશ પર રાજ કરી રહેલા બ્રિટિશરોની ક્રિકેટ ટીમ સામે રમવા જૂન, ૧૯૩૨માં લૉર્ડ્સ પહોંચી ગઈ હતી. આમેય આપણને જૂનની પચીસમી તારીખ સાથે દાયકાઓથી લેણું છે. ૧૯૮૩ની પચીસમી જૂને આપણા ક્રિકેટ-સૈનિકો કપિલ દેવના સુકાનમાં લૉર્ડ્સમાં વન-ડેનો ઐતિહાસિક વર્લ્ડ કપ જીત્યા હતા. ફરી ટેસ્ટ-ક્રિકેટના પ્રવેશની વાત પર આવીએ તો ૧૯૩૨માં ટેસ્ટમાં આપણો પહેલો દિવસ પચીસમી જૂને જ હતો.

ડગ્લાસ જાર્ડિનની ટીમમાં હર્બર્ટ સટક્લિફ, ફ્રૅન્ક વૉલી, વૉલી હેમન્ડ, એડી પેન્ટર, લેસ એમીસ, ફ્રેડી બ્રાઉન વગેરે જાણીતા ખેલાડીઓ હતા અને કર્નલ સી. કે. નાયુડુની આગેવાનીમાં ભારતની સૌપ્રથમ ટેસ્ટ ટીમમાં સોરાબજી કોલાહ, નાઝિર અલી, ફિરોઝ પાલિયા, લાલ સિંહ, જહાંગીર ખાન, અમર સિંહ, મોહમ્મદ નિસાર, નઉમલ જીઉમલ, જનાર્દન નવલે, સૈયદ વઝિર અલી સામેલ હતા.

૨૪,૦૦૦ પ્રેક્ષકોની હાજરીમાં ભારતીય ટીમે ક્રિકેટની નવી રમતમાં પહેલા દિવસે અગ્નિપરીક્ષા આપવાની હતી. જોકે આ હજારો લોકોના આશ્ચર્ય વચ્ચે ભારતીય ટીમે પહેલા જ એક કલાકમાં એવું પર્ફોર્મ કર્યું કે બ્રિટિશરોએ પણ માની લીધું હતું કે ખરેખર, ભારત ટેસ્ટ-ક્રિકેટ રમવાને લાયક છે જ. આમિર ખાન અને બીજા ટૅલન્ટેડ કલાકારોવાળી બૉલિવૂડની ફેમસ 'લગાન' ફિલ્મમાં જેમ આપણે જોયું કે બ્રિટિશરોએ ક્રિકેટના મેદાન પર ભારતીયોને બૅટ અને બૉલથી પરેશાન કરવાની સાથે તેમના પર ટકોર અને ટિપ્પણીઓના તીર પણ છોડ્યા હતા એવો માહોલ ૧૯૩૨ની પ્રથમ ટેસ્ટ વખતે પણ હતો. એ કસોટીભરી સ્થિતિમાં ભારતીય ટીમ લૉર્ડ્સની એ ટેસ્ટના પહેલા જ કલાકમાં બ્રિટિશરોને ભારે પડી ગઈ હતી. પ્રથમ કલાકમાં આપણે બ્રિટિશરોની માત્ર ૧૯ રનમાં ત્રણ વિકેટ લઈ લીધી હતી. ફાસ્ટ બોલર મોહમ્મદ નિસારે ટેસ્ટ-ક્રિકેટમાં ભારતને વિકેટ અપાવવાની શુભ શરૂઆત કરી હતી. ઓપનર હર્બર્ટ સટક્લિફ અને પર્સી હોમ્સની ગણના ત્યારે ઇંગ્લૅન્ડના ગ્રેટેસ્ટ બૅટ્સમેન તરીકે થતી હતી. ઇંગ્લૅન્ડે હજી માંડ આઠ રન કર્યા હતા ત્યાં મોહમ્મદ નિસારના ઇનસ્વિંગરમાં બૉલમાં ખુદ સટક્લિફને પોતાની ભૂલ ભારે પડી હતી અને તેઓ ક્લીન બોલ્ડ થઈ ગયા હતા. હજારો બ્રિટિશ પ્રેક્ષકો મોંમાં આંગળા નાખી ગયા હતા. બ્રિટિશ ટીમે હજી માંડ બીજા ત્રણ રન કર્યા હતા ત્યાં તો મોહમ્મદ નિસારે પર્સી હોમ્સનું ઑફ સ્ટમ્પ ઉડાડી દીધું હતું. ભારતીયો ટેસ્ટની પ્રાથમિક પરીક્ષામાં ત્યારે પાસ થઈ ગયા હતા એ કોઈ જ ન નકારી શકે.

છેવટે એ ટેસ્ટ આપણે હારી ગયા હતા, પણ ભારતે બ્રિટિશરોને તેમની જ રમતમાં પોતાની ટૅલન્ટના પારખાં કરાવી દીધાં હતાં.

૧૯૩૩માં મૅરિલબૉન ક્રિકેટ ક્લબ (એમસીસી)એ વધુ મજબૂત ટીમને ભારત મોકલી હતી. જોકે ત્યારે પણ કૅપ્ટન તો ભારતમાં જન્મેલા ડગ્લાસ જાર્ડિન જ હતા. બ્રિટિશ ખેલાડીઓ આવ્યા ત્યારે તેમની સામે ભારતની ટેસ્ટ-કરીઅરની બીજી ટેસ્ટ દક્ષિણ મુંબઈના જિમખાના ગ્રાઉન્ડ પર રમાઈ હતી અને એમાં પણ આપણે પરાજિત થયા હતા, પરંતુ એ પહેલાં સી. કે. નાયુડુના જાંબાઝ ખેલાડીઓની વધુ ઉગ્ર લડત બ્રિટિશરોએ નિહાળી હતી. ફાસ્ટ બોલર મોહમ્મદ નિસારે પાંચ વિકેટ અને લેફ્ટ-આર્મ સ્પિનર રુસ્તમજી જમશેદજીએ ત્રણ લઈને બ્રિટિશરોને બહુ મોટી સરસાઈ નહોતી લેવા દીધી. આપણે એ ટેસ્ટ પણ હારી ગયા હતા, પણ બીજા દાવમાં લાલા અમરનાથે ૧૮૫ મિનિટ સુધી ક્રીઝમાં ટકીને ૧૧૮ રન કર્યા અને ખુદ સુકાની સી. કે. નાયુડુએ ૬૭ રન બનાવ્યા એ સાથે ક્રિકેટ જગતમાં ભારતીયોનો પણ ડંકો વાગવા લાગ્યો હતો.

લૉર્ડ્સમાં ભારતના ઇતિહાસની વાત કરીએ તો આ ઐતિહાસિક સ્થળે ભારત ૧૯માંથી માત્ર ત્રણ ટેસ્ટ જીતી શક્યું છે, પણ જેમાં હાર્યા છીએ જે મૅચ ડ્રૉમાં ગઈ છે એમાં ભારતીય ખેલાડીઓએ બ્રિટિશરોને લડત આપી હતી. લૉર્ડ્સમાં ભારતનો છેલ્લાં ૧૧ વર્ષનો રેકૉર્ડ બહુ સારો છે. ૨૦૧૪થી માંડીને ૨૦૨૧ સુધીમાં ભારત આ મેદાન પર જે ત્રણ ટેસ્ટ રમ્યું એમાંથી બે જીત્યું છે. એ તો ઠીક, પણ લૉર્ડ્સમાં આપણે જ્યારે પણ ટેસ્ટ જીત્યા છીએ ત્યારે આપણે સંબંધિત સિરીઝમાં સરસાઈ જ મેળવી છે. વર્તમાન ટેસ્ટમાં શુભમન ગિલ ઍન્ડ કંપનીની લડત ચાલુ છે. આશા રાખીએ આ વખતે પણ અહીં આપણે જીતીને ૨-૧ની સરસાઈ સાથે ચોથી ટેસ્ટ માટે મૅન્ચેસ્ટર પહોંચીએ. ■

અરાઉન્ડ ધ વર્લ્ડ
પ્રતીક્ષા થાનકી
pratiksha.thanki@bombaysamachar.com

## ગોરા પાર્ક - મોસ ગાર્ડનથી માંડીને ટી-રૂમ્સનો ફુલ જાપાનીઝ અનુભવ...





**જાપાન** દરેક ખૂણે સરપ્રાઇઝ આપવા માટે જાણે તૈયાર જ હતું. માઉન્ટ હાકોને પર જે બધું લોકપ્રિય હતું તે અમે ઓલરેડી જોઈ ચૂક્યાં હતાં. તો પછી હજી અહીં વધુ અડધો દિવસ વિતાવવો કે પછી પાછાં જઈને ટોક્યોમાં જલસા કરવા એ પ્રશ્ન હતો. ટોક્યોમાં તે દિવસે રાત્રે શિન્જૂકુમાં નાઇટલાઇફ માટે રખડવાનો પ્લાન તો હતો જ, પણ તે માટે બે જણાની પાર્ટી કેટલી વહેલી શરૂ કરવી એ હવે માઉન્ટ હાકોને પર આધારિત હતું. અહીં જો હવે અડધા કલાકમાં મજા ન આવે તો અમે ટોક્યો તરફ નીકળી પડીશું તેમ નક્કી થયું, અને તેમાં જ કેબલ કાર અમને ગોરા પાર્ક લઈ આવી. આ જ પહાડનાં અલગ અલગ લેવલ પર જાણે અલગ અલગ એડવેન્ચર અમારી રાહ જોઈ રહ્યાં હતાં. ગોરા પાર્ક આમ જોવા જાઓ તો કોઈ સાધારણ રિસોર્ટ વિસ્તાર હોય તેવું લાગતું હતું. બસ મજાની વાત એ હતી કે તે એક મહાકાય વોલ્કેનિક પહાડની ઉપર ક્યાંક ગોઠવાયેલો હતો. અહીં એક જાપાનીઝ અને વેસ્ટર્ન એસ્થેટિકને ભેળવીને બનાવેલો એક પાર્ક તો હતો જ. સાથે ત્યાં એક મજેદાર હાકોને ગોરા મ્યુઝિયમ ઓફ આર્ટ પણ હતું.

અમે ઓલરેડી હાઇક તો કરી ચૂક્યાં હતાં. પાર્કની લટાર જરા પાછી ઠેલાઈ. પહેલાં અમે મ્યુઝિયમમાં ઘૂસ્યાં. આ મ્યુઝિયમ પણ ગાર્ડન ડિઝાઇન અને સ્થાનિક આર્ટને લગતું હતું. ઓકાડા મોચિકો નામે એક સ્પિરિચ્યુઅલ ગુરુ અને ઇન્ડસ્ટ્રિયાલિસ્ટે આ મ્યુઝિયમ ૧૯૫૦ના દશકમાં બનાવડાવ્યું હતું. જાપાનીઝ સ્ટાઇલનાં ગાર્ડન દુનિયામાં ક્યાંય પણ જોવા મળે, ત્યાં અનોખી શાંતિ મળતી હોય છે. તે સમયે ક્રિયેટિવિટી અને સાદગી છતાંય રંગોથી ભરેલું આ ગાર્ડન મ્યુઝિયમ જાણે દરેક પ્રકારના ટેસ્ટનાં લોકોને ભાવી જાય તેવું લાગતું હતું. આમ જોવા જાઓ તો જાપાનીઝ ગાર્ડનનાં એલિમેન્ટ્સને સમજવા માટે પણ ત્યાં ગયાં તેની મજા પડી ગઈ.

અંદરનું મોસ ગાર્ડન પહેલાં ઊડીને આંખે વળગે તેવું હતું. ખાસ તો ત્યાં ૧૩૦ જેટલી મોસની વેરાઇટી અને મોટી સંખ્યામાં અલગ અલગ રંગનાં મેપલનાં વૃક્ષો જોઈને સમજાતું ન હતું કે ત્યાં કયા ખૂણાનો ફોટો લેવો અને કયું દૃશ્ય જતું કરવું. મોસ ગાર્ડન આજકાલ ઇન્ટિરિયરની દુનિયામાં તો ઘણાં લોકપ્રિય છે, પણ તે આ સ્તરે બનાવી શકાય તેની ભાગ્યે જ કલ્પના કરી હતી. મ્યુઝિયમના એક્સટેન્શન તરીકે આગળ સેકિરાકુ ગાર્ડન છે. ત્યાં હાગી-નો-મિચિ નામે પાથ પર થઈને ત્યાંના બામ્બુ ગાર્ડન પર જવાય છે. આ મ્યુઝિયમ જાણે રિજનનો પોતાનો અનોખો હિસ્સો હોય તેવું લાગતું હતું. હજી અમારું ધ્યાન ટી-રૂમ પર પણ હતું. ખાસ તો મ્યુઝિયમના સિરામિક આર્ટના હિસ્સામાં મોમોયામા સ્ટાઇલના ટી સેટ અને અનોખાં જાપાનીઝ વાસણોનું વૈવિધ્ય જોઈને લાગ્યું કે આ પહાડ પર પણ સંસ્કૃતિનો આ હિસ્સો જોવા મળી જશે એ તો વિચાર પણ નહોતો આવ્યો.

મ્યુઝિયમના મોસવાળા હિસ્સાની બાજુમાં જ વ્યુ સાથે શિનવાતાઈ ટી-રૂમ છે. સિરામિક સેક્શનમાં જોયેલા ટી સેટની હજી વાત જ કરતાં હતાં ત્યાં તો જાપાનનો પહેલો ટી-રૂમ અનુભવવાનો સમય આવી ગયો હતો. અમે ટી-રૂમનું બુકિંગ છેક ક્યોટોમાં પ્રવાસના છેલ્લા ચરણમાં કરાવેલું. હવે ગોરા પાર્કમાં તો જે પણ થતું હતું તે નવું અને પ્લાન વિનાનું હતું. તેમાં એ તો પાક્કું જ હતું કે અમે કંઈ સાંજ પડે તે પહેલાં ટોક્યો પહોંચવાનાં ન હતાં. એક સમયે તો ફરી પાછું અહીં જ રાત રોકાઈ જવાનું પણ ચર્ચાયું, અને તે પહેલાં અમે ટી-રૂમમાં પહોંચી ગયાં. આમ તો ત્યાં બુકિંગ વિના નથી જવા મળતું, પણ તે દિવસે ખરાબ વેધરના કારણે થયેલું કેન્સલેશન અમને ફાયદો કરાવી ગયું. અમે ઠંડીમાં પહેલાં ફૂટ-સ્પા કરીને અને પછી હૂંફાળી જાપાનીઝ ચા પીને સાવ રિલેક્સ થઈ ગયાં હતાં. ટી-રૂમ આમ તો મજાનો હતો, પણ જરા ટૂરિસ્ટી અને પ્રોફેશનલ હતો. ખરેખર ટી-રૂમનો ઐતિહાસિક અનુભવ તો અમને ક્યોટોમાં જ થયો હતો.

ગોરા પાર્ક નજીક જ ટોક્યો અને ક્યોટોને જવા જોડતો એક હિસ્ટોરિકલ રૂટ પણ છે. આજે આ ટોકાઇડો રોડનો જે હિસ્સો બાકી છે ત્યાં ચાલીને ઇતિહાસનો ભાગ બન્યા હોવાનું પણ અનુભવાતું હતું. કોને ખબર હતી આ રસ્તે લોકો એક સમયે ચાલીને અને ઘોડા પર પણ જતાં હતાં. દુનિયા છેલ્લાં સો વર્ષમાં જેટલો વિકાસ પામી છે, તેનો કદાચ સૌથી વધુ ફાયદો પ્રવાસીઓ ઉઠાવી રહ્યાં છે. આખરે આ બધું જોઈને અંતે અમે ગોરા પાર્કમાં લટાર મારવા નીકળ્યાં તો ખાસ કંઈ નવું ન લાગ્યું. ખરું જોવા જાઓ તો ત્યાં જે પણ જોવાલાયક છે તે બધું ગોરા પાર્કનો જ હિસ્સો છે એવું માની શકાય. ગોરા પાર્ક નજીક જ એક રિસોર્ટમાં સ્પા ટ્રીટમેન્ટ માટે પણ લોકો રોકાઈ જતાં હતાં. એક રીતે જોવા જાઓ તો આ રિજનમાં દરેક પ્રકારના જાપાનીઝ અનુભવો મળી રહે છે. બસ મોટા શહેરોની લાઈટો અને હાઇરાઇઝ અહીં નથી. અને હવે જાણે તેના માટે જ અમે ટોક્યો તરફ પાછાં વળી રહ્યાં હતાં.

વળતાં ઓડાવરા જતી બસમાં પહેલાં તો અમે સ્ટોપના નંબર તેના ડિસ્પ્લે પર મેળવવાનો પ્રયત્ન કરતાં હતાં. બે-ત્રણ સ્ટોપમાં ખબર પડી ગઈ કે આ રેન્ડમ નંબરોને આવનારાં બસ સ્ટોપ સાથે કોઈ લેવા દેવા ન હતી, તો પણ નંબર તો બદલાયે જ જતા હતા. આ સુડોકું જેવું ડિસ્પ્લે શું બતાવતું હતું તેનું રહસ્ય હજી અમે ઉકેલી શક્યાં ન હતાં. તે પછી હજી નારાથી માંડીને ક્યોટોમાં ઘણી બસ લેવાનું બન્યું હતું. ક્યાંક તો સમજાઈ જ જશે. જાપાનીઝ અનુભવો વચ્ચે એ પણ યાદ આવ્યું કે ખ્યાતનામ નંબરની ગેમ સુડોકુનું નામ ભલે જાપાનીઝ હોય અને તે સૌથી લોકપ્રિય પણ અહીં જ હોય, તે મૂળ બની હતી અમેરિકામાં. જાપાન બીજે ક્યાંક બનેલી મજા કરવાની ચીજોને પણ આગવી રીતે પોતાની બનાવી લે છે એ વાત કરતાં કરતાં અમારું સ્ટોપ ક્યારે આવી ગયું ખબર પણ ન પડી. ■







## ભાત ભાત કે લોગ

જ્વલંત નાયક
feedback@bombaysamachar.com

# પોન્ડ્સ મેન ઓફ ઈન્ડિયા: ખિસકોલી કર્મના હિમાલય જેવડાં પરિણામ...

લાઈટ મૂડમાં એવું કહી શકાય કે ભારતીય મધ્યમવર્ગના ઘરમાં દીકરાઓ નથી જન્મતા, એન્જિનિયર્સ જન્મે છે. આ ઈજનેરો વળી ઈજનેરી વિદ્યાશાખામાં મોંઘા ભાવની સીટ રોકીને અભ્યાસ કર્યા બાદ બીજી કોઈ પણ ભળતીસળતી કેરિયરમાં ઘૂસી જશે! ભારતમાં એન્જિનિયરિંગ એક એવી વિદ્યાશાખા છે, જ્યાં ભણેલો યુવાન બેન્કિંગથી માંડીને પ્રોગ્રામિંગ અને કારાઓકે સિંગિંગથી માંડીને હોટેલ મેનેજમેન્ટ સુધીના દરેક ક્ષેત્રે ડાફોરિયા મારતો દેખાશે. આની પાછળ અંગત ચોઈસથી માંડીને વિકલ્પોના અભાવ અને આર્થિક લાચારી સુધીનાં અનેક પરિબળો જવાબદાર છે.

આવા માહોલમાં કોઈ એન્જીનિયર મલ્ટિનેશનલ કંપનીની સારા પગારની નોકરી છોડીને સમાજસેવામાં કૂદી પદે તો?

આ સમાજસેવા ય કેવી? ગામેગામ રખડીને ગંદા તળાવોમાં ઊતરવાનું અને એની સફાઈ કરવાની! આવા માણસને તો લોકો ગાંડો જ ગણે ને લટકામાં કોઈ સાથ પણ આપે નહીં. અધૂરામાં પૂરું, ઘરની બચત ગંદા તળાવોની સફાઈમાં ડૂબી જાય!

સદનસીબે 'પોન્ડ્સ મેન ઓફ ઇન્ડિયા' તરીકે ખ્યાતિ પામેલા રામવીર તંવરના કિસ્સામાં આવું કશું નથી થયું. ઉલટાનું સમાજ આજે એને એક 'હીરો' તરીકે જુએ છે.

વાત થોડી વિસ્તારથી જાણીએ. નોઇડા નજીકના ડાઢા ગામમાં રામવીરનો જન્મ. ખેડૂત પરિવારનાં સંતાનોમાં રામવીર પાંચમો અને છેલ્લો. ૨૦૧૪માં મિકેનીકલ એન્જિનિયરિંગનું ભણતર પૂરું કરતા જ સારી મલ્ટિનેશનલ કંપનીમાં જોબ મળી ગઈ, પણ બે જ વર્ષની નોકરી દરમિયાન રામવીરના જીવનનું લક્ષ્ય સમૂળગું પલટાઈ ગયું. કારણ હતું બાળપણની યાદોનો ખટકો!

બાળપણમાં રામવીરે ગામના મિત્રોની સાથે તળાવમાં ધુબાકા મારવાની ભરપૂર મજા લૂંટેલી.ગામ પાસે એક-બે તળાવ હતાં, જે રામવીર અને એના મિત્રોની અત્યંત પ્રિય જગ્યા. બાળમંડળીએ પ્રદૂષણ કે તબિયતની લેશમાત્ર ચિંતા કર્યા વિના અનેક વાર આ તળાવોનું પાણી સીધેસીધું ગળે ઉતારેલું, પણ એ પેઢી યુવાવયે પહોંચી ત્યાં સુધીમાં પેલાં તળાવ મરવા પડ્યા. કારણો એ જ જૂના ને જાણીતા. જાગૃતિનો અભાવ, પારાવાર ગંદકી અને વિવિધ કારણોસર વધી રહેલું જળપ્રદૂષણ.



રામવીર તંવર

એક-દોઢ દાયકા પહેલા જે પાણી બિન્દાસ્ત પી શકાતું, એમાં પગ બોળવા ય કોઈ રાજી ન થાય એવી પરિસ્થિતિ ઊભી થઇ હતી.

રામવીરનું મન આ બધું જોઈને અંદરોઅંદર બળે, પણ કરવું શું? આખરે એક દિવસ ઉદ્વેગભર્યા મને નિર્ણય લેવાઈ ગયો. આમ જીવ બાળવાથી કશું નહિ વળી. કોઈકે તો શરૂઆત કરવી જ પડશે તો ચાલો, આપણે જ કરીએ.

નોકરીમાં રાજીનામું આપીને રામવીરે તળાવ શુધ્ધીકરણનો પ્રોજેક્ટ હાથ ધરવાનું જાહેર કર્યું. પરિવાર, ગ્રામજનો, સમાજ તરફથી અપેક્ષિત પ્રતિભાવ આવ્યો : 'અલ્યા, ભેજું ચસકી ગયું છે કે શું? આ કંઈ આપણું કામ છે?' જેવા અનેક પ્રશ્નો, તર્કો અને દાખલા-દલીલોને અવગણીને રામવીર પૂરી વીરતા સાથે પોતાના નિશ્ચયને વળગી રહ્યો. સફાઈની જવાબદારી સરકારની-ગ્રામપંચાયતની હોય શકે, પણ સાથે જ સ્વચ્છતા જાળવવાની જવાબદારી ખુદ લોકોની ય ખરી કે નહિં? લોકો એક તરફ તળાવનું મહત્ત્વ સમજ્યા વિના બેજવાબદારપણે ગંદકી ફેલાવતા રહે અને બીજી તરફ સરકારી તંત્રને માથે દોષનો ટોપલો ઢોળતા રહે, તો થઇ રહ્યું કલ્યાણ! રામવીરને પ્રથમ ચરણમાં જ સમજાઈ ગયું કે શરૂઆત લોકોનું માઈન્ડસેટ- વિચારધારા બદલવાથી જ કરવી પડશે.

રામવીરનો અંતરાત્મા કંઈ અચાનક નહોતો જાગ્યો. માઈન્ડસેટ બદલવાની શરૂઆત એણે પોતાની જાતથી જ કરી નાખેલી, એ ય ઠેઠ વિદ્યાર્થી કાળમાં. કોલેજમાં ભણતર દરમિયાન જ એણે કેટલાક મિત્રોની મદદથી ગામના એક તળાવમાંથી કૂડો-કચરો કાઢીને એને ચોખ્ખુંચણાક બનાવી દીધેલું. જો કે લોકોને એમ કે ઠીક મારા ભાઈ. એકાદ તળાવ સાફ કર્યું એ સારું કર્યું, બાકી આ બધાની જરૂર નથી. રામવીર કહે છે કે મોટા ભાગના લોકો તો એ વાત જ સ્વીકારવા તૈયાર નહોતા કે ભવિષ્યમાં ક્યારેક પીવાના પાણીની ય તંગી પડશે! દેશની દરેક સમસ્યા પ્રત્યે આપણા બધાનું વલણ વધતે ઓછે અંશે આવું જ હોય છે ને!

નોકરી છોડ્યા બાદ તળાવ શુધ્ધીકરણના કામમાં ઝંપલાવ્યું એ પછી ૨૦૧૮ સુધીમાં રામવીરને સમજાઈ ગયું કે હવે એકલેહાથે સમજાવટ કરતા રહેવાથી કશો શક્કરવાર નહિં વળે. એટલે એણે પોતાના જેવા યુવાનોને ભેગા કરવા માંડ્યા. આ લોકો ભરઉનાળાથી માંડીને ધોધમાર વરસતા વરસાદ જેવી જોખમી પરિસ્થિતિમાં ય આસપાસનાં ગામોનાં તળાવ સાફ કરવા મંડી પડ્યા. પહેલા લોકોએ અવગણના કરી, કદાચ ઉપહાસ પણ થયો હશે, પણ થોડા જ સમયમાં પરિણામ દેખાવાં માંડ્યાં. ગંદા-ગંધાતા, ગોબરા ખાબોચિયાઓને બદલે રમણીય તળાવ કોને ન ગમે? ફિર તો લોગ જુડતે ગયે, કારવાં બનતા ગયા....

૨૦૨૦થી 'સે અર્થ' (Say Earth) નામક એનજીઓ દ્વારા રામવીરે આસપાસનાં બીજાં અનેક ગામોના લોકોમાં જાગૃતિ આણવાનું કામ શરૂ કર્યું છે. આ માટે ગામેગામ જઈને 'જલ ચૌપાલ' નામે બેઠક યોજવામાં આવે છે. ગામના યુવકો હોંશે હોંશે આવી જળ-બેઠકોમાં ભાગ લઈને રામવીર પાસેથી માર્ગદર્શન મેળવે છે.

સોશિયલ મીડિયા દ્વારા અનેક લોકો આજે પોતાના ગામની વોટરબોડીઝ-સરોવર કે તળાવના ફોટોઝ પોસ્ટ કરી રહ્યા છે, જેથી રામવીર અને એની ટીમને ક્યાં પહોંચીને કામ કરવું, એનું પ્લાનિંગ કરતા ફાવે.

રામવીરના કહેવા મુજબ દરેક તળાવમાંથી સેંકડોથી માંડીને હજારો કિલોગ્રામ સુધીનો કચરો નીકળે છે. એમાં વળી પ્લાસ્ટિકનું પ્રમાણ સૌથી મોટું! પ્લાસ્ટિકને રિસાઈક્લિંગ પ્રોસેસ માટે મોકલી આપવાનું કામ પણ આ ટીમ જ કરે. સાથે જ દરેક તળાવ નજીક ખાડો ખોદીને એવી વ્યવસ્થા તૈયાર કરાય છે, જેમાં કચરો એકઠો કરી શકાય, જેથી તળાવની સ્વચ્છતા જળવાઈ રહે. જે લોકો પહેલા રામવીરને હસી કાઢતા હતા, એ હવે એને ભારોભાર પ્રેમ અને ઈજ્જત આપતા થયા છે.

ઓકે ફાઈન. આ બધું મર્યાદિત ક્ષેત્રમાં થઇ શકે, પણ જળપ્રદૂષણ તો ઘણું વ્યાપક છે. એમાં એકલવીર એવા રામવીર કે એનું એનજીઓ કરી કરીને કેટલું કામ કરી શકશે?

જવાબ રસપ્રદ અને આંખ ઉઘાડનારો છે.

રામવીરની સાથે ધીમે ધીમે કરતા પાંચસો જેટલા સ્વયંસેવી યુવાનો જોડાઈ ગયા છે. ૨૦૨૧ સુધીમાં રામવીરે ઉત્તર પ્રદેશ સહિત હરિયાણા અને દિલ્હીના વિસ્તારોમાં આવેલ ૪૦ તળાવોને પુનર્જીવિત કર્યા. ૨૦૨૩ સુધીમાં તો કાર્યક્ષેત્ર ઉત્તરાખંડ, મધ્ય પ્રદેશ અને ગુજરાત સુધી વિસ્તર્યું અને આશરે ૮૦ તળાવોની સફાઈ તેમજ નવીનીકરણ થઇ શક્યું!


ક્યારેક ખિસકોલીકર્મ જેવડું લાગતું આ કામ આજે ઊંચા પર્વત જેવડું લાગે છે. આટલા ટૂંકા ગાળામાં રામવીરે અનેક રાષ્ટ્રીય-આંતરરાષ્ટ્રીય સન્માન પ્રાપ્ત કર્યા છે. પ્રધાનમંત્રી મોદીજીએ પણ પોતાના 'મન કી બાત' કાર્યક્રમમાં રામવીર તંવરનો ઉલ્લેખ કરેલો. એક માણસ જો ધારે તો ટૂંકા ગાળામાં આશ્ચર્ય સર્જી શકે છે. કોર્પોરેટ ઓફિસની એસી કેબિનમાં બેઠા બેઠા કે સોફા પર બેસીને ટીવી જોતા જોતા જગત આખાની ટીકાઓ કર્યા કરતા લોકોની સરખામણીએ જાતે મેદાને ઊતરનારી વ્યક્તિ જ મોટો બદલાવ લાવવામાં નિમિત્ત બનતો હોય છે એ હકીકત છે. ■

## વિશેષ

લોકમિત્ર ગૌતમ
feedback@bombaysamachar.com

# ક્રિપ્ટો કરન્સીમાં પાકિસ્તાનને કેમ રસ છે?

### ... કારણ કે આ ટેરર ફંડિંગ છે!





ક્રિપ્ટો કરન્સી એટલે એક એવી ડિજિટલ મુદ્રા કે જેણે લેતી દેતીના ક્ષેત્રમાં આર્થિક પ્રગતિ લાવી છે, પરંતુ આની પ્રવૃત્તિ અનામી છે અને આની પર સરકારનું નિયંત્રણ કોઈ કારણે ન થઈ શકે. ક્રિપ્ટો કરન્સી અત્યાર સુધી દુનિયાના ૨૨૪ દેશમાં માત્ર એક અલ સલ્વાડોર જેની અર્થવ્યવસ્થા માત્ર સો અરબ ડૉલરની છે અને બીજા સેંટ્રલ આફ્રિકન રિપબ્લિકને કાયદેસર ચલણના રૂપમાં સ્વીકાર કરી છે. જ્યારે સોથી વધુ દેશ કોઈ ને કોઈ રૂપમાં આ મુદ્રા સાથે કારોબાર કરે છે, પરંતુ દુનિયાના કોઈ પણ વિકસિત અથવા વિકાસશીલ અથવા કોઈ મોટી અર્થવ્યવસ્થા વાળા દેશે આજ સુધી આ શંકાસ્પદ ચલણને પોતાના કાયદેસર ચલણ તરીકે સ્વીકાર્યું નથી.

આવા શંકાસ્પદ અને આતંકીવાદી પ્રવૃત્તિઓ માટે અનુકૂળ ક્રિપ્ટો કરન્સી માટે ઘણા દિવસોથી પાકિસ્તાન કાંઈ વધારે જ ઈન્ટરેસ્ટ દેખાડે છે અને તે પણ અમેરિકાના પગલે ચાલીને. શું આ તેમના કોઈ ટેરર ફંડિંગનો કોઈ નવો ફંડો તો નથી ને? જે પાકિસ્તાનમાં ૨૫ થી ૩૦ ટકાના દર પર મોંઘવારી ચાલી રહી હોય, જે પાકિસ્તાની મુદ્રાનો ભાવ અમેરિકી ડૉલર સામે સાવ રદ્દી જેવો ભાવ થઈ ગયો હોય, તે પાકિસ્તાન આખરે અમેરિકાની કોપી કરી ક્રિપ્ટો કાઉંસિલ જ નથી બનાવ્યું પરંતુ બ્રિટિશ મૂળના પાકિસ્તાની નાગરિક બિલાલ બિન સાકિબને આનો સીઈઓ પણ બનાવી દીધો. છે. હાલમાં થોડા દિવસો પહેલા અમેરિકામાં પાકિસ્તાન દ્વારા બનાવાયેલા સ્ટ્રેટેજીક બિટ ક્વાઈન રિઝર્વનું પણ એલાન કરવામાં આવ્યું છે. પાકિસ્તાનના આ ફેંસલા બાદ આતંકવાદ ફંડિંગ વિશે જાણકાર ચિંતામાં છે કે આ સ્થિતિ બરાબર નથી, શું આ પાકિસ્તાન દ્વારા આતંકવાદને ફંડ પૂરો પાડવાની કોઈ નવી યુક્તિ તો નથી?

પાકિસ્તાન ક્રિપ્ટો કાઉંસિલ (પીસીસી) ના સીઈઓ બિલાલ બિન સાકિબને ૨૭ થી ૨૯ મે સુધી લોસવેગાસમાં આયોજિત બિટ ક્વાઈન રિઝર્વ બનાવવાની ઘોષણા કરી છે. સાથે જ પાકિસ્તાનમાં આ માર્ચથી જ આનન ફાનનમાં ક્રિપ્ટો અને બ્લોકચેનને નિયંત્રિત કરવા માટે પીસીસીની રચના કરવામાં આવી છે. આ તેજી ઘણાય મામલાઓમાં શંકાસ્પદ ગણાય છે, કારણકે પહલગામ આતંકી હુમલાના પાંચ દિવસ પછી ૨૭ એપ્રિલે પીસીસીને અમેરિકાના રાષ્ટ્રપતિ ટ્રંપના પરિવારની ક્રિપ્ટો કરન્સી કંપની ડબ્લ્યુએલએફ (વર્લ્ડ લિબર્ટી ફાઈનાન્શિયલ ) ની સાથે એક સંધી કરી છે. અમેરિકાની આ કંપની ટ્રંપના ત્રણેય દીકરાઓની છે એટલે કે, આ કંપનીમાં ટ્રંપ પરિવારની હિસ્સેદારી ૬૦ ટકાની છે.

ધ્યાન આપવા જેવી બાબત એ છે કે, પાકિસ્તાન સાથે ડબ્લ્યુએલએફની આ સંધી માટે તેના સહસંસ્થાપક જૈક બિટ કાફ, ચેસ હેરા અને જૈક હોપમેન પાકિસ્તાન આવ્યા હતા જ્યાં તેમનો સત્કાર કોઈ શાસનના અધ્યક્ષ તરીકે થયો હતો. જેમકે ચેસ અને હેરાનો ભૂતકાળ ખૂબ જ કલંકિત છે અને જૈક બિટ કાફ ટ્રંપના સૌથી ભરોસાપાત્ર સલાહકાર સ્ટીવ બિટ કાફના પુત્ર છે. આ સ્ટીવ બિટ કાફ એ જ છે, જે પશ્ચિમ એશિયામાં ટ્રંપના વિશેષ દૂત છે અને હાલમાં જ જેણે ટ્રંપની પશ્ચિમ એશિયા યાત્રાની બ્લૂ પ્રિન્ટ તૈયાર કરેલી. આ માત્ર એક સંયોગ ન હોઈ શકે કે ટ્રંપ રાષ્ટ્રપતિ બન્યો પછી આ વર્ષે માર્ચમાં અમેરિકાએ બિટ ક્વાઈન રિઝર્વ બનાવવાની ઘોષાણા કરી, જો પાકિસ્તાનમાં બનવાવાળી ક્રિપ્ટો કરન્સી રિઝર્વનું ખરેખર કોઈ કનેક્શન ટ્રંપના દીકરાઓવાળી આ કંપની સાથે હોય તો તેમાં કોઈ જ અતિશ્યોક્તિ નથી કે, પાકિસ્તાન અચાનક ટ્રંપની નજરોમાં આટલો મહાન દેશ કઈ રીતે થઈ ગયો?

પાકિસ્તાનની અર્થવ્યવસ્થાની જે હાલત છે તે કોઈનાથી છૂપી નથી. ફક્ત ૩૦ અરબ ડૉલરની નિકાસવાળા પાકિસ્તાન, ભારત જેવા દેશ સામે ટકરાવવાની હિંમત કરે છે, જ્યારે ભારતની નિકાસ ૯૩૦ અરબ ડૉલરથી વધું છે. પાકિસ્તાનનું સ્થૂળ ઘરેલું ઉત્પાદન ૩૪૦ અરબ ડૉલર છે. જ્યારે ભારતની ૪ ટ્રિલિયન ડૉલરની અર્થવ્યવસ્થા છે. પાકિસ્તાન પાસે મુશ્કેલીથી ૩૦ અરબ ડૉલર વિદેશી મુદ્રા છે જેમાંથી ૧૦ અરબ ડૉલર હાલમાં જ આઈએમએફથી બેલ પેકેજના રૂપમાં મળેલી ઘનરાશી છે. જ્યારે ભારતનું ફોરેન રિઝર્વ આ સમયે ૬૭૦ અરબ ડૉલરની ઉપર છે અને થોડા મહિના પહેલા સુધી આ ૭૨૧ અરબ ડૉલરની ઉપર હતું.પાકિસ્તાનની આ દયાજનક સ્થિતિ કોઈનાથી છૂપી નથી. તેનો ૧૨૫ અરબ ડૉલરથી પણ વધારે વિદેશી કર્જો અને તેની પર આપેલું વ્યાજ પાકિસ્તાનની કુલ જીડીપીથી લગભગ અડધું છે. પાકિસ્તાનમાં આમ જનતાની સામે ૨૫ થી ૩૦ ટકા મોંઘવારીનો દર સહન કરવાની પરિસ્થિતિ છે, તો ૧૫ થી ૨૦ ટકા યુવા બેરોજગારીથી આ દેશ ઝઝૂમી રહયો છે.

પાકિસ્તાન પોતાની કુલ આયાતમાંથી મુશ્કેલીથી એક કે બે મહિનાના પોતાના બિલ ફોરેન રિઝર્વથી ચૂકવી શકે છે. આટલી ખરાબ સ્થિતિ હોવા છતાં પણ જો પાકિસ્તાન બિટ ક્વાઈનને લઈને જો ઉત્સાહિત હોય તો એ ખરેખર ચિંતાનો વિષય છે. પાકિસ્તાન પર પહેલા જ આરોપો લાગેલા છે કે તે જૈશ- એ- મોહમ્મદ, લશ્કર-એ- તૈયબા અને હક્કાની નેટવર્ક જેવા સંગઠનોને ન માત્ર સમર્થન આપે છે પરંતુ તેને આર્થિક મદદ પણ કરે છે. પરંતુ દુનિયાના બેંકિંગ સિસ્ટમ દ્વારા પાકિસ્તાનના આ ફંડિંગ પર નજર રાખવાને કારણે એમાં મુશ્કેલીઓ આવે છે. તો આનો અર્થ એ થાય કે, પાકિસ્તાન હવે આતંકવાદીઓની મદદ ક્રિપ્ટો કરન્સી દ્વારા કરશે?

જ્યારથી પાકિસ્તાન એફએટીએફ એટલે કે, ફાઈનાન્શિયલ એક્શન ટાસ્ક ફોર્સની ગ્રે લિસ્ટમાં આવ્યું હતું, ત્યારથી વારંવાર ચેતવણી આપ્યા પછી પણ તે આતંકી ફંડિંગને નહોતું રોકી શક્યું, તેથી જ બેંકિંગ ચેનલો પર નિરીક્ષણ વધારી દીધું છે. ભારત સરકારને પાકિસ્તાનની આ ક્રિપ્ટો તરફ વધતા પગલાને પૂરી દુનિયાની સામે ટેરર ફંડની શંકાસ્પદ રૂપમાં રાખવું જોઈએ જેમાં ટ્રંપના દીકરાઓની માલિકીવાળી કંપનીના નીજી સંબંધનો પણ ખુલાસો કરવો જોઈએ નહીં તો આવનારા દિવસોમાં પાકિસ્તાનની આ ટેરર ફંડિંગની નવી કોશિશ આપણા માટે મોટું જોખમ ઊભું કરી શકે છે.■

## સ્થાપત્યનું વાઈ-ફાઈ

હેમંત વાળા
feedback@bombaysamachar.com

# સમુદ્રમાંથી નીકળેલા છીપ જેવી રેસ્ટોરાં!

આશરે ૬૦ મુલાકાતીઓનો સમાવેશ કરી શકે તેવી, વર્ષ ૨૦૨૨માં તૈયાર થયેલાં આ રેસ્ટોરાંની પ્રેરણા કોઈ વિશાળ છીપમાંથી મળી હશે. ઈન્ડોનેશિયાના નુસા પેનિડામાં બનાવાયેલ આ રેસ્ટોરાં જાણે સમુદ્ર કિનારે જાતે ઊગી આવેલ મકાન સમાન છે. આ રેસ્ટોરાંના સ્થપતિ પાબ્લો લુના દ્વારા જણાવાયા પ્રમાણે આ રેસ્ટોરાં દરિયાઈ છીપ ઉપરાંત દરિયાની લહેરોને પણ પ્રતિબિંબિત કરે છે.

આશરે ૨૬૫ ચોરસ મીટર જેટલાં બાંધકામ માટે જે પ્રકારના ઓર્ગેનિક - સેન્દ્રિય આકારની પસંદગી થઈ છે તે એમ દર્શાવે છે કે અહીં કુદરત સાથે સંવાદ સ્થાપવા માટે માનવ-નિર્મિત રચનાને કુદરતી હોય તે પ્રમાણે બનાવવાનો પ્રયત્ન થયો છે. એકવાર એમ જણાય કે આ રચના જાણે સમુદ્રને આલિંગન આપવા તૈયાર છે અથવા જાણે સમુદ્રમાંથી બહાર આવીને સ્વયં ગોઠવાઈ ગઈ છે અથવા જાણે સમુદ્રના પ્રસાર સમાન છે અથવા જાણે સમુદ્રની સીમાના બહારના વિસ્તારમાં અસ્તિત્વમાં આવેલી કોઈ સામુદ્રિક ઘટના છે.

આ સમગ્ર રચનાનો મુખ્ય આધાર વાંસમાંથી બનાવેલ ટ્રસ છે. તે ઉપરાંત જરૂરિયાત પ્રમાણે અહીં લોખંડની પાઇપનો પણ ઉપયોગ કરાયો છે. પરંતુ સમગ્રતામાં વાંસ પર વધુ દ્રષ્ટિ પડતી રહેતી હોવાથી સમગ્ર રચનામાં વાંસનું જ પ્રભુત્વ હોય છે તેમ લાગે છે. વાંસની પોતાની મર્યાદા છે. આ મર્યાદાના નિવારણ માટે ક્યાંક વાંસ તો ક્યાંક વાંસના સમૂહનો ઉપયોગ કરાયો છે. જ્યાં વાંસનો એકલવાયો ઉપયોગ છે ત્યાં એક પ્રકારની નરમાશ ઊભી થાય છે અને જ્યાં વાંસ સમૂહમાં પ્રયોજાયાં છે ત્યાં ચોક્કસ પ્રકારની દ્રઢતાની ખાતરી થાય છે. આ રીતે વાંસ બે ભિન્ન પ્રકારની અનુભૂતિ અહીં કરાવે છે. વાંસ આ રચનાનો આધાર પણ છે, મુખ્ય નિર્ધારક પણ છે, કલાત્મકતા વ્યક્ત કરવા માટેનું સાધન પણ છે અને કુદરત સાથે સંવાદ સ્થાપવાનું માધ્યમ પણ છે. વાંસ અહીં આવરણ પણ છે અને આવરણની બાદબાકી પણ છે. અહીં સ્થાપત્યમાં વાંસને જાણે એક ઊંચાઈ અપાઈ છે. આ રચના વાંસને એક ડિગ્નિટી - ગૌરવ અપાવે છે. સ્થાપત્યમાં વાંસ એ માત્ર ઝૂંપડી બનાવવાની સામગ્રી નથી, તેનાથી પણ ભવ્યતાની રજૂઆત થઈ શકે - આ દલીલ અહીં સાચી ઠરે છે.

હાથથી વણાયેલા વાંસના વણાટમાંથી બનાવવામાં આવેલી છત, જોડીવાળા વાંસના થાંભલાઓથી બનેલા વૃક્ષ જેવા પૂરક સ્તંભ, પ્રવેશદ્વારથી આગળ વધતા વિસ્તારમાં અને ઊંચાઈમાં રેસ્ટોરાંના વધતાં પ્રમાણમાપ, રાચરચીલાની ગોઠવણ માટે મળતી મોકળાશ, સમુદ્રને સન્મુખ રેસ્ટોરાંની મુખ્ય બેઠક વ્યવસ્થા, છીપ જેવા બાંધકામને કારણે આપમેળે મળતી ચોક્કસ પ્રકારની મજબૂતાઈ, બાંધકામની સ્થાનિક સામગ્રી અને તકનીકનો કલાત્મક તેમજ રચનાત્મક ઉપયોગ, સમુદ્રની તાજી કુદરતી હવાની







નિર્બંધ આવ-જા, વરસાદના પાણીના ઉપયોગ માટે અસરકારક વ્યવસ્થા, પર્યાવરણની કેટલીક મહત્ત્વની બાબતો માટે પ્રતીત થતી સંવેદનશીલતા, વાંસના માળખાકીય બંધારણમાં રહેલાં પડકારોનું અસરકારક નિરાકરણ, આકારોની પસંદગીમાં રહેલી અર્થપૂર્ણ વિવિધતા, છીપના આકારને તેની જ અંતર્ગત ભૂમિતિ થકી મળતો આધાર અને આ બધાં સાથે વિવિધ અંગોના એકત્રીકરણના સિદ્ધાંત પર નિર્ધારિત થયેલી રચના - આ વાતો આ રેસ્ટોરાંની કેટલીક ખાસિયત છે.

ભાવાત્મક દૃષ્ટિએ જોતાં કહી શકાય કે સમગ્ર રચનામાં પ્રતીત થતો 'આવકાર'નો ભાવ, આજુબાજુના કુદરતી તેમજ માનવ નિર્મિત લેન્ડસ્કેપ સાથે સ્થપાતી સંવાદિતતા, કુદરતી પરિસ્થિતિ પર સ્થપાતો ન્યૂનતમ અધિકારનો ભાવ, સતત અનુભવાતી એક પ્રકારની મોકળાશ, ઊંચાઈને કારણે સમુદ્રની સાથે સાથે આકાશ સાથે પણ સ્થપાતો દ્રશ્ય સંપર્ક, કોઈપણ પ્રકારના નિયમોથી 'મુક્તિ'નો થતો અહેસાસ, કુદરતી ભવ્યતાની થતી અનુભૂતિ, બાંધકામના અભાવનો અહેસાસ કરાવી શકે તે પ્રમાણેનું બાંધકામ, સમુદ્રના પ્રમાણમાપને અનુસાર સર્જાતું પ્રમાણમાપ, છતની રચનાના પ્રકારને કારણે મળતી એક પ્રકારની દ્રઢ રક્ષિતની ભાવના, વળાંકોમાં રહેલી સમુદ્રના લહેર જેવી લયબદ્ધતા અને સમગ્રતામાં કુદરતી વાતાવરણ સાથે સ્થપાતો સુમેળ - આ બાબતો પણ આ રેસ્ટોરાંની ઉપલબ્ધી છે એમ કહી શકાય. આ બધાં માટે સૌંદર્યનાં કેટલાંક મૂળભૂત સિદ્ધાંતોનો ખૂબીગત ઉપયોગ કરાયો છે.

વાંસની માળખાકીય રચનાની મજબૂતી માટે પ્રશ્નો રહ્યાં હશે. સમુદ્રકિનારે કરાતી આ પ્રકારની રચના સામાન્ય રીતે વાતાનુકુલ બનાવાય, જે અહીં શક્ય ન હતું. આવી જગ્યાએ હવાના ભેજનો પ્રશ્ન પણ હોય, જેનો અહીં ઉકેલ નથી. વળી આ પ્રકારની રચનામાં છતને ઢાંકી દેવાનો પ્રયત્ન થાય છે, તેની અપેક્ષાએ અહીં સંપૂર્ણ માળખાકીય રચનાને નજરે ચડે કેવી રીતના બનાવાઈ છે. સફાઈના પ્રશ્નો પણ રહેતાં હશે. આ પ્રકારના બાંધકામની માવજત અને રખરખાવ પણ વધુ ધ્યાન માંગી લે. પ્રશ્નો તો રહેવાનાં જ, દરેક પ્રકારની રચનામાં. સમગ્રતામાં શું ઇચ્છનીય છે, કઈ બાબતને પ્રાધાન્ય આપવું છે અને કઈ બાબત સાથે બાંધછોડ માન્ય રહેશે, તે નક્કી કરવું પડે.

આ રચનાથી અને તેની સ્વીકૃતિથી એમ તો સાબિત થઈ જ શકે કે સ્થાપત્યમાં દર વખતે એક જ પ્રકારનાં આધુનિક ધારાધોરણનું અનુસરણ જરૂરી નથી. દર વખતે આધુનિકતાની માગ સ્વીકારવી પણ જરૂરી નથી. જે તે પરિસ્થિતિની પણ ચોક્કસ માગ હોય. આ માગ ક્યારેક બાંધકામની સામગ્રીલક્ષી પણ હોઈ શકે. બાંધકામની પ્રત્યેક સામગ્રીની પણ એક માગ હોય. દરેક સામગ્રી એ રીતના ઈચ્છે કે તેનો ઉપયોગ અમુક પ્રકારે થાય તો તેને મજા આવે. સમગ્રતામાં એમ કહી શકાય કે જ્યારે સ્થાપત્યનો નમૂનો કુદરતી રીતે ઊગી નીકળ્યો હોય તેમ જણાય તો તે જુદા જ પ્રકારનો સંતોષ તેમજ આનંદ આપી શકે. બની શકે કે આ પ્રમાણે આધુનિક 'શહેર'માં શક્ય ન પણ હોય, પરંતુ જેટલું શક્ય હોય, જ્યાં પણ શક્ય હોય ત્યાં આ રચનાના સિદ્ધાંતનું જેટલું પણ અનુસરણ શક્ય બને તો તે ઇચ્છનીય ઘટના ગણાય. ■

# ન્યાયની દેવીના આ તે કેવા ન્યાય-અન્યાય? આરોપીના આ તે કેવા મુક્તિ-બંધન...?






કલોઝ અપ

ભરત ઘેલાણી

feedback@bombaysamachar.com


## ન્યાયની ક-સુવાવડને પછી નિર્દોષ પુરવાર થયેલી વ્યક્તિને ખોટા કેદ-કારાવાસનું વળતર મળે ખરું..? કાયદાશાસ્ત્રીઓ શું કહે છે?

છેલ્લાં ૨૦ થી ૨૫ દિવસ દરમિયાન હેડલાઈન્સ તરીકે ચમકી ગયેલા આ સમાચાર પર તમે એક ઝડપથી નજર દોડાવી જાવ...

• મુંબઈની એક બેન્કમાં શસ્ત્ર લૂંટ ચલાવવાના આરોપસર ઝડપાયેલા ચાર આરોપી ૧૬ વર્ષ બાદ નિર્દોષ છૂટ્યા...

• અપૂરતા પુરાવાને કારણે ડબલ મર્ડર કેસમાં રાજસ્થાનના એક દંપતીને કોર્ટે નિર્દોષ જાહેર કર્યું.

• દેહરાદૂનમાં એક મહિલા સહયોગી પર બળાત્કારના આરોપમાંથી કોર્ટે નિર્દોષ જાહેર કરતા દોઢ વર્ષથી જેલ ભોગવી રહેલા એક કેદીને મુક્તિ મળી.

• મુંબઈના એક પ્રેમીની હત્યા કેસમાં આરોપી ઠરેલી એની પ્રેમિકાને કોર્ટે પૂરતા પુરાવાના અભાવે આરોપમુક્ત કરી ૬ વર્ષના વિલંબ પછી!

• દેહવેપાર અને તસ્કરીના આરોપમાંથી થાણે મુંબઈની એક મહિલાને ૧૦ વર્ષ પછી કોર્ટે બા-ઈજ્જત રિહા કરી...

• દહેજના કારણે પત્નીનાં કમોત માટે આરોપી ઠરેલા પતિને ઉત્તરાખંડ કોર્ટે નિર્દોષ જાહેર કર્યો...

૩૨ વર્ષ બાદ !

• મુંબઈની એક મોડલ અભિનેત્રી ક્રિતકા ચૌધરીની હત્યા પછી ઝડપાયેલા બે આરોપી ૮ વર્ષ સુધી જેલમાં કેદી તરીકે રહ્યા પછી હવે કોર્ટે એમને મુકત કર્યા છે અપૂરતા પુરાવાના કારણે!

• આ જ રીતે, છેલ્લાં ૨ વર્ષમાં અપહરણ - બળાત્કાર-લીવ ઈન પાર્ટનરની હત્યા, ઈત્યાદિ આરોપસર જેલમાં લાંબી સજા ભોગવી રહેલા દિલ્હી-ગૌહાટી, મુંબઈ-કેરળ, છત્તીસગઢના ૧૨ કેદીને સર્વોચ્ચ અદાલતે નિર્દોષ જાહેર કરીને જેલબંધનમાંથી મુક્ત કર્યા છે!

આટલું વાંચ્યા પછી કહી ઊઠશો :

'યે કયા હો રહા હૈ ...? આ આપણા ન્યાયતંત્રને થઈ શું ગયું છે? ન્યાયની આવી તે કેવી ક-સુવાવડ?'

આપણું ન્યાયશાસ્ત્ર કહે છે કે સાત ગુનેગાર ભલે છૂટી જાય, પણ એક નિર્દોષને ખોટી રીતે સજા ન થવી જોઈએ, પણ અહીં વાસ્તવિકતા કંઈક બીજી જ છે. તમે અહીં જે સમાચાર વાંચ્યાં જાણ્યાં એ તો એક ઝલક માત્ર છે. આવા અનેક કિસ્સા વકીલોની બ્રીફ્સ અને કાયદાઓના થોથાં વચ્ચે દબાઈ ગયા હશે.

વિશ્વભરના લોકો જેને 'ન્યાયની દેવી' તરીકે ઓળખે છે એના હાથમાં એક ત્રાજવું છે, જેનાંથી એ કોણ સાચું-ખોટું એનો ન્યાય તોળે છે. બીજા હાથમાં ધારદાર તલવાર છે, જે ન્યાય કેવો શક્તિશાળી છે એ દર્શાવે છે. એ ન્યાયની નારીની આંખો પર પાટો બાંધ્યો છે, જે સમજાવે છે કે એની નજરે રાજા-રંક બધા એકસરખા છે....

જોકે, ગયા વર્ષે જ આપણે ત્યાં ન્યાયની દેવીનું ચિત્ર સાવ બદલાઈ ગયું છે. આપણા ન્યાયાલયમાં હવે એક નવી જ ન્યાયની દેવી તમને જોવા મળશે. ભારતીય સંસ્કૃતિની ઓળખ એવી સાડીમાં સજ્જ સુડોળ નારીની નવી પ્રતિમાની આંખ પરથી કાળી પટ્ટી દૂર કરવામાં આવી છે, જે દર્શાવે છે કે એ જાગૃત થઈ છે...એના હાથમાં હવે તીક્ષ્ણ તલવાર નથી. ત્યાં ભારતીય સંવિધાન બંધારણનો ગ્રંથ ગોઠવી દેવામાં આવ્યો છે... હા, ન્યાયની દેવીના એક હાથમાં ઝુલતું ન્યાયનું તરાજુ-ત્રાજવું હજુ યથાવત છે...

આપણા ન્યાયતંત્રએ કરેલા ન્યાયદેવીની પ્રતિમાના આ ફેરફાર સૂચવે છે-દર્શાવે છે કે આપણા દેશની ન્યાય પદ્ધતિ હવે જૂના જમાનાની નથી રહી. એ પણ હવે વધુ આધુનિક બની રહી છે.....

જોકે આપણે હમણાં જે તાજા કિસ્સા જાણ્યા એના પરથી એવો તો અંદાજ આવે છે કે ન્યાયતંત્ર જે નવી દિશા તરફ જવા ઈચ્છે છે તે તરફ હજુ એ કાચબા ગતિએ આગળ વધી રહ્યું છે અને એના અનેક ભૂલભરેલા ચુકાદાને લીધે હજુ પણ નિર્દોષ દંડાતા રહે છે...

વાસ્તવિકતા વરવી છે. કોવિડ લોકડાઉનને લીધે આપણી અદાલતોના કેસોમાં બીજો ૧૯ %નો ભરાવો થતા આજની તારીખે-જાન્યુઆરી -૨૦૨૫માં પૂરા પાંચ કરોડ કેસ પેન્ડિંગ પડ્યા છે. લોકડાઉનમાં અગત્યના કેસોનું ઓનલાઈન હિયરિંગ પણ શરૂ થયું. આમ છતાં, ખુદ સુપ્રીમ કોર્ટ પાસે આજે ૮૨ હજારથી વધુ કેસ પડતરમાં છે.!

બીજી તરફ, દેશભરની ન્યાયાલયોના આશરે ૨૩ લાખ કેસમાં તો છેલ્લાં ૧૧ - ૧૨ વર્ષથી 'તારીખ પે તારીખ ' પડ્યા કરે છે. એમાંથી ૧ લાખ ૮૦ હજાર કેસ તો છેલ્લાં ૩૧ વર્ષથી પેન્ડિંગ પડ્યા છે. તાજેતરમાં દેહરાદૂનના એક કેસની વિગત બહાર આવી છે. છેતરપિંડીના એક કિસ્સાંનો ૮ વર્ષથી કેસ ચાલી રહ્યો છે અને એમાં અત્યાર સુધીમાં તો ૮૧ વાર તો કોર્ટની મુદત પડી છે!

'જસ્ટિસ ડિલેડ ઇસ જસ્ટિસ ડિનાઈડ'- મોડો ચુકાદો મળે એ અન્યાય થવા બરાબર છે જેવી વાત આપણે ત્યાં બહુ ગંભીરતાથી લેવાતી નથી. કેટલીક વાર એવી પણ કરુણતા સર્જાય છે કે લાંબી સુનાવણી પછી ચુકાદો આવે-અપરાધીને જેલ થાય. પાછળથી કોઈક કારણસર એનો કેસ ફરી ચાલે ત્યારે ખ્યાલ આવે કે અગાઉ કશુ કાચું કપાઈ ગયું હતું એટલે એને 'બા-ઈજ્જત રિહા કિયા જાય...' જેવું ફરમાન કોર્ટ આપે ત્યાં સુધીમાં તો પેલો 'કેદી' ઉર્ફે નિર્દોષે તો કેટલાંય વર્ષ જેલમાં વીતાવી દીધા હોય! આપણે જોયું તેમ આવા અનેક કેસ તાજેતરમાં પણ બહાર આવ્યા છે.

દેશભરમાં બહુ ચર્ચાયેલા આ કેસ વિશે પણ જાણો, જેમાં કોઈ પણ પુરાવા વગર ૧૦ વર્ષ સુધી ખોટી જેલસજા ભોગવ્યા પછી દિલ્હી યુનિવર્સિટીના ભૂતપૂર્વ પ્રોફેસર જી.એન.સાઈબાબાને ગયા વર્ષે મુક્તિ મળી. રાષ્ટ્ર વિરુદ્ધ માઓવાદી તરફી આતંકવાદી પ્રવૃત્તિ કરવાના આરોપસર ૨૦૧૪ના ધરપકડ થઈ પછી પ્રોફેસરને નાગપુર જેલમાં ધકેલી દેવામાં આવ્યા હતા. મુકત થયેલા આ ૫૯ વર્ષીય પ્રોફેસર સાઈબાબા માનસિક, શારીરિક અને આર્થિક રીતે સાવ બેહાલ થઈ ગયા છે.

પ્રોફેસર જી.એન.સાઈબાબાના કેસ પછી ન્યાયક્ષેત્રમાં ફરી એક વાર કાયદા નિષ્ણાતોની ચર્ચા શરૂ થઈ ગઈ છે : ન્યાયની આવી ક-સુવાવડ માટે કોણ જવાબદાર? આરોપી પર કેસ દાખલ કરી પૂરી તપાસ કર્યા વગર એને કારાવાસમાં ધકેલી દેનારા કાયદાના રક્ષક કે પછી કાચબાની ગતિએ કેસ ચલાવી એને સજા ફટકારનારું ન્યાયાલય?

લાંબો કારાવાસ ભોગવ્યા પછી આરોપી બહાર આવે 'નિર્દોષ'નો શિરપાવ મળે તોય જેલાવાસ દરમિયાન સમાજમાં પ્રતિષ્ઠાથી ગુમાવી દેવા ઉપરાંત એ આર્થિક રીતે પણ ખુવાર થઈ ગયો હોય છે. આવા 'નિર્દોષ' અપરાધીને કોઈ વળતર મળે ખરું?

આનો જવાબ બહુ પેચીદો છે. અનેક જાણીતા ન્યાયવિદો કહે છે કે સુનાવણીમાં અતિ વિલંબ થાય પછી પ્રતિવાદી સામેના આક્ષેપો પડતા મુકાય કે પછી જો એ જેલમાં હોય અને મુક્તિ મળે તો એને ન્યાયાલયે જરૂર આર્થિક વળતર આપવું જ જોઈએ. આવા કિસ્સા માટે જરૂર છે કોઈ ચોક્કસ કાયદાની..

જો કે કેટલાક જાણીતા કાયદા નિષ્ણાતો કહે છે કે વળતરના આવા કોઈ નવા ચોક્કસ કાયદાની આપણે જરૂર નથી. આવા કિસ્સામાં કેટલીક વાર નામદાર ન્યાયમૂર્તિ કેસની ગંભીરતા જોઈને સામેથી યોગ્ય વળતર અપાવતા જ હોય છે આના સંદર્ભમાં આ કિસ્સો પણ ખાસ જાણવા જેવો છે.

૨૦૧૮ એટલે કે આજથી ૭ વર્ષ પહેલાં. ઉત્તર પ્રદેશના બરેલી શહેરમાં રહેતી સુષ્મા (નામ બદલ્યું છે ) નામની એક તરુણીએ પોલીસ ફરિયાદ નોંધાવી કે એના પરિચિત એવા તુષાર (નામ બદલ્યું છે) નામના એક યુવાને એનું અપહરણ કરીને એની ઈચ્છા વિરુદ્ધ જબરજસ્તીથી દેહસંબંધ બાંધ્યો હતો. યુવતી અને એની માતાએ પોલીસ ફરિયાદ નોંધાવી. પોલીસે પેલા તુષારની ધરપકડ કરી. પોલીસ તપાસ થઈ. કેસ ચાલ્યો ત્યારે યુવતીએ ખુદ મેજિસ્ટ્રેટ સમક્ષ કિડનેપિંગ અને રેપની જુબાની આપી હતી. યુવાન તુષારે એના પરના બધા આરોપ નકાર્યા, છતાં કેસ ચાલ્યો અને આરોપી તુષારને ચાર વર્ષ અને ૬ મહિનાને સજા થઈ. એ પછી તુષારે ઉપરની કોર્ટમાં 'પોતે નિર્દોષ છે' એની અરજી કરી. ફરી શરૂ કરવામાં આવેલા એ કેસની સુનાવણી ટુકડે ટુકડે ચાલતી રહી એ દરમિયાન તુષાર જેલમાં રહ્યો.

ગયા વર્ષે આ કેસની હિયરિંગ વખતે ઊલટતપાસમાં પેલી ફરિયાદી યુવતી સુષ્માએ કોર્ટ સમક્ષ કબૂલી લીધું કે એણે તુષાર વિરુદ્ધ બળાત્કારની જે ફરિયાદ કરેલી એ અંગત વેરઝેરને કારણે હતી. હકીકતમાં તુષારે ન તો એનું અપહરણ કરેલું કે ન તો બળાત્કાર કર્યો!..

યુવતીની આ કબૂલાત પછી બરેલી કોર્ટે તુષારને નિર્દોષ જાહેર કર્યો, પણ આ ચુકાદો આવ્યો ત્યાં સુધીમાં નિર્દોષ તુષારે તો ૪ વર્ષ કેદ ભોગવવી પડી એનું શું?!

અહીં બરેલી કોર્ટે એક બહુ ધ્યાનસૂચક અને નવી દિશા દેખાડતો ચુકાદો આપ્યો છે. ખોટી ફરિયાદ કરનારી યુવતી સુષ્માને કોર્ટે જે સજા તુષારે ભોગવી એવી જ ચાર વર્ષની સજા ફટકારી છે. સાથે તુષારને ૬ લાખનું વળતર ચૂકવવા પણ ફરમાન કર્યું છે.!

બાકી એક વાત તો એ પણ યાદ રાખવા જેવી છે કે કાયદો અને ન્યાય એ બન્ને સદંતર ભિન્ન વાત ને પ્રક્રિયા છે! ■


શરદ જોશી સ્પીકિંગ

સંજય છેલ

feedback@bombaysamachar.com


## એક જીપ સરકારી ને ત્રણ ઇયળની સવારી...



એટલું તો હું પાક્કે પાયે જાણું છું કે ચણાના છોડ હોય છે, ઝાડ નહીં. ચણાનું જંગલ નથી હોતું, ખેતરો હોય છે. જો ખેતરો ન હોત તો પછી મને કહો કે 'જોરા જોરી ચને કે ખેત મેં' આવું ગીત કઇ રીતે બન્યું? બસ, આ ગીત જ આ એક મજબૂત પુરાવો છે કે ચણાનાં ખેતરો હોય છે. ચણાના ઝાડ પર ચઢવાવાળી વાત તદ્દન ખોટી છે. એ કાલ્પનિક ઉપજાવેલી વાત છે. જો કે આમ તો ચણા વિશે મારું જ્ઞાન ચણાના લોટના ભજિયા ખાનારા દરેક વ્યક્તિ જેટલું જ છે.

હમણાં છાપાઓમાં પણ ચણા વિશે જોરદારથી વિવાદ ઉપડ્યો છે. હમણાં કમોસમી વરસાદ પડ્યો અને ઠંડી વધી ગઈ એટલે આસપાસનાં ચણાનાં ખેતરોમાં ઈયળો લાગી ગઈ. આને લઈને છાપાઓમાં હોબાળો મચી ગયો કે 'ચણામાં ઈયળો લાગી ગઈ ને સરકાર સૂતી રહી છે...' વગેરે...વગેરે. એક છાપવાળાએ તો ચણાના છોડ પર બેઠેલી ઈયળનો ફોટો પણ છાપી માર્યો, જેમાં ઈયળ ખરેખર સુંદર દેખાઈ રહી હતી. અમે પણ આજ સુધી ઘણાં ચણા ખાધા છે, પણ પેપરવાળાઓનો પક્ષપાત જુઓ, અમારો નહીં, પણ પેલી એકલદોકલ ઈયળનો ફોટો છપાયો!

આમ તો અમને ઈયળ વિશે કંઈ ખબર નથી. એને ક્યારેય મળવાનું કે જાણવાનું સૌભાગ્ય નથી મળ્યું. પણ ઘણાં લોકો ઈયળનો ઉલ્લેખ એટલી સહજ રીતે કરતા હોય છે કે જાણે એ પડોશમાં જ રહેતી હોય.

મારો એક જ્ઞાની મિત્ર છે. એક કાર્યક્રમમાં એણે 'ઈલા' નામ વિશે કહ્યું હતું કે 'ઇલા' અન્નની મુખ્ય દેવી છે. મને એ વાત યાદ રહી ગઈ હતી. જ્યારે ચણાંના છોડ પર ઇયળ લાગવાના સમાચાર ફેલાયા, ત્યારે હું વિચારવા લાગ્યો કે આ 'ઈલા'નો 'ઈયળ' સાથે શું સંબંધ હશે? 'ઈલા' અન્નની દેવી છે અને 'ઈયળ' અન્નનો નાશ કરનારી દેવી છે. નક્કી આ ઈયળો ઈલાની દીકરીઓ છે. જે એમની મમ્મી ઈલાની કમાણી ખાઈને છાપામાં પ્રસિદ્ધિ મેળવી રહી છે. એટલામાં મારી દીકરીએ ઈયળ વિશે પોતાનું જ્ઞાન દર્શાવતા કહ્યું કે ઈયળમાંથી પતંગિયું બને છે, પતંગિયું જે ફૂલોનો રસ પીવે છે અને ઊડી જાય છે. મારી અંદર એક કવિ છે, જે લોકોનાં મેણાંટોણાં પછી નિષ્ક્રિય થઈ ગયો હતો એ પતંગિયાનું નામ સાંભળતા જ જાગી ગયો અને ઈયળના સમર્થનમાં કવિતા કરવા લાગ્યો કે ઇયળ બગીચાની સુંદરતા છે, વગેરે વગેરે. પછી મેં મારી અંદરના કવિને કહ્યું, 'અબે ઘનચક્કર, આ ઈયળો ચણાનાં ખેતરો ખાઈ રહી છે ને આવતા વર્ષે ભજિયા ને ચણાના લાડુ મોંઘા થવાની શક્યતા છે. ચૂપ રહે મૂર્ખ કવિ!'

જ્યારે છાપાઓમાં ઈયળ વિશે અવાજ ઊઠ્યો ત્યારે નેતાઓએ પણ ભાષણ આપવાનું શરૂ કર્યું (અથવા કદાચ નેતાઓ ભાષણ આપ્યું પછી છાપવાળાઓએ અવાજ કરવાનું શરૂ કર્યું.! )

હવે સરકાર જાગી, મંત્રીઓ જાગી ગયા, અધિકારીઓ જાગી ગયા, ફાઇલો બની, બેઠકો બોલાવવાની શરૂ થઈ, રસ્તાઓ પર નિવેદનોનાં ઝાડુ ફરવા લાગ્યા, કાર્યકર્તાઓએ પાંખો ફફડાવી અને ગામડાંઓ તરફ ઉડાન ભરી. ઇયળનો મુદ્દો છેક દિલ્હી પહોંચ્યો. ઇયળના રિપોર્ટે રાજધાનીને ઘેરી લીધી. તરત આદેશો છૂટ્યા. સરકારી જીપોએ ગડગડાટ કર્યો. હેલિકૉપ્ટરો ને વિમાનો દ્વારા ખેતરો પર જંતુનાશક દવાનો છંટકાવ થયો.

બિચારા ખેડૂતો સ્તબ્ધ થઈ ગયા. પાક બચ્યો કે નહીં એની ખબર નથી, પણ સરકારી પાર્ટીના વોટ પાક્કા મજબૂત થયા. વિપક્ષે મામલો ઉછાળ્યો કે જો વિમાનો આમ ખેતરો પર જંતુનાશક દવા છાંટતા રહેશે, તો એમના મૂળિયાં નાશ પામશે.

એ પછી એક કૃષિ ઓફિસરે મને કહ્યું, 'ચાલો, ઈયળ નાબૂદીની પ્રગતિ જોવા માટે ખેતરોમાં જઈએ. તમે પણ જીપમાં બેસી જાવ...' મને થયું ચલો, આ બહાને ખબર પડશે કે ચણાના છોડ હોય છે કે ઝાડ? હું જીપમાં બેસી ગયો. આખા રસ્તે હું સરકારી અધિકારીઓ વિશે ખરાબ ખરાબ વાતો કરીને એનું મનોરંજન કરતો રહ્યો. દોઢ કલાક પછી ચારે બાજુ ખેતરો હતા ત્યાં પહોંચ્યા. જુનિયર ઓફિસર ત્યાં રાહ જોતો ઊભો હતો.

અમે નીચે ઊતર્યા અને મેં ધ્યાનથી જોયું કે ચણાના છોડ જ હોય છે ઝાડ નહીં. ત્યાં મેં ખેડૂતને પૂછ્યું, 'તમે ખેતરો ખોદો, ત્યારે શું નીકળે?'

'માટી!'

'એનો અર્થ એ કે પ્રાચીન સમયમાં પણ અહીં ખેતરો હતા.' મેં કહ્યું.

મને ઇતિહાસમાં થોડો રસ છે. ખોદકામ દ્વારા ઇતિહાસ જાણી શકાય છે. ખોદકામ પછી જો કોઈ શહેર બહાર આવે છે તો સમજવું જોઈએ કે પ્રાચીન સમયમાં ત્યાં એક શહેર હતું અને જો ફક્ત માટી બહાર આવે છે તો સમજવું જોઈએ કે ત્યાં ખેતરો હતા. અને જો માટી પણ ના નીકળે તો સમજવું કે ખેતરો પણ નહોતા.

સિનિયર ઓફિસર એના જુનિયર ઓફિસર સાથે વાત કરતાં કરતાં ચાલતા હતા.

'શું આ ખેતરમાં કોઈ ઈયળો નથી?', સિનિયરે પૂછ્યું.

'ના, નથી.'

'મને તો કેટલીક દેખાય છે.', સિનિયર ઓફિસરે કહ્યું.

'હા, આટલી તો હંમેશાં હોય જ છે.' જુનિયર બોલ્યો.

'છતાં મેં સાંભળ્યું છે કે આટલી પણ આખું ખેતર સાફ કરી શકે. ખેતર પર છંટકાવ કરવો જોઈએ. તમને શું લાગે છે?'

'સાહેબ, તમે જેમ કહો એમ.' જુનિયરે નમ્રતાથી કહ્યું.

'અરે સાંભળો, મને ચણા જોઈએ. તાજા ને લીલા. ઘરે લઈ જવા છે. જીપમાં મુકાવી દો.'

'હમણાં જ મુકાવી દઉં.' કહીને જુનિયર ઓફિસરે ખેડૂતને ઠપકો આપ્યો :

'એય તારા ખેતરમાં ઈયળ છે?'

'ના, સાહેબ.'

'અરે, એક હતી ને.. એ ક્યાં ગઈ?'

'ખબર નથી ક્યાં ગઈ.' ખેડૂત હાથ જોડીને ધ્રૂજવા લાગ્યો.

એને લાગ્યું કે આ ગુના માટે એનું ખેતર જપ્ત થઈ જશે. જુનિયર ઓફિસરે ગુસ્સાથી ખેતરમાં ચારે તરફ જોઇને પછી કહ્યું,

'ચાલ, લીલા ચણા સાહેબની જીપમાં મુકી દે.'

ખેડૂત ખેતરમાંથી ચણાના છોડ ઉખાડવા લાગ્યો. એટલામાં સિનિયર ઓફિસરે કહ્યું,

'મને ખેતરો ગમે છે. અહીં ખરેખર સુખ શાંતિ ભર્યું જીવન છે.' એમણે મને મૈથિલીશરણ ગુપ્તની ગામડાના જીવન પરની કવિતા સંભળાવી, જે એમણે આઠમા ધોરણમાં યાદ કરી હતી. સાહેબે કહ્યું કે જ્યારે પણ આ કવિતા મારા મનમાં આવે, ત્યારે હું જીપમાં બેસીને ખેતરોમાં આવી જાઉં છું.

હું ચણાના છોડ ઉખેડતા ખેડૂતને જોઈને વિચારવા લાગ્યો- 'કવિ ગુપ્તજીને શું ખબર કે કવિતા લખીને એ શું નુકસાન કરાવશે!'

પછી અમે જીપમાં બેસીને નીકળ્યા. જીપમાં ઘણાં બધાં લીલા ચણા હતા. મેં ખાવાનું શરૂ કર્યું. સિનિયર ઓફિસર પણ ખાવા લાગ્યો. અચાનક મને લાગ્યું કે જીપ પર ત્રણ ઇયળ સવાર છે, જે ખેતરો તરફ જઈ રહી છે. ત્રણ મોટી મોટી ઇયળ... ફક્ત ત્રણ નહીં, આવી હજારો લાખો સરકારી ઇયળો છે, જે ફક્ત ચણા નથી ખાઈ રહી, એ બધી દેશનું ઘણું બધું ખાઈ રહી છે ને નિર્ભયતાથી સરકારી જીપમાં ફરી રહી છે. ■


ફોકસ

અપરાજિતા

feedback@bombaysamachar.com


## લઘુગ્રહ કેટલા મહત્ત્વના!

સાલ ૨૦૦૬માં જ્યારે પ્લૂટો ગ્રહનું પદઘટન થયું, ત્યારથી વૈજ્ઞાનિક સમુદાય અને ખગોળિય વિષયો પર રુચિ રાખવાવાળા સમુદાયોએ મળીને ૩૦ જૂનને લઘુગ્રહ દિવસ મનાવવાનો શરૂ કર્યો છે. આ કોઈ રાષ્ટ્રીય કે આંતરરાષ્ટ્રીય દિવસ નથી, સમાન રુચી ધરાવતા વૈજ્ઞાનિકો, મીડિયા કર્મચારીઓ, વૈજ્ઞાનિક પ્રકશન ગ્રહો અને સોશિયલ નેટવર્કમાં સક્રિય લોકોનો ગ્રહોના અભ્યાસ પ્રત્યે ઉત્સુકતાનો એક સમૂહ છે. તેથીજ લઘુગ્રહ અથવા ડ્વોર્ફ પ્લેનેટ ડે ને લઈને કોઈ કાર્ય યોજના કે કોઈ લક્ષ્ય નથી હોતું. આને માત્ર ગ્રહોના અભ્યાસ દિવસ તરીકે ચિનહિત કરવામાં આવેલ છે આની કોઈ નિશ્ચિત થીમ નથી હોતી તે ઉપરાંત ૨૦૨૫ની થીમ - 'સૌર મંડળની નવી ઉત્પત્તિઓ અને છુપાયેલી નવી શોધો' ની આજુબાજુ ઘેરાયેલી છે. ખાસ કરીને ટ્રાંસ-નેપ્ચ્યુનિયન બોડીઝની ખોજ દ્વારા. આ બધા બિંદુ મળીને માનવ સમાજમાં વિજ્ઞાન, શિક્ષા,સમજ અને કલ્પનાને એક નવી દિશા આપે છે. લઘુગ્રહ જેમને એસ્ટેરોયડ પણ કહેવાય છે તેને માટે જાણવું એ ખરેખર બ્રહ્માંડને સંપૂર્ણપણે જાણવું.

### પૃથ્વીની રક્ષા

આપણે જાણીયે છીએ કે લઘુગ્રહો પૃથ્વીની ભ્રમણકક્ષાની નજીક જાય છે. જો આપણને તેમની ગતિ અને રસ્તાની જાણ થાય તો ભવિષ્યમાં કોઈ લઘુગ્રહ જો પૃથ્વીને અથડાવાની સ્થિતિમાં હોય તો આપણે તેનો રસ્તો બદલવાનું વિચારી શકીયે.

### સૌરમંડળનો ઈતિહાસ જાણો

વાસ્તવમાં જેને આપણે લઘુગ્રહ કહીયે છીએ તે ખરેખર તો સૌરમંડળના શરૂઆતના દિવસોની વધેલી સામગ્રી છે. આને જાણવાથી આપણે સમજી શકીયે કે ગ્રહો કેવી રીતે બન્યા હશે, સાથે એમ પણ કે સૌરમંડળની રચના કઈ રીતે થઈ હશે અને ધરતી પર જીવન માટે જરૂરી તત્ત્વો ક્યાંથી અને કઈ રીતે પહોંચ્યા હશે.

### ખગોળિય ખાણકામ

અત્યાર સુધી એ વાત સ્પષ્ટ થઈ ચુકી છે કે



ઘણા લઘુગ્રહોમાં બહુમૂલ્ય ધાતુ જેમકે પ્લેટેનિયમ, નિકલ અને સોના તેમજ પાણી ( હાઈડ્રોજન અને ઓકિસજનના રૂપમાં) મોજૂદ હોય છે. આવી સ્થિતિમાં ભવિષ્યમાં માનવી પૃથ્વીના સંસાધનોનો ઓછા અથવા ખલાસ થઈ જવા બાદ પ્રયત્ન કરશે કે અંતરિક્ષમાં આવા સંસાધનો હાંસલ કરી શકે. તદ ઉપરાંત અંતરિક્ષ સ્ટેશનોને સપ્લાય દેવા માટે આ ખનિજોનો ઉપયોગ કરી શકાય છે. એક તરફથી આ પ્રયત્ન અંતરિક્ષ અર્થવ્યવસ્થા માટે એક નવો માર્ગ ખોલી શકશે.

### ટેક્નોલોજીકલ વિકાસ અને જીવનની શોધ

છેલ્લાં ઘણાં વર્ષોથી મનુષ્ય આ લઘુગ્રહો પર ઘણા પ્રકારના મિશન મોકલવાની કોશિશ કરી રહી છે. ભવિષ્યમાં આને મોકલવાથી આપણી રોકેટ ટેક્નિક તેમજ સ્વસંચાલિત રોબોટિક્સ નવી ઊંચાઈએ પહોંચશે. સાથે જ આ ગ્રહો દ્વારા વૈજ્ઞાનિકો એ જાણવા માટે સક્ષમ સાબિત થશે કે ધરતી પર જીવન કઈ રીતે નિર્માણ થયું ? વૈજ્ઞાનિકોનું એવું માનવું છે કે, આ લઘુગ્રહો દ્વારા જ ધરતી પર કાર્બોનિક પદાર્થ અને પાણી પહોચ્યું હશે, જેનાથી જીવન સંભવ થયું હશે. પરંતુ આ એક અનુમાન જ છે. ભવિષ્યમાં લઘુગ્રહોના વ્યાપક અભ્યાસથી એ અનુમાન પર વાસ્તવિકતાની મોહર લાગી શકે.

### અવકાશ સંશોધનમાંથી મદદ

ભવિષ્યમાં મનુષ્ય મંગળ ગ્રહ અને તેના આગળનાં મિશનો પર સર્ચ ઓપરેશન હાથ ધરશે. ત્યારે આ જ લઘુગ્રહને 'સ્ટોપિંગ પોઈન્ટ' અથવા 'ફ્યૂલ સ્ટેશન' તરીકે ઉપયોગ થઈ શકે છે. ■



**કાવડિયાઃ** પ્રયાગરાજમાં પવિત્ર 'શ્રાવણ' મહિનાના પ્રથમ દિવસે ગંગા નદીમાં પવિત્ર સ્નાન કર્યા બાદ વારાણસી જવા નીકળતા કાવડિયા. ઉત્તર ભારતમાં શ્રાવણ મહિનો પશ્ચિમ ભારત કરતાં વહેલો શરૂ થાય છે. (પીટીઆઇ)

# છત્તીસગઢમાં ૩૭.૫ લાખ રૂપિયાના સામૂહિક ઈનામ સાથે ૨૨ નક્સલીએ આત્મસમર્પણ કર્યું

નારાયણપુર : અભુજમાડ વિસ્તારમાં સક્રિય અને ૩૭.૫ લાખ રૂપિયાના સામૂહિક ઈનામ ધરાવતા ૨૨ નક્સલીએ શુક્રવારે છત્તીસગઢના નારાયણપુર જિલ્લામાં આત્મસમર્પણ કર્યું હતું, એમ એક વરિષ્ઠ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું.

માઓવાદીઓના માડ વિભાગ હેઠળ કુતુલ, નેલનાર અને ઇન્દ્રાવતી વિસ્તાર સમિતિઓના કાર્યકરોએ અહીં વરિષ્ઠ પોલીસ, બોર્ડર સિક્યુરિટી ફોર્સ (બીએસએફ) અને ઇન્ડો તિબેટિયન બોર્ડર પોલીસ (આઇટીબીપી) અધિકારીઓ સમક્ષ આત્મસમર્પણ કર્યું હતું.

નારાયણપુરના પોલીસ અધિક્ષક રોબિન્સન ગુરિયાએ જણાવ્યું હતું કે, આત્મસમર્પણ કરનારા નક્સલીઓએ પોલીસને જણાવ્યું હતું કે તેઓ ''ખોટી'' માઓવાદી વિચારધારા અને પ્રતિબંધિત સંગઠનમાં વધતા આંતરિક મતભેદોથી નિરાશ છે.

તેઓ જિલ્લામાં માડ વિસ્તારમાં થઈ રહેલાં વિકાસ કાર્યોથી પણ પ્રભાવિત હતા, જેમાં રસ્તાઓનું ઝડપી બાંધકામ પણ સામેલ છે, અને સામાન્ય જીવન જીવવા માગતા હતા, એમ તેમણે જણાવ્યું હતું.

હથિયારો છોડી દેનારા નક્સલીઓમાંથી, ડિવિઝનલ કમિટીના સભ્ય, મંકુ કુંજમ (૩૩), પર ૮ લાખ રૂપિયાનું ઈનામ હતું, જ્યારે ત્રણ એરિયા કમિટી સભ્યો, જેમની ઓળખ હિદમે કુંજમ (૨૮), પુન્ના લાલ ઉર્ફે બોટી (૨૬) અને સનીરામ કોરમ (૨૫) તરીકે થઈ છે, તેમના પર ૫ લાખ રૂપિયાનું ઈનામ હતું, એમ અધિકારીએ જણાવ્યું હતું.

તેમણે કહ્યું કે, અગિયાર કેડર પર ૧ લાખ રૂપિયાનું ઈનામ હતું, જ્યારે સાત અન્ય પર ૫૦,૦૦૦ રૂપિયાનું ઈનામ હતું. નારણપુર પોલીસ, તેના ડિસ્ટ્રિક્ટ રિઝર્વ ગાર્ડ, આઈટીબીપી અને બીએસએફે તેમના શરણાગતિમાં મુખ્ય ભૂમિકા ભજવી છે. આ ઘટનાક્રમથી ટોચના માઓવાદી કેડરોને મોટો ફટકો પડ્યો છે. તેમણે કહ્યું કે, તમામ શરણાગતિ પામેલા નક્સલીઓને ૫૦,૦૦૦ રૂપિયાની સહાય આપવામાં આવી હતી અને સરકારની નીતિ મુજબ તેમનું પુનર્વસન કરવામાં આવશે. ■

# 'આગામી દલાઇ લામા સ્વતંત્ર અને લોકશાહી દેશમાંથી હશે, ચીનમાંથી નહીં", અરુણાચલ પ્રદેશના મુખ્ય પ્રધાનનું મોટું નિવેદન

નવી દિલ્હી : અરુણાચલ પ્રદેશના મુખ્ય પ્રધાન પેમા ખાંડુએ કહ્યું હતું કે આગામી દલાઈ લામા ચીનના નહીં, પરંતુ એક સ્વતંત્ર અને લોકશાહી દેશમાંથી હશે. ખાંડુએ કહ્યું હતું કે દલાઈ લામાની પસંદગીની પ્રક્રિયા વર્તમાન દલાઈ લામાના મૃત્યુ પછી જ શરૂ થાય છે. તેમણે આશા પણ વ્યક્ત કરી અને પ્રાર્થના કરી કે ૧૪મા દલાઈ લામા આગામી ૪૦ વર્ષ સુધી જીવે.

ખાંડુએ મંગળવારે પીટીઆઈને આપેલા ઇન્ટરવ્યૂમાં કહ્યું હતું કે, ''જેમ મેં કહ્યું, દલાઈ લામાનું સ્વાસ્થ્ય ખૂબ જ સારું છે અને આ વખતે તેમના ૯૦મા જન્મદિવસની ઉજવણી કરવામાં આવી હતી જેમાં દલાઈ લામાએ પણ કહ્યું કે તેઓ લગભગ ૧૩૦ વર્ષ જીવશે. તેથી આપણે બધા આ રીતે પ્રાર્થના કરીએ છીએ અને મને ખૂબ આશા છે કે તેઓ ૧૩૦ વર્ષ જીવશે.''

મુખ્ય પ્રધાન પોતે દલાઈ લામાના અનુયાયી છે અને બૌદ્ધ સમુદાયના છે. ખાંડુએ કહ્યું હતું કે તેઓ આગામી દલાઈ લામાની પસંદગીની પ્રક્રિયા, પદ્ધતિ અથવા વિગતોથી વાકેફ નથી પરંતુ પસંદગીની સંપૂર્ણ એક પ્રક્રિયા છે. તેમણે કહ્યું હતું કે ''બધા નિયમો નિશ્ચિત છે, બધી પ્રક્રિયાઓ નિશ્ચિત છે. તેના વિશે અનુમાન લગાવવાનો કોઈ અર્થ નથી. અનુમાન લગાવવાનો કોઈ અર્થ નથી કે તેમનો જન્મ ક્યાં થશે, કયા પ્રદેશમાં થશે, તે ભારતમાં હશે કે તિબેટમાં. આ મુદ્દા પર એકમાત્ર સ્પષ્ટતા એ છે કે આગામી દલાઈ લામાનો જન્મ મુક્ત વિશ્વમાં થશે. અને કદાચ આ જ દલાઈ લામાએ એક મુલાકાતમાં કહ્યું છે.

તેમને જ્યારે પૂછવામાં આવ્યું છે કે શું તેઓ સંકેત આપી રહ્યા હતા કે આગામી દલાઈ લામા ચીનમાંથી નહીં હોય અને બીજે ક્યાંકથી હોઈ શકે છે જેના જવાબમાં ખાંડુએ કહ્યું હતું કે, ''હા, ચોક્કસપણે ચીનમાંથી નહીં કારણ કે ત્યાં કોઈ લોકશાહી નથી. તેથી જ્યાં પણ લોકશાહી છે તે વિશ્વમાં ગમે ત્યાં થઈ શકે છે.''

જ્યારે તેમને કહેવામાં આવ્યું છે કે તિબેટ પણ ચીનના શાસન હેઠળ છે ત્યારે મુખ્ય પ્રધાને કહ્યું હતું કે, ''તો હું એમ નથી કહેતો કે તે આ દેશ કે તે દેશમાંથી હશે. અત્યારે કાંઈ કહેવું થોડું વહેલું છે. ■

# તેલંગાણાઃ ભાજપે રાજા સિંહનું રાજીનામું સ્વીકાર્યું

નવી દિલ્હીઃ ભાજપે તેલંગાણાના તેના ફાયરબ્રાન્ડ ધારાસભ્ય ટી રાજા સિંહનું રાજીનામું સ્વીકારી લીધું છે. તેમણે પાર્ટીના પ્રદેશ અધ્યક્ષની પસંદગીની ટીકા કરતાં રાજીનામું આપ્યું હતું. તેમજ પાર્ટીએ તેમના આરોપોને અપ્રસ્તુત ગણાવીને નકારી કાઢ્યા હતા.

ભાજપના તેલંગાણા અધ્યક્ષ તરીકે રામચંદ્ર રાવની સંભવિત નિમણૂકથી નારાજ રાજા સિંહે ૩૦ જૂને તત્કાલીન અધ્યક્ષ જી કિશન રેડ્ડીને એક પત્ર લખ્યો હતો. જેમાં કહ્યું હતું કે આ નિર્ણય લાખો પાર્ટી સભ્યો માટે આઘાતજનક અને નિરાશાજનક છે અને આને તેમના રાજીનામા તરીકે ગણવો જોઇએ.

ભાજપના મહાસચિવ અરૂણ સિંહે ધારાસભ્યને લખેલા પત્રમાં જણાવ્યું કે તેમના પત્રથી પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ જે પી નડ્ડાને વાકેફ કરવામાં આવ્યા છે. તેમણે કહ્યું કે તમારા દ્વારા ઉલ્લેખિત સામગ્રી અપ્રસ્તુત છે અને પાર્ટીની કાર્યપદ્ધતિ, વિચારધારા અને સિદ્ધાંતો સાથે મેળ ખાતી નથી. અરૂણ સિંહે કહ્યું કે નડ્ડાના નિર્દેશ અનુસાર રાજા સિંહનું રાજીનામું તાત્કાલિક અસરથી સ્વીકારી લેવામાં આવ્યું છે. ■

# ભાજપનો બિહારમાં પણ આગામી ચૂંટણીઓને હાઈજેક કરવાનો પ્રયાસ : રાહુલ

ભુવનેશ્વરઃ કૉંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ શુક્રવારે ભાજપ પર આરોપ લગાવ્યો કે તે મહારાષ્ટ્રની જેમ બિહારમાં પણ આગામી ચૂંટણીઓને હાઇજેક કરવાનો પ્રયાસ કરી રહી છે.

અહીં પાર્ટીના 'સંવિધાન બચાવો સમાવેશ' ને સંબોધતા તેમણે કહ્યું કે ઇન્ડિયા બ્લોક પાર્ટીઓએ ભાજપને બિહાર વિધાનસભા ચૂંટણીઓને ''હાઇજેક'' કરતા અટકાવવાનો નિર્ણય લીધો છે.

'મહારાષ્ટ્રની જેમ, બિહારમાં પણ ચૂંટણીઓને હાઇજેક કરવાનો પ્રયાસ થઈ રહ્યો છે. ભાજપ દેશભરમાં આપણા બંધારણ પર હુમલો કરી રહી છે,' ગાંધીએ એવો આરોપ લગાવ્યો હતો.

ગુરુવારે યોજાયેલી ઇન્ડિય બ્લોકની બેઠક દરમિયાન, 'બિહારમાં ભાજપને ચૂંટણીઓને હાઇજેક કરતા અટકાવવા'નો નિર્ણય લેવામાં આવ્યો હતો, જ્યાં આ વર્ષના અંતમાં વિધાનસભા ચૂંટણીઓ યોજાવાની છે, એવો તેમણે દાવો કર્યો હતો.

તેમણે ભારતના ચૂંટણી પંચ પર 'તેની ફરજ બજાવતા નથી, પરંતુ ભાજપના હિત માટે કામ કરવાનો' આરોપ પણ લગાવ્યો હતો.

ગાંધીએ એવો પણ આરોપ લગાવ્યો હતો કે, 'ભાજપ પાંચ-છ મૂડીવાદીઓ માટે સરકાર ચલાવે છે. તે દેશના સામાન્ય લોકો માટે કામ કરતું નથી.' ■



**વૃક્ષ પડ્યુંઃ** શિમલામાં શુક્રવારે ભારે વરસાદને લીધે તૂટી પડેલાં વૃક્ષને લીધે વાહનવ્યવહાર કામચલાઉ અટકાવવાની ફરજ પડી હતી. (પીટીઆઇ)

# બાંગ્લાદેશનાં પૂર્વ વડા પ્રધાન શેખ હસીનાની મુશ્કેલીઓ વધી, માનવતા વિરુદ્ધ ગુનાના કેસમાં આરોપો ઘડાયા

ઢાકાઃ બાંગ્લાદેશના ભૂતપૂર્વ વડા પ્રધાન શેખ હસીનાની મુશ્કેલીઓ વધી છે. હવે ભૂતપૂર્વ વડા પ્રધાન હસીનાને બીજા કેસમાં ટ્રાયલનો સામનો કરવો પડશે. માનવતા વિરુદ્ધ ગુનાના કેસમાં તેમના વિરુદ્ધ આરોપો ઘડવામાં આવ્યા છે. આ સમાચાર બાંગ્લાદેશના સ્થાનિક મીડિયામાંથી આવી રહ્યા છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે શેખ હસીના વિરુદ્ધ ઢાકાની એક કોર્ટમાં માનવતા વિરુદ્ધ ગુનાઓ સહિત પાંચ કેસોમાં ઔપચારિક ચાર્જશીટ દાખલ કરવામાં આવી છે. નોંધનીય છે કે જુલાઈ-ઓગસ્ટ ૨૦૨૪માં થયેલી હિંસા દરમિયાન લગભગ ૧,૪૦૦ નાગરિકોના મૃત્યુ માટે શેખ હસીનાને જવાબદાર ઠેરવવામાં આવ્યા છે. આ હિંસામાં મૃત્યુ પામેલા મોટાભાગના લોકો વિદ્યાર્થીઓ હતા. ન્યાયાધીશ ગુલામ મુર્તુઝા મોઝુમદારની આગેવાની હેઠળની ત્રણ સભ્યોની સમિતિએ હસીના, ભૂતપૂર્વ ગૃહમંત્રી અસદુઝમાન ખાન અને ભૂતપૂર્વ પોલીસ વડા ચૌધરી અબ્દુલ્લા અલ-મામુન પર પાંચ આરોપો લગાવ્યા હતા. હસીના અને ખાન પર તેમની ગેરહાજરીમાં કેસ ચલાવવામાં આવી રહ્યો છે. ■

## ફન વર્લ્ડ

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી સોમવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

### ભાષા વૈભવ...

ગુજરાતી - ગુજરાતી સમાનાર્થી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| ગફલત | સમૃદ્ધિ |
| મસલત | સગવડ |
| બરકત | વાટાઘાટ |
| સવલત | વારસો |
| વસિયત | બેદરકારી |

### ઓળખાણ પડી?

એક લાખથી વધુ સંખ્યામાં દરિયાઈ જીવના સંગ્રહ સાથેનું દુનિયાનું સૌથી મોટું જ્યોર્જિયા એક્વેરિયમ કયા દેશમાં સ્થિત છે?



અ) બોલિવિયા બ) સાયપ્રસ ક) યુએસએ ડ) રશિયા

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ પં | ચા | ૨ ય | ત | | ૩ અ | ૪ ભિ | વા | ૫ દ | ૬ ન |
| ચા | | મ | | ૭ ફા | જ | લ | | ૮ બં | ગ |
| ૯ મૃ | ૧૦ ગાં | ક | | ળ | | | ૧૧ ડ | ગ | ર |
| ૧૨ ત | ડ | | ૧૩ ભા | વ | વિ | ૧૩-અ ભો | ર | | જ |
| | ૧૪ પ | જ | વ | ણી | | મિ | | ૧૫ કા | ન |
| ૧૬ ગૌ | ણ | | ના | | ૧૭ આ | યો | જ | ન | |
| ર | | ૧૮ જા | | ૧૯ અં | ક | | | ૨૦ સ | ૨૧ ર |
| ૨૨ વ | ૨૨-અ મ | ળ | | ૨૩ ત | ડા | ૨૪ મા | ૨૫ ર | | સ |
| ૨૫-અ ગા | લ | | ૨૬ સ | ર્ગ | | ૨૭ ગ | જુ | | થા |
| ૨૮ થા | કે | લું | | ૨૯ ત | ર્પ | ણ | | ૩૦ મા | ળ |

### શબ્દલાલિત્ય
સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | | ૩ | | ૪ | ૫ | | ૬ |
| ૭ | | | | ૮ | ૯ | | | | |
| ૧૦ | | ૧૧ | | ૧૨ | | | | ૧૩ | |
| | | ૧૪ | ૧૪અ | | | | ૧૫ | | |
| | ૧૬ | | | | ૧૭ | | | | |
| ૧૮ | | ૧૯ | | ૨૦ | | | | | ૨૧ |
| ૨૨ | ૨૩ | | | | | ૨૪ | | ૨૫ | |
| ૨૬ | | | ૨૭ | | | | | | |
| | | ૨૮ | | | | ૨૯ | ૩૦ | ૩૧ | |
| | ૩૨ | | | | | ૩૩ | | | |

**આડી ચાવી**

૧. બદલાવ (૫)
૪. વારસો (૪)
૭. અફસોસ (૨)
૮. અર્જુન (૪)
૧૦. હવા (૩)
૧૨. બકવાસ (૩)
૧૩. તંદુરસ્ત, શાંત, સાવધાન (૨)
૧૪. ક્યારે (૨)
૧૫. નસીબની દેવી (૩)
૧૬. ઝાંખી (૩)
૧૭. ઢોલ જેવું વાદ્ય (૪)
૧૯. ડરામણું, ભયાનક (૪)
૨૨. આંખનો રોગ (૩)
૨૫. ખાવું, ---ને મજા કરવી (૨)
૨૬. રહેવું તે (૨)
૨૭. ---નું રાજ એટલે ઢંગધડા વગરનું રાજ (૪)
૨૯. ધન, પૂંજી (૪)
૩૨. અચળ (૪)
૩૩. વેપારી (૪)

**ઊભી ચાવી**

૧. હાર, શ્રેણી, રિવાજ (૪)
૨. રિઝવવુંનું આજ્ઞાર્થ (૩)
૩. વંશ, મૂળ, ઉત્પત્તિસ્થાન (૩)
૪. ભૂલી (૨)
૫. મગ્ન થઈ (૨)
૬. સ્થિતપ્રજ્ઞતા, સમતોલપણું (૪)
૯. વ્યવસ્થા કરનાર (૫)
૧૧. નકલ કરનાર (૫)
૧૩. પોતાને ધામ (૩)
૧૪અ. હમણાં --- બોર્ડ ચર્ચામાં છે. (૩)
૧૫. નડતર (૩)
૧૮. હવાનું તોફાન (૪)
૨૦. નાગપૂજાનો દિવસ (૫)
૨૧. એકદમ નવું (૫)
૨૩. હરસ, ચામડીની ગાંઠ (૨)
૨૪. ગરીબો --- ભેગા કરીને ઘર ચલાવે (૪)
૨૮. નાનો માળ (૨)
૩૦. --- બાજી એટલે શરતી લેવડદેવડ (૨)
૩૧. --- એટલે મીટ માંડીને (૨)

### ગુજરાત મોરી મોરી રે

'ભગવાન સ્વામિનારાયણ' ફિલ્મ તેમજ 'રમત શૂન ચોકડીની' અને '૨૩ કલાક ૫૨ મિનિટ' જેવા નાટક આપનારનું નામ જણાવો.

અ) પ્રવીણ જોશી બ) શૈલેષ દવે ક) કાંતિ મડિયા ડ) મહેન્દ્ર જોશી

### જાણવા જેવું

ઉપનિષદોમાં બે લોક માનેલા છેઃ આ લોક અને પરલોક. ત્રણ લોકનો પણ ઉલ્લેખ મળે છેઃ પૃથ્વી, અંતરિક્ષ અને દ્યુલોક અથવા સ્વર્ગ, મૃત્યુ અને પાતાળ. પૌરાણિક કાળમાં સાત લોકની કલ્પના થઈ. તે આ પ્રમાણે છેઃ ભૂલોક, ભુવર્લોક, સ્વર્લોક, મહર્લોક, જનલોક, તપલોક અને સત્યલોક.

### સુડોકુ-૯૦૩૮

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | ૭ | ૪ | | | | ૬ | |
| | ૯ | | ૨ | | | ૩ | | ૫ |
| | | ૩ | ૬ | | | | ૧ | ૭ |
| ૪ | ૨ | | | | | ૧ | | ૯ |
| | | | | | | | | |
| ૧ | | ૬ | | | | | ૮ | ૩ |
| ૮ | ૬ | | | | ૨ | ૭ | | |
| ૩ | | ૨ | | | ૪ | | ૯ | |
| | ૧ | | | | ૮ | ૪ | | |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

### સુડોકુ-૯૦૩૭

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૪ | ૩ | ૮ | ૬ | ૧ | ૯ | ૭ | ૫ | ૨ |
| ૧ | ૬ | ૨ | ૩ | ૫ | ૭ | ૯ | ૪ | ૮ |
| ૫ | ૭ | ૯ | ૨ | ૪ | ૮ | ૬ | ૩ | ૧ |
| ૮ | ૫ | ૭ | ૯ | ૬ | ૪ | ૧ | ૨ | ૩ |
| ૩ | ૯ | ૬ | ૧ | ૨ | ૫ | ૮ | ૭ | ૪ |
| ૨ | ૪ | ૧ | ૮ | ૭ | ૩ | ૫ | ૯ | ૬ |
| ૭ | ૨ | ૫ | ૪ | ૮ | ૧ | ૩ | ૬ | ૯ |
| ૬ | ૧ | ૩ | ૫ | ૯ | ૨ | ૪ | ૮ | ૭ |
| ૯ | ૮ | ૪ | ૭ | ૩ | ૬ | ૨ | ૧ | ૫ |

### ચતુર આપો જવાબ
માથું ખંજવાળો

આપણા દેશના કયું શહેર વિવિધ પ્રકારના તાળા ચાવી બનાવવા માટે પ્રખ્યાત છે? આ શહેર 'સિટી ઓફ લોક્સ' તરીકે ખ્યાતિ ધરાવે છે.

અ) દિબ્રુગઢ બ) ચંદીગઢ ક) અલીગઢ ડ) ઈમ્ફાલ

### નોંધી રાખો

ઘણી વાર દીવો તેલ ખતમ થયું હોવાથી બુઝાઈ જાય છે. હંમેશાં દોષ હવાનો નથી હોતો એ વાત યાદ રાખજો.

### માઈન્ડ ગેમ

આપેલી સંખ્યાઓ ધ્યાનથી જુઓઃ ૭, ૨૦, ૫૯, ૧૭૬, .... તેમની વચ્ચે રહેલો સંબંધ ઓળખો અને ગણતરી કરીને કહો કે ૧૭૬ પછી કઈ સંખ્યા આવે?

અ) ૩૯૩ બ) ૪૨૯ ક) ૪૯૦ ડ) ૫૨૭

### ગયા શનિવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| ભાલ | કપાળ |
| ભાસ્કર | સૂર્ય |
| ભાળ | ખબર |
| ભાંગરો | વનસ્પતિ |
| ભાંજગડ | કજિયો |

ગુજરાત મોરી મોરી રે
ભેદ ભરમ

ઓળખાણ પડી
ફાંસ

માઈન્ડ ગેમ
૨૧૬

ચતુર આપો જવાબ
માથું ખંજવાળો
લેહ

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) સુભાષ મોમાયા (૨) મુલરાજ કપૂર (૩) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૪) ભારતી બુચ (૫) કિશોરકુમાર જીવણદાસ વેદ (૬) નીતા દેસાઈ (૭) ખુશરૂ કાપડિયા (૮) લજિતા ખોના (૯) પુષ્પા પટેલ (૧૦) નુતન વિપીન શાહ (૧૧) જ્યોતિ ખાંડવાલા (૧૨) શ્રદ્ધા આશર (૧૩) મીનળ કાપડિયા (૧૪) ભાવના કર્વે (૧૫) જયવત પદમશી ચિખલ (૧૬) મનીષા શેઠ (૧૭) ફાલ્ગુની શેઠ (૧૮) પ્રવીણ વોરા (૧૯) દેવેન્દ્ર સંપટ (૨૦) અંજુ ટોલિયા (૨૧) વિણા સંપટ (૨૨) અંબરીષ ઓઝા (૨૩) મહેશ દોશી (૨૪) અલકા વાણી - સિડની (૨૫) કિશોર બી. સંઘરાજકા (૨૬) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૨૭) ડાયના સંતોકે (૨૮) શિલ્પા શ્રોફ (૨૯) પુષ્પા ખોના (૩૦) નિતિન જયંતિલાલ બજરિયા (૩૧) શીરીષ ઉદેશી (૩૨) અરવિંદ કામદાર (૩૩) તાહેર ઔરંગાબાદવાલા (૩૪) શીરીન ઔરંગાબાદવાલા (૩૫) જ્યોત્સના ગાંધી (૩૬) ઈનાક્ષી દલાલ (૩૭) હિના દલાલ (૩૮) રમેશ દલાલ (૩૯) ડો. પ્રકાશ કટકિયા (૪૦) ધીરેન્દ્ર મુલરાજ (૪૧) ગીતા ઉદેશી (૪૨) પ્રતિમા ઉદેશી (૪૩) અબ્દુલ્લા એફ. મુનીમ (૪૪) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૪૫) નયના ગિરીશ મિસ્ત્રી (૪૬) મહેશ દોશી (૪૭) વિજય આસર (૪૮) હિરલ શાહ (૪૯) કમલ માતલિયા

# ટીસીએસના નબળા પરિણામથી કથળેલા સેન્ટિમેન્ટ વચ્ચે નિફ્ટી ૨૫,૧૫૦ની નીચે સરક્યો, આઇટી અને ઓટો શેરોમાં ધોવાણ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ ટેરિફ વોરની અસર તેમ જ ટીસીએસના નબળા પરિણામથી કથળેલા સેન્ટિમેન્ટ વચ્ચે નિફ્ટી ૨૫,૧૫૦ની નીચે સરક્યો હતો. સતત ત્રીજા સત્રમાં પીછેહઠમાં સેન્સેક્સ અને નિફ્ટી બંનેમાં એકાદ ટકા જેવો ઘટાડો જોવા મળ્યો છે. ખાસ કરીને આઇટી, ઓટો અને એનર્જી શેરોમાં વેચવાલીનું દબાણ વધુ રહ્યું હતું.

સેન્સેક્સ ૬૮૯.૮૧ પોઇન્ટ અથવા તો ૦.૮૩ ટકા ગબડીને ૮૨,૫૦૦.૪૭ની સપાટી પર બંધ થયો હતો. સત્ર દરમિયાન તે ૭૪૮.૦૩ પોઇન્ટ અથવા તો ૦.૮૯ ટકા તૂટીને ૮૨,૪૪૨.૨૫ પોઇન્ટની નીચી સપાટીને અથડાયો હતો. જ્યારે એનએસઇનો બેન્ચમાર્ક નિફ્ટી ૨૦૫.૪૦ પોઇન્ટ અથવા તો ૦.૮૧ ટકા તૂટીને ૨૫,૧૪૯.૮૫ પોઇન્ટની સપાટીએ સ્થિર થયો હતો.

પ્રથમ કાવર્ટરની કમાણીની મોસમની નબળી શરૂઆત અને યુએસ દ્વારા કેનેડા પર ૩૫ ટકા ટેરિફ લાદવાની ટેરિફ ધમકીને કારણે સ્થાનિક બજારમાં નકારાત્મક અસર જોવા મળી. નજીકના ગાળામાં, વર્તમાન પ્રીમિયમ મૂલ્યાંકન અને ઓછા ખર્ચ અને ટેરિફ અનિશ્ચિતતા જેવા વૈશ્વિક અવરોધો નવા પ્રવાહને અટકાવી શકે છે. ઓર્ડર અને નવા રોકાણોમાં વિલંબ, નાણાકીય વર્ષ ૨૦૨૬ કમાણીના અંદાજોને અસર કરી શકે છે એવી ચર્ચા વચ્ચે આઇટી શેરોમાં વેચવાલી વધુ રહી હોવાથી તેના ઇન્ડેક્સની કામગીરી નબળી રહી હોવાનું જિયોજિત ઇન્વેસ્ટમેન્ટ્સના રિસર્ચ હેડ વિનોદ નાયરે જણાવ્યું હતું.

સેન્સેક્સના શેરોમાં મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા, ભારતી એરટેલ, ટાટા મોટર્સ, ટાઇટન, એચસીએલ ટેકનોલોજી, બજાજ ફાઇનાન્સ, રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ, ટ્રેન્ટ, ઇન્ફોસિસ અને એચડીએફસી બેન્કનો સમાવેશ ટોચના ઘટનારા શેરોમાં હતો. એચયુએલની પ્રથમ મહિલા સીઇઓ અને એમડી પ્રિયા નાયર બનશે એવી જાહેરાત બાદ તેના શેર ૪.૬૧ ટકા વધ્યા હતા. અન્ય સૌથી વધુ વધનારા શેરોમાં એક્સિસ બેન્ક, એનટીપીસી, એટર્નલ અને સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયાનો સમાવેશ હતો.



ટાટા કન્સલ્ટન્સી સર્વિસિસે નબળા પરિણામ જાહેર કર્યા હોવાથી તેના શેરમાં ૩.૪૬ ટકા સુધીનો ઘટાડો જોવા મળ્યો હતો. ટીસીએસે બજારની અપેક્ષા કરતા નબળા પરિણામ જાહેર કર્યા હતા. ગ્લેન્માર્ક ફાર્માનો શેર દસ ટકા ઉછળીને ઉપલી સર્કિટમાં પહોંચ્યો હતો. ઝી એન્ટરટેન્મેન્ટ એન્ટરપ્રાઇસના શેરધારકોએ પ્રમોટર ગ્રુપ એન્ટીટી પાસેથી રૂ. ૨૨૩૭.૪૪ કરોડ ઉઘરાવીને તેમનું શેરહોલ્ડિંગ ૧૮.૪૦ ટકા સુધી લઇ જવાનો પ્રસ્તાવ નામંજૂર કર્યો હતો. ટેસ્લા પહેલુ એક્સપિરિઅન્સ સેન્ટર આવતા સપ્તાહે ખોલશે. નિપ્પોનપ્લાઇ વિસ્તરણ પાછળ રૂ. ૨૫૦ કરોડનું રોકાણ કરશે.

આઇનોક્સ કલીન એનર્જીએ પ્રારંભિક જાહેર ઓફર (આઇપીઓ) દ્વારા રૂ. ૬,૦૦૦ કરોડ એકત્ર કરવા માટે બજાર નિયમનકાર સેબી સમક્ષ ગુપ્ત ધોરણે ડ્રાફ્ટ પેપર્સ ફાઇલ કર્યા હોવાનું બજારના સાધનોએ જણાવ્યું છે. આ સંભવિત રીતે સ્વચ્છ ઊર્જા અને નવીનીકરણીય ક્ષેત્રનો સૌથી મોટો ભારતીય આઇપીઓ બની શકે છે. આ કોન્ફીડેન્શિયલ ભરણા મારફત દસ ટકાથી વધુના પ્રસ્તાવિત ઇક્વિટી ઘટાડા સાથે, કંપની લગભગ રૂ. ૫૦,૦૦૦ કરોડના બજાર મૂડીકરણનું લક્ષ્ય ધરાવે છે. ફ્રેન્કલિન ટેમ્પલટને ફ્રેન્કલિન ઇન્ડિયા મલ્ટી એસેટ એલોકેશન ફંડ લોન્ચ કર્યું, જે ઓપન એન્ડેડ મલ્ટી એસેટ એલોકેશન ફંડ છે અને ઇક્વિટી, ડેટ અને કોમોડિટીઝમાં રોકાણ કરશે. નવી ફંડ ઓફર ૨૫ જુલાઈના રોજ બંધ થશે.

એફએમસીજી ઇન્ડેક્સ ૦.૫ ટકા વધ્યો હતો અને ફાર્મા ઇન્ડેક્સ ૦.૭ ટકા વધ્યો હતો, આ સિવાય, અન્ય તમામ ક્ષેત્રીય સૂચકાંકો નેગેટિવ ઝોનમાં બંધ થયા હતા, જેમાં ઓટો, આઇટી, મીડિયા, ઓઇલ એન્ડ ગેસ, કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ, કેપિટલ ગુડ્સ, રિયલ્ટી, ટેલિકોમ દરેકમાં એક ટકાનો ઘટાડો થયો છે.

નિફ્ટીમાં સૌથી વધુ ઘટાડો ટીસીએસ, બજાજ ઓટો, એમએન્ડએમ, હીરો મોટોકોર્પ, વિપ્રો જેવા શેરોમાં થયો હતો, જ્યારે તેમાં વધારો એચયુએલ, એસબીઆઇ લાઇફ ઇન્શ્યોરન્સ, કોટક મહિન્દ્રા બેંક, એક્સિસ બેંક, ઇન્ડસઇન્ડ બેંક જેવા શેરોમાં થયો હતો. સેબીના પ્રતિબંધ પછી, જેન સ્ટ્રીટ આવકવેરા વિભાગ દ્વારા તપાસનો સામનો કરી શકે છે.

સ્ટોક-સ્પેસિફિક કાર્યવાહીમાં, પ્રથમ ક્વાર્ટરના નબળા આંકડા પછી ટાટા એલેક્સીના શેર ૧.૫૦ ટકા ઘટ્યા, આનંદ રાઠીના શેર પ્રથમ ક્વાર્ટરમાં નફામાં ૨૮ ટકા વધારો જાહેર થતાં તેના સેર ચાર ટકા ઊછળ્યા, ગ્લેનમાર્ક ફાર્માએ તેની કેન્સર દવા માટે મેગા લાઇસન્સિંગ ડીલ પછી ૧૪ ટકા ઉછળીને રેકોર્ડ ઉચ્ચ સ્તરે પહોંચી ગયા, ઇરેડિઆના શેર, પ્રથમ ક્વાર્ટરના નફામાં ૩૬ ટકા ઘટાડો થતાં ૫.૬૦ ટકા તુટયા હતા, ઝી એન્ટરટેઇનમેન્ટના શેરધારકોએ પ્રમોટરોના હિસ્સામાં વધારો કરવાના પ્રસ્તાવને નકારી કાઢ્યો હોવાથી તેના શેર ૩.૬૦ ટકા તૂટ્યા હતા.

એશિયન બજારોમાં, દક્ષિણ કોરિયાનો કોસ્પી, જાપાનનો નિક્કી ૨૨૫ ઇન્ડેક્સ નીચા મથાળે બંધ રહ્યો હતો, જ્યારે શાંઘાઈનો એસએસઇ કમ્પોઝિટ ઇન્ડેક્સ અને હોંગકોંગનો હેંગસેંગ ઊંચી સપાટીએ બંધ રહ્યો હતો. યુરોપિયન બજારો નીચા સ્તરે ટ્રેડ થઈ રહ્યા હતા. ગુરુવારે યુએસ બજારો સકારાત્મક વલણ સાથે બંધ થયા હતા.

ગ્લોબલ ઓઇલ બેન્ચમાર્ક બ્રેન્ટ ક્રૂડ ૦.૩૧ ટકા વધીને ૬૮.૮૫ ડોલર પ્રતિ બેરલ બોલાયું હતું. એક્સચેન્જ ડેટા અનુસાર, ગુરુવારે વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફઆઇઆઇ)એ રૂ. ૨૨૧.૦૬ કરોડના ઇક્વિટી ખરીદ્યા હતા. ગુરુવારે, સેન્સેક્સ ૩૪૫.૮૦ પોઈન્ટ અથવા ૦.૪૧ ટકા ઘટીને ૮૩,૧૯૦.૨૮ પર સ્થિર થયો હતો. તેવી જ રીતે, નિફ્ટી ૧૨૦.૮૫ પોઈન્ટ અથવા ૦.૪૭ ટકા ઘટીને ૨૫,૩૫૫.૨૫ પર બંધ થયો હતો. ■

### કેનેડા પર ૩૫ ટકા ટૅરિફની ટ્રમ્પની જાહેરાતથી ટ્રેડ વૉર વકરવાની ભીતિ

# વૈશ્વિક ચાંદી એક ટકા જેટલી ઉછળતાં સ્થાનિકમાં ₹ ૨૩૫૬ની તેજી સાથે ભાવ ૧.૧૦ લાખની પાર, સોનામાં ₹ ૪૬૫નો સુધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે ગઈકાલે કેનેડાથી થતી આયાત સામે ૩૫ ટકા ટૅરિફ લાદવાની જાહેરાત કરવાની સાથે અન્ય વેપારી ભાગીદાર દેશો પર પણ ઊંચી ટૅરિફ લાદવામાં આવે તેવી શક્યતાને ધ્યાનમાં લેતા વૈશ્વિક સ્તરે ટ્રેડ વૉર વકરવાની ભીતિ સપાટી પર આવી હતી. આથી આજે લંડન ખાતે સત્રના આરંભે રોકાણકારોની સોના અને ચાંદીમાં સલામતી માટેની માગ પ્રબળ રહેતાં ભાવમાં તેજીનું વલણ જોવા મળ્યું હતું, જેમાં હાજરમાં સોનાના ભાવમાં ૦.૬ ટકા અને ચાંદીના ભાવ એક ટકા જેટલા ઉછળી આવ્યા હતા. આમ વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલ ઉપરાંત સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો ૧૦ પૈસા નબળો પડ્યો હોવાથી આયાત પડતરોમાં વધારો થતાં સ્થાનિક ઝવેરી બજારમાં સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૪૬૪થી ૪૬૫નો સુધારો આગળ વધ્યો હતો, જ્યારે ચાંદીના ભાવ કિલોદીઠ રૂ. ૨૩૫૬નાં ઉછાળા સાથે રૂ. ૧.૧૦ લાખની સપાટી પાર કરી ગયા હતા.



બજારનાં સાધનોના જણાવ્યા અનુસાર આજે વિશ્વ બજારમાં ચાંદીના ભાવ ૧.૧ ટકા વધીને ઔંસદીઠ ૩૭ ડૉલરની સપાટી કુદાવી ગયાના નિર્દેશો સાથે ૯૯૯ ટચ ચાંદીમાં સ્ટોકિસ્ટોની સટ્ટાકીય લેવાલી ઉપરાંત ઔદ્યોગિક વપરાશકારો તથા જ્વેલરી ઉત્પાદકોની માગને ટેકે વેરારહિત ધોરણે ભાવ ગઈકાલના બંધ સામે કિલોદીઠ રૂ. ૨૩૫૬ના ઉછાળા સાથે રૂ. ૧,૧૦,૨૯૦ના મથાળે રહ્યા હતા. વધુમાં સોનામાં પણ વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલ અને રૂપિયાની નબળાઈ સાથે તેજીનું વલણ જળવાઈ રહેતાં વેરારહિત ધોરણે ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૪૬૪ વધીને રૂ. ૯૭,૧૨૧ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૪૬૫ વધીને રૂ. ૯૭,૫૧૧ના મથાળે રહ્યા હતા. જોકે, સ્ટોકિસ્ટો અને રોકાણકારોની છૂટીછવાઈ લેવાલીને બાદ કરતાં જ્વેલરી ઉત્પાદકો અને રિટેલ સ્તરની માગ શુષ્ક રહી હોવાનું સૂત્રોએ ઉમેર્યું હતું.

દરમિયાન આજે લંડન ખાતે સત્રના આરંભે ટ્રેડ વૉર વકરવાની ભીતિ હેઠળ સોનામાં રોકાણકારોની સલામતી માટેની માગને ટેકે હાજરમાં સોનાના ભાવ ગઈકાલના બંધ સામે ૦.૬ ટકા વધીને ઔંસદીઠ ૩૩૪૪.૦૨ ડૉલર તથા વાયદામાં ભાવ ૦.૯ ટકા વધીને ૩૩૫૫ ડૉલર અને હાજરમાં ચાંદીના ભાવ ગઈકાલના બંધ સામે ૧.૧ ટકાની તેજી સાથે ઔંસદીઠ ૩૭.૪૩ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. તાજેતરમાં ટ્રમ્પની ટૅરિફ અંગેની જાહેરાતોને ધ્યાનમાં લેતા રોકાણકારો જોખમી અસ્ક્યામતોથી દૂર થઈને સોના અને ચાંદી જેવી સલામત અસ્ક્યામતો તરફ વળી રહ્યા છે અને હાલના તબક્કે જોવા મળતાં કોઈપણ ઘટાડાને રોકાણકારો ખરીદીની તક માની રહ્યા હોવાનું સ્વિસક્વૉટના વિશ્લેષક આલ્બર્ટો ડે કાસાએ જણાવ્યું હતું.

ગત બુધવારે અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે અમેરિકામાં થતી કોપરની આયાત પર અને બ્રાઝિલથી થતી આયાત સામે ૫૦ ટકા ટૅરિફ લાદવાની જાહેરાત કર્યા બાદ ગઈકાલે ગુરુવારે કેનેડાથી થતી આયાત સામે ૩૫ ટકા ટૅરિફની જાહેરાત કરી હતી અને અન્ય વેપારી ભાગીદાર દેશો પર ૧૫ અથવા ૨૦ ટકા ટૅરિફ લાદવાની ધમકી ઉચ્ચારી હતી. તેમ જ જણાવ્યું હતું કે શુક્રવાર સુધીમાં યુરોપિયન યુનિયનને પણ ટૅરિફ અંગેના પત્રો મળી જશે. આમ એકંદરે વેપારને લગતા તણાવમાં વધારો થવાથી વૈશ્વિક આર્થિક વૃદ્ધિ કથળવાની ભીતિને કારણે સોનાચાંદીમાં સલામતી માટેની માગનો ટેકો મળી રહ્યો છે. તેમ જ ફેડરલ રિઝર્વ હળવી નાણાનીતિ અપનાવે તેવો આશાવાદ સોનાની તેજીને વધુ ઈંધણ પૂરું પાડી રહ્યો હોવાનું એએનઝેડના વિશ્લેષકે એક નોટ્સમાં જણાવ્યું હતું.

દરમિયાન ગઈકાલે ફેડરલ રિઝર્વના ગવર્નર ક્રિસ્ટોફર વૉલરે આ મહિનાના અંતની નીતિવિષયક બેઠકમાં ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં કાપ મૂકે તેવી શક્યતા વ્યક્ત કરી હતી, જ્યારે સાન ફ્રાન્સિસ્કો ફેડના પ્રમુખ મેરી ડેલેએ આ વર્ષના અંત સુધીમાં ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં બે વખત કાપ મૂકે તેવો આશાવાદ વ્યક્ત કર્યો હતો. ■

# ડૉલર ઈન્ડેક્સ અને બ્રેન્ટ ક્રૂડતેલ વધતાં રૂપિયો ૧૦ પૈસા નરમ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ આંતરરાષ્ટ્રીય બજારમાં આજે બ્રેન્ટ ક્રૂડતેલ અને ડૉલર ઈન્ડેક્સમાં સુધારાતરફી વલણ ઉપરાંત સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં આજે પીછેહઠ જળવાઈ રહી હોવાથી સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના બંધ સામે ૧૦ પૈસા નબળો પડીને ૮૫.૮૦ના મથાળે બંધ રહ્યો હતો. જોકે, ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૨૨૧.૦૬ કરોડની ચોખ્ખી લેવાલી રહી હોવાથી રૂપિયામાં ધોવાણ મર્યાદિત રહ્યું હોવાનું ફોરેક્સ ટ્રેડરોએ જણાવતા ઉમેર્યું હતું કે અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે કેનેડાથી થતી આયાત સામે ૩૫ ટકા ટૅરિફ લાદી હોવાના અહેવાલને કારણે પણ આજે અમુક અંશે બજારનું સેન્ટિમેન્ટ ખરડાયું હતું.



બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૮૫.૭૦ના બંધ સામે નરમાઈના અન્ડરટોને ૮૫.૭૬ના મથાળે ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૫.૯૧ અને ઉપરમાં ૮૫.૭૬ની રેન્જમાં રહ્યા બાદ ૧૦ પૈસાના ઘટાડા સાથે ૮૫.૮૦ની સપાટીએ બંધ રહ્યો હતો. નોંધનીય બાબત એ છે કે ગઈકાલે ડૉલર સામે રૂપિયામાં ત્રણ પૈસાનો સુધારો નોંધાયો હતો.

હાલના તબક્કે વૈશ્વિક સ્તરે ટૅરિફની અનિશ્ચિતતાના માહોલમાં ટ્રેડ વૉરની ભીતિને કારણે જોખમી પરિબળોનો વધારો થવાથી આગામી ટૂંકા સમયગાળા દરમિયાન ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ રહેતાં રૂપિયો દબાણ હેઠળ રહે તેવી શક્યતા વ્યક્ત કરતા મિરે એસેટ શૅરખાનના વિશ્લેષક અનુજ ચૌધરીએ જણાવતાં ઉમેર્યું હતું કે આગામી દિવસોમાં ડૉલર સામે રૂપિયો ૮૫.૫૫થી ૮૬.૨૫ની રેન્જમાં રહી શકે છે.

દરમિયાન આજે વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૦.૩૪ ટકા વધીને બેરલદીઠ ૬૮.૮૭ આસપાસ અને ડૉલર ઈન્ડેક્સ ગઈકાલના બંધ સામે ૦.૧૩ ટકા વધીને ૯૭.૭૭ આસપાસ ક્વૉટ થઈ રહ્યો હતો, જ્યારે સ્થાનિક સ્તરે બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં અનુક્રમે ૬૮૯.૮૧ પૉઈન્ટનો અને ૨૦૫.૪૦ પૉઈન્ટનો ઘટાડો આવ્યો હતો. જોકે, ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૨૨૧.૦૬ કરોડની ચોખ્ખી વેચવાલી રહી હોવાથી રૂપિયામાં ધોવાણ મર્યાદિત રહ્યું હોવાનું સૂત્રોએ ઉમેર્યું હતું. ■

# ધાતુમાં માગ અનુસાર મિશ્ર વલણ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ વૈશ્વિક વિનિમય બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ ઉપરાંત ટ્રેડ વૉરની ચિંતા વચ્ચે આજે લંડન મેટલ એક્સચેન્જ ખાતે કોપર સહિતની ધાતુઓના ભાવમાં સાંકડી વધઘટે ટકેલું વલણ રહ્યું હોવાના નિર્દેશો છતાં આજે સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં ખાસ કરીને ટીન, નિકલ, બ્રાસ શીટ કટિંગ્સ અને કોપર વાયરબારમાં સ્ટોકિસ્ટોની આક્રમક વેચવાલીનું દબાણ રહેતાં ભાવમાં અનુક્રમે કિલોદીઠ રૂ. ૨૯, રૂ. ૧૩, રૂ. ૧૦ અને રૂ. સાતનો તથા નિરસ માગે કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપમાં કિલોદીઠ રૂ. એકનો ઘટાડો આવ્યો હતો, જ્યારે ઝિન્ક સ્લેબમાં સ્ટોકિસ્ટોની માગને ટેકે ભાવ કિલોદીઠ રૂ. પાંચ અને વપરાશકાર ઉદ્યોગની માગને ટેકે લીડ ઈન્ગોટ્સ, કોપર કેબલ સ્ક્રેપ, કોપર સ્ક્રેપ હેવી અને કોપર આર્મિચરમાં કિલોદીઠ રૂ. એકથી બેનો સુધારો આવ્યો હતો અને અન્ય ધાતુઓમાં ટકેલું વલણ રહ્યું હતું.



બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં મુખ્યત્વે ટીન, નિકલ, બ્રાસ શીટ કટિંગ્સ અને કોપર વાયરબારમાં સ્ટોકિસ્ટોની આક્રમક વેચવાલીનું દબાણ ઉપરાંત ભાવઘટાડાના માહોલમાં સાર્વત્રિક સ્તરેથી માગ નિરસ રહેતાં ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૨૯ ઘટીને રૂ. ૨૯૦૬, રૂ. ૧૩ ઘટીને રૂ. ૧૩૨૨, રૂ. ૧૦ ઘટીને રૂ. ૫૯૮ અને રૂ. સાત ઘટીને રૂ. ૮૯૬ના મથાળે રહ્યા હતા, જ્યારે નિરસ માગે કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. એક ઘટીને રૂ. ૭૬૩ના મથાળે રહ્યા હતા.

વધુમાં આજે ઝિન્ક સ્લેબમાં સ્ટોકિસ્ટોની લેવાલીને ટેકે ભાવ કિલોદીઠ રૂ. પાંચ ઘટીને રૂ. ૨૬૪ના મથાળે રહ્યા હતા, જ્યારે છૂટીછવાઈ સાર્વત્રિક સ્તરેથી માગને ટેકે કોપર કેબલ સ્ક્રેપ અને કોપર આર્મિચરના ભાવ કિલોદીઠ રૂ. બે વધીને અનુક્રમે રૂ. ૮૫૩ અને રૂ. ૮૩૦ તથા કોપર સ્ક્રેપ હેવી તથા લીડ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. એક વધીને અનુક્રમે રૂ. ૮૪૨ અને રૂ. ૧૮૫ના મથાળે રહ્યા હતા.

જોકે, આજે બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપ અને એલ્યુમિનિયમમાં ખપપૂરતી માગને ટેકે ભાવમાં ટકેલું વલણ રહ્યું હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. ■

# મથકો પર સ્મોલ ગ્રેડની ખાંડમાં ધીમો સુધારો છતાં સ્થાનિકમાં મર્યાદિત માગે ટકેલું વલણ

નવી મુંબઈઃ મહારાષ્ટ્રની ખાંડ મિલો પર સ્થાનિક તેમ જ દેશાવરોની માગ પ્રબળ રહેતા આજે સ્મોલ ગ્રેડની ખાંડનાં ટેન્ડરોમાં વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦ના સુધારા સાથે રૂ. ૩૭૪૦થી ૩૭૮૦માં થયાના પ્રોત્સાહક અહેવાલ છતાં આજે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં સ્ટોકિસ્ટોની લેવાલી ઉપરાંત રિટેલ સ્તરની માગ જળવાઈ રહેતાં હાજરમાં તેમ જ નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારોની માગને ટેકે ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું.



બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ અને રિટેલ સ્તરની માગને ટેકે આવક સામે ઉપાડ જળવાઈ રહ્યો હતો. તેમ જ માગને ટેકે હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૮૮૬થી ૩૯૪૨માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૯૪૬થી ૪૦૩૨માં ગુણવત્તાનુસાર ટકેલા ધોરણે થયા હતા. વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે પણ ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની એકંદરે માગ જળવાઈ રહેતાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૮૧૦થી ૩૮૩૦માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૮૭૦થી ૩૯૦૦માં ટકેલા ધોરણે થયા હતા. ■

# કોપરેલ તેલના ભાવમાં વધારોઃ આયાત મંજૂરી માટે ઉદ્યોગનો અનુરોધ

નવી દિલ્હીઃ તાજેતરમાં સ્થાનિકમાં કોપરેલ તેલના ભાવમાં ગત સાલની સરખામણીમાં ત્રણ ગણો વધારો થયો હોવાથી સ્થાનિક ખાદ્યતેલ ઉદ્યોગના સંગઠન સોલ્વન્ટ એક્સ્ટ્રેક્ટર્સ એસોસિયેશને સરકારને આગામી ટૂંકા સમયગાળા માટે કોપરા અને કોપરેલ તેલની આયાત માટે મંજૂરી આપવાનો અનુરોધ કર્યો છે.

એસોસિયેશને હાલની કટોકટી નિવારવા અને ગ્રાહકોનો કોપરેલ તેલમાં રસ જળવાઈ રહે તે માટે છથી ૧૨ મહિનાના વચગાળાના સમયગાળા માટે આયાત મંજૂરી આપવા અમે સરકારને અરજ કરી હોવાનું એસોસિયેશને જણાવતાં ઉમેર્યું હતું કે અમે સરકારને તાકીદના ધોરણે કોપરેલ તેલ અને કોપરાની આયાત મંજૂરી માટે તમામ સંબંધિત મંત્રાલયોને પત્ર લખીને અનુરોધ કર્યો છે.

એસોસિયેશનના જણાવ્યાનુસાર પેસ્ટ એટેકને કારણે છેલ્લાં બે વર્ષથી દેશમાં નારિયેળની ઊપજમાં ૪૦ ટકા જેટલો ઘટાડો થવાથી ઉત્પાદન ઘટ્યું છે અને નારિયેળનું ઉત્પાદન ઘટવાથી દેશમાં હોલસેલ ધોરણે કોપરેલ તેલના ભાવ જે ગત સાલ કિલોદીઠ રૂ. ૧૩૦ આસપાસ હતા તે હાલમાં વધીને કિલોદીઠ રૂ. ૪૦૦ની સપાટી સુધી પહોંચ્યા હોવાથી ગ્રાહકો અન્ય પામતેલ અને સનફ્લાવર તેલ જેવાં વૈકલ્પિક તેલ તરફ વળી રહ્યા છે.

જો દેશમાં કોપરેલ તેલની માગ અન્ય તેલ તરફ કાયમી ધોરણે વળી ગઈ તો તેની માઠી અસર અન્ય ખાદ્યતેલ પર પણ પડશે અને આયાત નિર્ભરતામાં વધારો કરશે. આથી એસોસિયેશને આ સંદર્ભની રજૂઆત કૃષિ પ્રધાન શિવરાજસિંહ ચૌહાણ, વાણિજ્ય પ્રધાન પીયૂષ ગોયલ અને અનાજ તથા ગ્રાહક બાબતોના ખાતાના પ્રધાન પ્રલ્હાદ જોશીને કરવામાં આવી છે.

વધુમાં એસોસિયેશને જણાવ્યું હતું કે જો આયાત માટે મંજૂરી આપવામાં આવશે તો ખેડૂતો પર માઠી અસર નહીં પડે પરંતુ સ્થાનિકમાં ભાવમાં સ્થિરતા આવશે અને લાંબાગાળા માટે ખેડૂતોને ટેકો મળશે. નોંધનીય બાબત એ છે કે ડ્યૂટી સાથે થતી આયાતને ધ્યાનમાં લેતા ભાવ સ્થાનિક ભાવની સમકક્ષ જ રહેશે, પરંતુ પુરવઠામાં વધારો થશે, એમ એસોસિયેશને યાદીમાં ઉમેર્યું હતું. ■

# જાપાનની ગાર્મેન્ટની બજારમાં ચીન દ્વારા સર્જાયેલો અવકાશ ભારત સરભર કરી શકેઃ એઈપીસી

નવી દિલ્હીઃ જાપાનની ગાર્મેન્ટ બજારના હિસ્સામાં ચીનથી થતી નિકાસમાં થયેલા ઘટાડાને કારણે સર્જાયેલો અવકાશ ભારત સરભર કરી શકે તેમ છે, એમ એપરલ એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલ (એઈપીસી)એ તાજેતરમાં જણાવ્યું છે.

જાપાન ખાતે નિકાસને પ્રોત્સાહિત કરવા માટે અને જાપાનની અગ્રણી બ્રાન્ડો અને રિટેલ ચેઈન મારફતે રોકાણો આકર્ષિત કરવા માટે ટોકિયો ખાતે ઉચ્ચ સ્તરીય પ્રતિનિધિમંડળ જઈ રહ્યું છે જેનું નેતૃત્વ કાઉન્સિલ કરી રહ્યું છે. તેમ જ આ પ્રતિનિધિમંડળ ટોકિયો ખાતે આગામી ૧૫થી ૧૭ જુલાઈ દરમિયાન યોજાનાર 'ઈન્ડિયા ટેક્સ ટ્રેન્ડ ફેર'માં પણ ભાગ લેશે.

આ ટ્રેન્ડ ફેરમાં ૧૫૦ કરતાં વધુ ભારતીય એપરલ નિકાસકારો સહભાગી થઈને તેના વૈવિધ્યસભર એપરલ ઉત્પાદનોની વિશાળ શ્રેણી પ્રદર્શિત કરશે. કાઉન્સિલ ટોકિયો ખાતે ઉચ્ચ સ્તરીય પ્રતિનિધિમંડળ લઈ જઈને વેપાર અને રોકાણની તકો ખોળવાની સાથે જાપાનીઝ બ્રાન્ડ્સ અને રિટેલ ચેઈન સાથે બેઠક કરશે, એમ એઈપીસીનાં ચેરમેન સુધીર સેખરીએ જણાવતા ઉમેર્યું હતું કે જાપાનીઝ બજાર સાથે જોડાણો સઘન થતાં બન્ને દેશો વચ્ચેના મુક્ત વેપાર કરારનો પણ નોંધપાત્ર ઉપયોગ થશે.

જાપાન ખાતે રેડીમેડ ગાર્મેન્ટ્સની નિકાસમાં ચીન અગ્રણી સ્થાન ધરાવતું હતું અને હવે ચીનની જાપાન ખાતેની નિકાસમાં થયેલો ઘટાડો ભારત સરભર કરી શકે તેમ હોવાનું સેખરીએ જણાવ્યું હતું. પ્રાપ્ત આંકડાકીય માહિતી અનુસાર વર્ષ ૨૦૨૪માં ભારતની જાપાન ખાતે ગાર્મેન્ટની નિકાસ ૨૩.૪૫ કરોડ ટનની સપાટીએ રહી હતી. જોકે, ટોકિયોની ગાર્મેન્ટસની કુલ નિકાસ ૨૩ અબજ ડૉલરના સ્તરે રહી હતી તે જોતા ભારતનો હિસ્સો માત્ર એક ટકા જેટલો રહ્યો છે.

જાપાનની આયાતકર્તા કંપનીઓ મુખ્યત્વે ભાવ, ગુણવત્તા અને સમયસરતા પર વધુ ધ્યાન કેન્દ્રિત કરતી હોય છે અને આ અપેક્ષાઓ ભારતીય પુરવઠાકારો પૂરી પાડી શકવાની સ્થિતિમાં છે. ભારતીય નિકાસકારો ઉચ્ચ મૂલ્યવર્ધિત ૨૦૦ નંગ જેવા નાના ઓર્ડરથી લઈને એક જ પ્રકારના ત્રણ લાખ નંગ સુધીના મોટા ઓર્ડરો પણ પરિપૂર્ણ કરી શકે તેમ હોવાનું તેમણે ઉમેર્યું હતું. નોંધનીય બાબત એ છે કે ટોકિયો ખાતે આ ટ્રેન્ડ ફેરનું ઉદ્‌ઘાટન ટેક્સ્ટાઈલ પ્રધાન ગિરિરાજ સિંઘ દ્વારા થશે. ■



રાજકોટમાં ફૂડ વિભાગની ટીમ દ્વારા રોડ વિસ્તારમાં આવેલા ખાદ્યચીજોનું વેચાણ કરતાં ધંધાર્થીઓની ચકાસણી હાથ ધરવામાં આવી હતી. જેમાં ૭ ધંધાર્થીઓને લાઇસન્સ બાબતે સૂચના આપવામાં આવી હતી, તેમજ ખાદ્ય ચીજોના કુલ ૧૮ નમૂનાની સ્થળ પર ચકાસણી હાથ ધરી હતી. (પ્રવિણ સેદાણી)

# પોરબંદરના લકડીબંદર પુલની જર્જરિત હાલતઃ વાહન વ્યવહાર પર પ્રતિબંધ મુકાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વડોદરાના પાદરા તાલુકાના મુજપુર-ગંભીરા ખાતે બ્રિજ તૂટી પડવાની ઘટનામાં ૨૧ લોકોનાં મૃત્યુ થયાં હતાં. આ ઘટના બાદ રાજ્યભરમાં તંત્ર સફાળું જાગ્યું હતું અને વિવિધ શહેરોમાં બ્રિજની તપાસ શરૂ કરી હતી. પોરબંદર જિલ્લામાં આવેલા લકડીબંદર નજીકના પુલને જર્જરિત હાલતને કારણે વાહન વ્યવહાર માટે બંધ કરવામાં આવ્યો હતો. પોરબંદર જિલ્લામાં કુલ પાંચ જેટલા જર્જરિત પુલ આવેલા છે.

શહેરથી સુભાષનગર તરફ જતા રસ્તે આવેલો લકડીબંદર પુલ છેલ્લા પાંચ-સાત વર્ષથી જર્જરિત હાલતમાં હતો. જિલ્લા કલેક્ટરના નિરીક્ષણ બાદ ગુજરાત મેરીટાઈમ બોર્ડ દ્વારા શુક્રવારે સવારથી પુલને વાહન વ્યવહાર માટે બંધ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. લ પરથી માછલી ભરેલા વાહનોની સતત અવરજવર રહે છે. વૈકલ્પિક વ્યવસ્થા કર્યા વિના જ પુલ બંધ કરી દેવાતા માછીમારોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડશે. ■

# રાજકોટ લોકમેળાના રિવાઈઝડ પ્લાન અંગે કલેકટરે બેઠક યોજી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટ જિલ્લા કલેક્ટર અને લોકમેળા સમિતિ દ્વારા આગામી તા.૧૪ ઓગસ્ટથી રેસકોર્સ ગ્રાઉન્ડમાં યોજાનારા પાંચ દિવસીય લોકમેળાના રિવાઈઝડ પ્લાન બેઠક યોજવામાં આવી હતી. જેમાં પ્રાંત-૧ અધિકારી ચાંદની પરમાર તેમજ પ્રાંત-૨ અધિકારી મહેક જૈન સહિતના અધિકારીઓ અને લોકમેળા સમિતિના સદસ્યો ઉપસ્થિત રહ્યા હતા. લોકમેળા માટે આ વખતે સ્ટોલના ૧૩૫ જેટલા ફોર્મનો ઉપાડ થયા બાદ ૨૭ ફોર્મ ભરાઈને સબમિટ થયા હતા. ૨૩૮ સ્ટોલ સામે હજુ પૂરતી સંખ્યામાં ફોર્મ સબમિટ થયા ન હોય વહીવટી તંત્ર હરકતમાં આવ્યું હતું. બીજી તરફ કલેક્ટર ડો. ઓમ પ્રકાશ દ્વારા સ્ટોલ અને નાની રાઈડસ સંચાલકો માટે ફોર્મની મુદત વધુ પાંચ દિવસ લંબાવવાની જાહેરાત કરવામાં આવી હતી.મોટી રાઈડસ સંચાલકો માટે આજે ફોર્મ સબમિટ કરવાની અંતિમ તારીખ હોય મોટી રાઈડસ માટે હજુ સુધી ફોર્મ સબમિટ થવાં પામ્યાં નહોતા. મોટી રાઈડસ સંચાલકો ગાંધીનગર દોડી ગયા હતા અને રાઈડસની એસઓપીમાં છૂટછાટ આપવાની માગણી સાથે યાંત્રીક વિભાગના સચિવને રજૂઆત કરી હતી.■

# ચાંદીપુરા વાયરસ સંશોધન માટે આઈસીએમઆરની ટીમના ભાવનગરમાં ધામા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં ચાંદીપુરા વાયરસના રિસર્ચ માટે ચાર જિલ્લાઓની પસંદગી કરવામાં આવી હતી. આ જિલ્લાઓમાં ભાવનગર, રાજકોટ, પંચમહાલ અને વલસાડનો સમાવેશ થાય છે. જે અંતર્ગત ઇન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ ની પાંચ વૈજ્ઞાનિકો અને એક લાયઝન ઓફિસરની ટીમ બે દિવસ માટે ભાવનગરની મુલાકાતે આવી હતી. આ ટીમ ચાંદીપુરા વાયરસના સંશોધન માટે મેડિકલ કોલેજ અને સર ટી હોસ્પિટલની મુલાકાત લીધી હતી.

સૂત્રોએ જણાવ્યું કે, ગત વર્ષે મગજના તાવના કારણે બાળકોનાં મૃત્યુ થયાં હતાં. તેના આધારે રિસર્ચ તૈયાર કરી કમિટી બનાવવામાં આવી હતી. હાલ ભાવનગર જિલ્લામાં એક પણ કેસ નોંધાયો નથી. તેમણે વધુમાં જણાવ્યું કે બાળકોને ભારે તાવ આવે ત્યારે જાતે દવા લેવાને બદલે ડોક્ટરનો સંપર્ક કરવો જરૂરી છે.

મુલાકાત દરમિયાન ભાવનગર મેડિકલના ડિન ડો.ચિન્મય શાહ, મેડિકલ સુપરિટેન્ડેન્ટ જિજ્ઞાબેન ત્રિવેદી અને પીએમએસએસવાયના નોડલ ઓફિસર સમીર શાહ પણ હાજર રહ્યા હતા. ■

# અંજાર વિસ્તારમાં સંગઠિત ગુના આચરતી કુખ્યાત ટોળકી સામે પોલીસ દ્વારા ગુજસીટોકનો ગુનો દાખલ કરાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ પૂર્વ કચ્છના અંજાર વિસ્તારમાં કુખ્યાત વ્યાજખોર ભાઈ-બહેનની ત્રિપુટી વિરુદ્ધ પોલીસે ગુજસીટોકનો ગુનો દાખલ કર્યો હતો, એ દરમ્યાન ઓર્ગેનાઇઝડ ક્રાઇમ સિન્ડીકેટ (સંગઠિત ગુના આચરતી ટોળકી) સામે વધુ એક ગુજસીટોકની કડક કાર્યવાહી હાથ ધરાતાં આવા માથાભારે તત્ત્વોમાં ફફડાટ પ્રસર્યો છે.પૂર્વ કચ્છમાં શરૂઆતમાં બી-ડિવિઝન પોલીસ દ્વારા કિડાણાના શખ્સો વિરુદ્ધ ગુજસીટોકની કાર્યવાહી કરાઇ હતી,ત્યારે પોલીસવડા વિકાસ સહાયની સૂચના બાદ પોલીસવડા સાગર બાગમારનાં માર્ગદર્શન હેઠળ અંજાર પોલીસે અંજારમાં જુદી જુદી જગ્યાએ રહેતા વસંત રમેશ કોળી,



વસંત કોળી | શબ્બીર બાયડ | ફિરોજ લંઘા

અઝરુદ્દીન ઉર્ફે શબ્બીર નાઉમુદ્દીન બાયડ તથા ફિરોજ રમજુ લંઘા વિરુદ્ધ હાલમાં એક સ્પા સેન્ટરમાં કામ કરતી મહિલાઓ પર એસિડ એટેક સહિતની ભારેખમ કલમો તળે ગુનો નોંધ્યો હતો.

સંગઠિત ગુના આચરતી ટોળકી જે ધી ગુજરાત કન્ટ્રોલ ઓફ ટેરિરીઝમ એન્ડ ઓર્ગેનાઇઝ ક્રાઇમ એક્ટ-૨૦૧૫ મુજબની વ્યાખ્યામાં આવતા હોય, તેવી ટોળકી સામે કડક કાર્યવાહીના આદેશ બાદ પોલીસે આ ત્રણેય શખ્સનું ભૂતકાળ ચકાસ્યું હતું, જેમાં ત્રણેય સામે અગાઉ ધાડ, લૂંટ,જીવલેણ હુમલો, એસિડ એટેક, રાયોટિંગ, એટ્રોસિટી, મારામારી, ધાક-ધમકીના ગુના નોંધાયેલા હોવાનું બહાર આવ્યું હતું. વસંત કોળી સામે આઠ તથા દારૂ સંબંધી ૧૦ ગુના નોંધાયેલા છે.

અઝરુદ્દીન વિરુદ્ધ ચાર ગંભીર અને દારૂ સંબંધી ૧૫ ગુના પોલીસના ચોપડે ચડેલા છે, જ્યારે ફિરોજ સામે ચાર ગંભીર ગુના નોંધાયેલા છે. આ ત્રણેય શખ્સ એકબીજા સાથે મળી, સંકલનમાં રહીને આ રીતે ગુના આચરતા રહેતા હતા.

આ ત્રણેય શખ્સો વિરુદ્ધ પોલીસે ગુજસીટોકની કાર્યવાહી કરી ત્રણેયની ધરપકડ કરી છે તેમ અંજાર પી.આઇ. એ. આર. ગોહિલે જણાવ્યું હતું. ■

# ગોંડલમાં કરંટ લાગતાં બે વીજ કર્મચારીનાં કરુણ મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગોંડલની સબ જેલ સામે પીજીવીસીએલના કર્મચારી ફીડરમાં કામ કરી રહ્યા હતા, તે દરમિયાન અચાનક કરંટ લાગતાં બે કર્મચારીઓનાં મોત નીપજ્યાં હતાં. બંને યુવા કર્મચારીઓના મોતથી શોકનો માહોલ છવાયો હતો. મળતી માહિતી અનુસાર પીજીવીસીએલ દ્વારા છેલ્લા ચાર દિવસથી શ્રીહરિ ફીડરમાં રિપેરિંગ કામ ચાલી રહ્યું હતું.

આ કામમાં ૨૫ જેટલા કર્મચારીઓ જોતરાયેલા હતા, ત્યારે અચાનક વીજ પ્રવાહ ચાલુ થઇ જતાં ભગવાનસિંગ રામલાલ ભીલ (ઉ.વ.૨૨) અને સુરજકુમાર બનેસિંગ ભીલ (ઉ.વ.૨૦)ને કરંટ લાગવાથી મોત નીપજ્યાં હતાં. ઘટનાની જાણ થતાં ૧૦૮ એમ્બ્યુલન્સ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી, પરંતુ ત્યાં સુધીમાં બે યુવાનો જીવ ગુમાવી ચૂક્યા હતા. આ ઘટનાના પગલે સમગ્ર પંથકમાં શોકની કાલીમા છવાઇ ગઇ હતી. ■

# સૌરાષ્ટ્ર ચેમ્બર ઓફ કોમર્સની ૮૨મી વાર્ષિક સાધારણ સભા તા.૧૩ જુલાઈના રોજ યોજાશે

ભાવનગરઃ સૌરાષ્ટ્ર ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીની ગૌરવવંતી પ્રણાલી મુજબ ૮૨મી વાર્ષિક સાધારણ સભા તા.૧૩ જુલાઈને રવિવારના રોજ જી.કે.પારેખ બેન્કવેટ હોલ, રીંગ રોડ ભાવનગર ખાતે યોજાનાર છે. આ કાર્યક્રમન મુખ્ય મહેમાન પદે ભાવનગરના સાંસદ અને કેન્દ્રીય પ્રધાન નીમુબેન જેન્તીભાઈ બાંભણિયા ,પરષોત્તમભાઈ સોલંકી, મેયર ભરતભાઈ બારડ, ૨ ધારાસભ્ય જીતુભાઈ વાઘાણી , ધારાસભ્ય શ્રીમતિ સેજલબેન પંડ્યા સહીતનાં અનેક મહાનુભવો ઉપસ્થિત રહેનાર છે. આ વાર્ષિક સાધારણ સભામાં પોર્ટનો વિકાસ અને ભવિષ્યમાં પોર્ટ આધારિત વિકાસની સંભાવનાઓ વિષે ગુજરાત મેરીટાઇમ બોર્ડનાં પ્રતિનિધિ તથા ધોલેરાસરમાં પણ ખુબ મોટું રોકાણ આવી રહ્યું છે તેના કારણે ભાવનગરના અર્થતંત્રને તથા સમગ્ર રીજીયનના વિકાસની શું તકો ઉભી થશે તે વિશે ધોલેરાસરના પ્રતિનિધિ પ્રેઝન્ટેશનના માધ્યમથી વક્તવ્ય આપશે. ■



રાજકોટમાં કોંગ્રેસની ઓવરબ્રિજ અને અંડરબ્રિજના તાત્કાલિક સમારકામ કરવા કલેક્ટરને રજૂઆત કરવામાં આવી હતી. (પ્રવિણ સેદાણી)

# લાખાપરના સીમાડામાં ૧૫ હથિયારધારી ધાડપાડુઓએ ચોકીદારોને છરીની અણીએ બંધક બનાવી

## પવનચક્કીમાંથી ૨,૧૪,૭૪૦ના પુર્જાની લૂંટ આચરતાં ચકચાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કચ્છમાં ગુનાખોરીનો આંક સતત ઊંચો આવી રહ્યો છે. ખાસ કરીને પૂર્વ કચ્છના વાગડ પંથકમાં આવેલા અનેક દેવસ્થાનોમાં ચોરી, ઘરફોડ, લૂંટ, જેવા બનાવોને અંજામ આપીને નિશાચરોએ નાગરિકોમાં અસલામતીની ભાવના ઉભી કરી છે. તેવામાં ભચાઉ તાલુકાના લાખાપરની સીમમાં બે ચોકીદારોને બંધક બનાવી, તેમની ગરદન ઉપર રામપુરી ચાકુ મૂકીને ૧૫ જેટલા શખ્સોએ પવનચક્કીમાંથી રૂ. ૨,૧૪,૭૪૦ના સામાનની લૂંટને અંજામ આપતાં સમગ્ર વિસ્તારમાં ફફડાટ ફેલાઈ જવા પામ્યો હતો.

લાખાપર ગામની સીમમાં આવેલી વાંઢિયા સ્કાડા ઓફિસમાં ચોકીદાર તરીકે કામ કરનાર વિરમ હોથી કોળી ચોકીદારે નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, આ સીમ વિસ્તારમાં વેસ્ટાસ કંપનીની ૧૯ જેટલી પવનચક્કીઓ પર ડવ રિસર્ચ પ્રાઇવેટ લિમિટેડ સિક્યુરિટી સર્વિસના ચોકીદારો તૈનાત છે.

ગત ૮મી જુલાઈની રાત્રિના તે તથા મયૂર ચૌહાણ અને અજમલ ગમાર ફરજ પર હતા એ દરમ્યાન, પવનચક્કી નંબર વી.ડબલ્યુ.-૦ પાંચની કનેક્ટિવિટી બંધ થઇ હોવાની જાણકારી મળતાં તેઓ પવનચક્કી પાસે પહોંચ્યા હતા. અહીં ૧૫ જેટલા શખ્સ હાથમાં હથિયારો, ધોકા, વાયર કાપવાના કટર લઇને ઊભેલા દેખાયા હતા તે પૈકી ત્રણેક શખ્સ ચોકીદારો તરફ ધસી ગયા હતા. તેમને પકડીને ઢોરમાર મારી નીચે બેસાડી દીધા હતા અને છરી-કુહાડી લઇને ધસી આવેલા આ લૂંટારુઓએ ફરિયાદી તથા અજમલની ગરદન ઉપર રામપુરી ચાકુ મૂકી દીધો હતો.

આ બનાવ અંગે શિકારપુર સીમના ચોકીદાર હનીફ નૂરમામદ ત્રાયાને જાણ કરાઇ હતી. તેવામાં આ ચોકીદાર પાસેથી કાર નીકળી હતી જેમાં અકબર ગુલામશા શેખ, સુલતાન ગુલમામદ સમા તથા અન્ય આઠથી દશ શખ્સ બોલેરો પાછળ ઊભેલા જણાયા હતા તેમજ બોલેરોમાં આગળ શબીર કેસર કોરેજા હોવાનું અધિકારીઓને જણાવ્યું હતું. આ પવનચક્કીમાંથી નિશાચર ટોળકીએ ૪૩૦ મીટર કોપર વાયર તથા ૩૪ નંગ બસબાર એમ કુલ રૂ.૨,૧૪,૭૪૦ના સામાનની ચોરી કરવામાં આવી હતી. પોલીસે તમામ લૂંટારુઓને ટ્રેસ કરવા કામગીરી આરંભી છે. ■

# અદાણી સમૂહ એક મિલ્યન ટનની ક્ષમતાનો પીવીસી પ્લાન્ટ મુંદરામાં સ્થાપશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ દેશના અગ્રણી અદાણી સમૂહ દ્વારા સરહદી કચ્છના બંદરીય મુંદરા શહેર ખાતે વાર્ષિક ૧ મિલ્યન ટનની ક્ષમતા ધરાવતો પોલીવિનાઇલ ક્લોરાઇડ (પીવીસી) પ્લાન્ટ સ્થાપવાની કવાયત હાથ કરી છે.

આ વિશાળ પ્લાન્ટ દેશની પીવીસીની સતત વધતી જતી માગને પહોંચી વળવામાં અને આયાત પરની નિર્ભરતા ઘટાડવામાં અત્યંત મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. આ અંગે જાણવા મળતી વિગતો મુજબ, અદાણી જૂથની મુખ્ય કંપની, અદાણી એન્ટરપ્રાઇઝ લિમિટેડ, મુંદરામાં આ પેટ્રોકેમિકલ ક્લસ્ટર સ્થાપવા જઈ રહી છે.

આ ક્લસ્ટરમાં ૧ મિલિયન ટન વાર્ષિક ક્ષમતાનો પીવીસી ઉત્પાદન પ્લાન્ટ સામેલ હશે. ભારતની વાર્ષિક પીવીસીની માંગ અંદાજે ૪-૫ મિલ્યન ટન છે, જ્યારે સ્થાનિક ઉત્પાદન ક્ષમતા માત્ર ૧.૫૯ મિલ્યન ટન છે. આ મોટો પુરવઠાનો તફાવત દર્શાવે છે કે ભારત પોલીવિનાઇલ ક્લોરાઇડની આયાત પર મોટા પ્રમાણમાં નિર્ભર છે. અદાણીનો આ મહત્વકાંક્ષી પ્રકલ્પ આ પુરવઠાના તફાવતને ઘટાડવામાં અને દેશની આયાત નિર્ભરતા ઓછી કરવામાં મદદરૂપ થશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, પોલીવિનાઇલ ક્લોરાઇડ એક કૃત્રિમ પ્લાસ્ટિક પોલિમર છે. તેનો ઉપયોગ પાઈપ અને ફિટિંગથી માંડીને બારી-બારણાંની ફ્રેમ, કેબલ ઇન્સ્યુલેશન, વિનાઇલ ફ્લોરિંગ, દીવાલના આવરણ, ક્રેડિટ કાર્ડ્સ અને રમકડાં જેવા અસંખ્ય ઉત્પાદનો બનાવવા માટે થાય છે. અદાણી પોર્ટફોલિયોને બંદરો, વીજળી અને લોજિસ્ટિક્સ જેવા ક્ષેત્રોમાં મોટા પાયે ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને ઔદ્યોગિક પ્રોજેક્ટ્સને સફળતાપૂર્વક કમિશનિંગ અને સંચાલિત કરવાનો મજબૂત ટ્રેક રેકોર્ડ છે.આ ઉપરાંત, તેમની પાસે વિજ્ઞાન અને એન્જિનિયરિંગના સ્નાતકોની વિશાળ ટીમ પણ ઉપલબ્ધ છે, જે આ પ્રોજેક્ટના સફળ અમલીકરણમાં મદદરૂપ થશે.■

# ભાવનગરના પાલિતાણામાં ભાજપ નગરસેવકની ધરપકડ વડીલોપાર્જિત

## મિલકતમાં વૃદ્ધા, તેમની દીકરીને ધમકી આપતા ફરિયાદ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ જિલ્લાનાં પાલિતાણામાં ભાજપનાં નગરસેવક અને કારોબારી સમિતિનાં ચેરમેનની ધરપકડ કરવામાં આવી હતી.

વડીલોપાર્જિત મિલકત મામલે વૃદ્ધા અને તેમની દીકરીને ધમકી આપી હોવાનાં આરોપ સાથે ભાવનગર ના ભરતનગર પોલીસ મથકમાં ફરિયાદ થતાં પોલીસે બંનેની ધરપકડ કરી હતી.

આ બનાવવાની વિગતો એવી છે કે ભાવનગર જિલ્લાના પાલિતાણામાં વોર્ડ નંબર ૧ નાં ભાજપના નગરસેવક સાથે કારોબારી સમિતિનાં ચેરમેન વીનુભાઈ માંજરની ભાવનગરનું ભરતનગર પોલીસે ધરપકડ કરી હતી. ભરતનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી હતી કે વડીલોપાર્જિત મિલકત મામલે વૃદ્ધા અને તેમની દીકરીને ફોન કરી ધમકી આપવામાં આવી હતી.વડીલોપાર્જિત મિલકતમાં વૃદ્ધા, તેમની દીકરીને ધમકી આપતા ફરિયાદ થઈ હતી

આ મામલે પાલિતાણા ભાજપના નગરસેવક અને તેમના ભાઈ અને વૃદ્ધ મહિલાનાં દિયર સામે ગત ૧૬ મેનાં રોજ ભાવનગરના ભરતનગર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવવામાં આવી હતી. ■

# વિરમગામ, માંડલ, દેત્રોજ-રામપુરા ત્રણ તાલુકા સમસ્ત બ્રહ્મ સમાજના હોદ્દેદારોએ ગુરુપૂર્ણિમા નિમિત્તે સંતોના આશીર્વાદ મેળવ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વિરમગામ, માંડલ, દેત્રોજ-રામપુરા ત્રણ તાલુકા સમસ્ત બ્રહ્મ સમાજના હોદ્દેદારો દ્વારા ગુરુપૂર્ણિમા નિમિત્તે ત્રણ તાલુકા પંથકમાં આવેલા પંચમુખી હનુમાન મંદિર ખાખી બાપુ ગુરુગાદી વિરમગામ, શેર બાલા હનુમાન આશ્રમ, ખંભલાઈ માતા મંદિર માંડલ, કડવાસણ ઝાળી ગુરુગાદી, રામ મહેલ મંદિર વિરમગામ, પુરુષોત્તમ લાલજી મહારાજની જગ્યા વનથળ, ભાણ સાહેબની જગ્યા કમીજલા સહિત વિવિધ ધાર્મિક સ્થાનોની ગુરુગાદીએ દર્શન કર્યા હતા.

જેમાં ત્રણ તાલુકા બ્રહ્મ સમાજ પ્રમુખ મનુભાઈ મહેતા સહિત, દિલીપભાઈ ઉપાધ્યાય, વિરલભાઇ ચીનુપ્રસાદ દવે, નિલેશભાઈ ઉપાધ્યાય, જયદિપભાઇ પાઠક, મુકેશભાઈ દવે, ધર્મેન્દ્રભાઈ રાવલ, ધર્મેન્દ્રભાઈ જોશી સહિત બ્રહ્મ સમાજના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા, તેમજ શેર ગામે બાલા હનુમાનજી આશ્રમ ખાતે વંદનીય પરમ પૂજ્ય રાજેન્દ્ર પ્રસાદ શાસ્ત્રીજી દ્વારા ગુરુપૂર્ણિમા કાર્યક્રમ અંતર્ગત તમામ ઉપસ્થિત બ્રહ્મબંધુઓને શાલ ઓઢાડી સન્માનિત કરવામાં આવ્યા હતા, વિરમગામ રામ મહેલ મંદિરના મહંત રામકુવરદાસજીના આશીર્વાદ લીધા હતા, તે ઉપરાંત વનથળ ગામે પ્રગટ પુરુષોત્તમ લાલજી મહારાજના આશ્રમ ખાતે વંદનીય ભાર્ગવ લાલજી મહારાજની મુલાકાત સહિત કમીજલા ગામે ભાણ સાહેબની જગ્યામાં મહંત જાનકીદાસ બાપુના આશીર્વાદ લીધા હતા.

ત્રણ તાલુકા સમસ્ત બ્રહ્મ સમાજના પ્રમુખ મનુભાઈ મહેતા (જય ભગવાન) સહિતના બ્રહ્મબંધુઓ દ્વારા ત્રણ તાલુકા સમસ્ત બ્રહ્મ સમાજના મહાસંમેલન સહિત વિવિધ આગામી કાર્યો બાબતે ગુરુ મહારાજો સાથે ચર્ચા વિચારણા કરી. પ્રમુખ મનુભાઈ મહેતા ને પરમ પૂજ્ય રાજેન્દ્ર પ્રસાદ શાસ્ત્રીજી, મહંત રામકુવરદાસજી,પરમ પૂજ્ય ભાર્ગવ લાલજી મહારાજ તેમજ મહંત જાનકીદાસ બાપુ દ્વારા બ્રહ્મ સમાજના કોઈપણ કાર્યક્રમ નીસંકોચ તેઓના આશ્રમ ખાતે કરવા આમંત્રણ આપ્યું હતું.■

# મગફળીનો પણ રાહત પેકેજમાં સમાવેશ કરવા સાવરકુંડલાના પૂર્વ ધારાસભ્ય પ્રતાપ દૂધાતે માગ કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગત વર્ષે પડેલા વરસાદથી થયેલા નુકસાન માટે રાજ્ય સરકારે બે દિવસ પહેલા સહાય પેકેજ જાહેર કર્યું હતું. આ સહાય પેકેજમાં અમરેલી સહિત છ જિલ્લાનો સમાવેશ થતો હતો. અમરેલી જિલ્લા કોંગ્રેસ પ્રમુખ અને સાવરકુંડલાના પૂર્વ ધારાસભ્ય પ્રતાપ દુધાતે મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલને પત્ર લખ્યો હતો. તેમણે ઓક્ટોબર ૨૦૨૪માં થયેલા ભારે વરસાદથી મગફળીના પાકને થયેલા નુકસાન અંગે રજૂઆત કરી હતી.

દુધાતના જણાવ્યા મુજબ, જિલ્લામાં કપાસ અને મગફળી બંને પાકનું મોટા પ્રમાણમાં વાવેતર થયું હતું. ભારે વરસાદને કારણે મગફળીના પાથરા પાણીમાં પલળી ગયા હતા.■

# કાલસારી ગામમાં ગૌચરની જમીન ખાલી કરાવવા માલધારીઓ ઉપવાસ આંદોલન પર બેઠા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વિસાવદર તાલુકાના કાલસારી ગામના માલધારીઓ ગામની ૩૨૦૦ વીઘા ગૌચરની જમીનમાં દબાણો થયા હોવાના આક્ષેપ સાથે છેલ્લા ત્રણ દિવસથી ઉપવાસ આંદોલન પર બેઠા છે. માલધારીઓને તેમના ઢોર માટે ચરાવાનું પણ સ્થાન બચ્યું નથી. કાલસારી ગામમાં લગભગ ૩૦૦૦ થી ૩૨૦૦ વીઘા ગૌચર જમીન આવેલી છે, પરંતુ છેલ્લા ઘણાં વર્ષોથી રાજકીય દબદબા ધરાવતા કેટલાક ખેડૂતો અને આગેવાનો દ્વારા ગૌચર જમીન પર દબાણ કરી ખેતી કરવામાં આવી રહી છે.

સૂત્રોના કહેવા પ્રમાણે, સતત સરપંચ, તલાટી, મામલતદાર, પ્રાંત અધિકારી, ડીડીઓ, કલેક્ટર સૌને રજૂઆત કરી હતી. બે વર્ષ પહેલાં કલેક્ટરે ડીએલઆરને માપણી કરવા કહ્યું હતું, પરંતુ હજુ સુધી ગૌચરની માપણી પૂર્ણ થઈ નથી. જ્યાં માપણી થઈ પણ છે, ત્યાં હદ નિશાન નાખ્યા પછી ખેડૂતો દ્વારા ફરી હદ ફેરવી દેવામાં આવે છે અને ખેડાણ શરૂ કરી દેવામાં આવે છે.ગૌચરની જમીનમાંથી દબાણ દૂર કરવામાં આવે, નહીં તો અમારે અમારા ઢોર સાથે તાલુકા પંચાયત અને મામલતદાર કચેરીએ ઉગ્ર આંદોલન કરવું પડશે. ઉપવાસ પર બેઠેલા માલધારીઓનું કહેવું છે કે, તંત્ર દ્વારા વચન આપ્યા બાદ પણ ગૌચરની જમીન ખુલ્લી કરાવવામાં ટાળટું થાય છે. અમારે ઢોરને ચરાવવા પડે છે, અમારો ધંધો જ આ છે. ■